ગુજરાતનું વિશ્વનિય દૈનિક
# પાક્કો ગુજરાત
RNI NO. : GUJGUJ/2016/67425

17 APRIL, 2026 FRIDAY

પેજ 2

બિનહરીફ જાહેર કરવાના ગણિત સામે જનતાનો સવાલ: શું NOTA ને હરાવવો જરૂરી નથી?

પેજ 3

મેડીલીંક ઈન્સ્ટિ.ઓફ નર્સિંગ સાયન્સ કોલેજમાં ABVPનું ઉગ્ર વિરોધ પ્રદર્શન : પોસ્ટર ફાડ્યા

પેજ 7

એમસીએક્સ પર સોનાનો વાયદો રૂ.472 અને ચાંદીનો વાયદો રૂ.979 વધ્યો

પેજ 5

ધારાસભ્ય શૈલેષ મહેતાનું સાઠોદમાં ઘોડેસવારી સાથે ભવ્ય શક્તિ પ્રદર્શન

I Pakkogujarat/ I VOL : 12 I Issue : 32 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • MO : 9662420070 • E-Mail : pakkogujarat7@gmail.com

## હોર્મુઝમાં નાકાબંધી ચાલુ રહેશે તો લાલ સમુદ્ર, ઓમાન સાગર અને પર્શિયન ગલ્ફમાં વેપાર અટકાવીશું : ઈરાન

# ઈરાનની 3 સમુદ્રી રસ્તાઓ બંધ કરવાની ધમકી

## અમેરિકાએ સોમવારથી ઈરાની બંદરો પર સૈન્ય દ્વારા નાકાબંધી લાગુ કરી છે

ઈરાને વિશ્વના 3 મહત્વપૂર્ણ સમુદ્રી રસ્તાઓ બંધ કરવાની ધમકી આપી છે. તેણે જણાવ્યું છે કે જો અમેરિકા હોર્મુઝ અને તેના બંદરો પર નાકાબંધી ચાલુ રાખશે, તો તે રેડ સી, ઓમાન સાગર અને પર્સિયન ગલ્ફ (ફારસની ખાડી) માં સમુદ્રી વેપાર સંપૂર્ણપણે અટકાવી દેશે.

ઈરાની સેનાના સેન્ટ્રલ કમાન્ડ સેન્ટરના ચીફ અલી અબ્દોલ્લાહીએ જણાવ્યું કે, અમેરિકી પ્રતિબંધો અને ઈરાની જહાજો તેમજ ઓઈલ ટેન્કરોની સુરક્ષાને જોખમમાં મૂકવાના પ્રયાસો એ ઉશ્કેરણીજનક કાર્યવાહી છે. તેમણે ઉમેર્યું કે ઈરાન પોતાની સાર્વભૌમત્વ અને રાષ્ટ્રીય હિતોના રક્ષણ માટે નિર્ણાયક પગલાં લેશે.




અમેરિકાએ સોમવારથી ઈરાની બંદરો પર સૈન્ય દ્વારા નાકાબંધી લાગુ કરી છે. આ પગલું પાકિસ્તાનમાં અમેરિકા અને ઈરાન વચ્ચે આશરે 21 કલાક ચાલેલી વાતચીત નિષ્ફળ રહ્યા બાદ લેવામાં આવ્યું છે.

આ દરમિયાન, પાકિસ્તાનના આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનીર એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ સાથે તેહરાન પહોંચ્યા છે. આ પ્રતિનિધિમંડળ અમેરિકાનો સંદેશ લઈને આવ્યું છે અને અમેરિકા-ઈરાન વચ્ચે બીજા રાઉન્ડની વાતચીત અંગે ચર્ચા કરશે. અહેવાલો અનુસાર, વાતચીતના બીજા રાઉન્ડનો સમય હજુ નક્કી થયો નથી.

આ દરમિયાન, અમેરિકી પ્રતિબંધોનો સામનો કરી રહેલું ચીની ટેન્કર 'રિચ સ્ટેરી' બુધવારે ફરી એકવાર હોર્મુઝમાં અમેરિકી નાકાબંધી તોડી શક્યું નહીં. આ ટેન્કર સંયુક્ત આરબ અમીરાતના હમરિયાહ પોર્ટથી રવાના થયું હતું. ત્યાંથી તેમાં આશરે 2.5 લાખ બેરલ મેથેનોલ લોડ કરવામાં આવ્યું હતું.

લેબનાને ઈઝરાયલના હવાઈ હુમલાઓને લઈને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ફરિયાદ નોંધાવી છે. સરકારે આ હુમલાઓને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન ગણાવ્યું છે.

લેબનાનના વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, 8 એપ્રિલે ઈઝરાયલે દેશભરમાં 100થી વધુ હવાઈ હુમલા કર્યા હતા. જેમાં રાજધાની બેરૂતના ગીચ વસ્તી ધરાવતા રહેણાંક વિસ્તારોને કોઈપણ ચેતવણી આપ્યા વગર નિશાન બનાવવામાં આવ્યા હતા.

મંત્રાલયે કહ્યું કે આ હુમલાઓ આંતરરાષ્ટ્રીય કાયદાના સિદ્ધાંતોનું ઉલ્લંઘન છે.

સરકારના જણાવ્યા મુજબ, આ હુમલાઓમાં 303 લોકોના મોત થયા છે, જેમાં 30 બાળકો અને 71 મહિલાઓનો સમાવેશ થાય છે. જ્યારે 1,150 થી વધુ લોકો ઘાયલ થયા છે.

તેહરાનમાં ઈરાન અને પાકિસ્તાની પ્રતિનિધિમંડળ વચ્ચે ઉચ્ચસ્તરીય બેઠક ચાલી રહી છે. આ વાતચીત અમેરિકા-ઈરાન વાર્તાને આગળ વધારવાના પ્રયાસોનો ભાગ માનવામાં આવી રહી છે.

પાકિસ્તાનના આર્મી ચીફ અસીમ મુનીર આ પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી રહ્યા છે અને વરિષ્ઠ અધિકારીઓ સાથે તેહરાન પહોંચ્યા છે.

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી દ્વારા ટેલિગ્રામ પર પાકિસ્તાની પ્રતિનિધિમંડળ સાથેની મુલાકાતનો વીડિયો શેર કરવામાં આવ્યો છે.

ઈરાનના પરમાણુ કાર્યક્રમને લઈને અમેરિકા સાથે ચાલી રહેલી વાતચીતમાં પ્રગતિ થઈ છે. રિપોર્ટ અનુસાર, તાજેતરના રાજદ્વારી પ્રયાસો પછી બંને પક્ષો એક સમજૂતીની દિશામાં આગળ વધી રહ્યા છે.

પાકિસ્તાનના આર્મી ચીફ અસીમ મુનીરનો તેહરાન પ્રવાસ પણ આ જ કડીનો એક ભાગ છે, જ્યાં તેઓ અમેરિકાનો સંદેશ લઈને પહોંચ્યા છે.

અમેરિકા અને ઈરાન વચ્ચે બેકચેનલ સંપર્ક ચાલુ છે અને ડ્રાફ્ટ પ્રસ્તાવો પર કામ થઈ રહ્યું છે. રિપોર્ટ અનુસાર, અમેરિકી હુમલાઓ પછી ઈરાનની પરમાણુ ક્ષમતા પ્રભાવિત થઈ છે, જેનાથી વાતચીતને ગતિ મળી છે.

જોકે, સમજૂતીની દિશામાં પ્રગતિ છતાં બંને પક્ષો વચ્ચે મતભેદ હજુ પણ યથાવત છે અને કેટલાક પક્ષો તેનો વિરોધ કરી રહ્યા છે.

ઈઝરાયલી સેના પ્રમુખ એયાલ ઝામીરે કહ્યું છે કે સેનાએ લેબનોન અને ઈરાનમાં હુમલા ચાલુ રાખવાની યોજનાને મંજૂરી આપી દીધી છે.

ઝામીરે કહ્યું કે ઈઝરાયલે અમેરિકી સેના સાથે મળીને ઈરાન પર સખત પ્રહાર કર્યો, તેની સંરક્ષણ ક્ષમતાઓને નબળી પાડી અને તેને નુકસાન પહોંચાડ્યું.

તેમણે કહ્યું કે હવે ઈરાનને પરમાણુ મુદ્દા, હોર્મુઝ અને અન્ય બાબતોમાં કોઈ પણ સિદ્ધિ પ્રાપ્ત કરવા દેવામાં આવશે નહીં.

## ભારતને રશિયન તેલ પર અમેરિકાની છૂટ નહીં મળે:US ટ્રેઝરી સેક્રેટરીએ કહ્યું- જનરલ લાઈસન્સ રિન્યુ નહીં થાય

### ઈરાન પાસેથી તેલ ખરીદી પર આપવામાં આવતી છૂટને રોકવાનો નિર્ણય કર્યો છે

અમેરિકાએ રશિયા અને ઈરાન પાસેથી તેલ ખરીદી પર આપવામાં આવતી છૂટને રોકવાનો નિર્ણય કર્યો છે. અમેરિકી ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટે બુધવારે જણાવ્યું હતું કે અમે રશિયન તેલ પર આપવામાં આવેલી છૂટને રિન્યુ નહીં કરીએ. આ પહેલા મંગળવારે જ ટ્રેઝરી ડિપાર્ટમેન્ટે ઈરાની તેલ પર મળતી છૂટ પર પણ રોક લગાવી દીધી હતી.

વ્હાઈટ હાઉસની પ્રેસ બ્રીફિંગ દરમિયાન પત્રકારો સાથે વાત કરતા બેસેન્ટે જણાવ્યું હતું કે અમે રશિયન અને ઈરાની તેલ પર દેશોને મળી રહેલા જનરલ લાઈસન્સને રિન્યુ નહીં કરીએ. તેમણે કહ્યું કે આ છૂટ તે તેલના જથ્થા માટે હતી જે 11 માર્ચ પહેલા સમુદ્રમાં હતો અને તેનો ઉપયોગ થઈ ચૂક્યો છે. આવી સ્થિતિમાં, આગળ કોઈ પણ દેશને આ રાહત મળશે નહીં.



અમેરિકાએ 5 માર્ચે ભારતને 30 દિવસની વિશેષ છૂટ આપી હતી, જેના પછી ભારત યુક્રેન યુદ્ધને કારણે લાગેલા પ્રતિબંધો છતાં રશિયા પાસેથી તેલ ખરીદી રહ્યું હતું. આ છૂટ પછીથી કેટલાક અન્ય દેશોને પણ આપવામાં આવી હતી અને 11 એપ્રિલે સમાપ્ત થઈ ગઈ.

માર્ચમાં અમેરિકા-ઈઝરાયલની ઈરાન સાથે ચાલી રહેલી જંગને કારણે વિશ્વભરમાં ક્રૂડ ઓઈલની કિંમતો વધીને 100 ડોલરને પાર કરી ગઈ હતી. તેને કાબૂમાં લેવા માટે ટ્રમ્પ પ્રશાસને અન્ય દેશોને પણ રશિયા પાસેથી તેલ ખરીદવાની કામચલાઉ મંજૂરી આપી હતી. રશિયાના ઘણા ઓઈલ ટેન્કર સમુદ્રમાં ફસાયેલા છે.

## ન્યૂઝ બ્રિફ

### મમતાએ કહ્યું-દિલ્હીના જમીનદારોને જડબાતોડ જવાબ આપો:અમિત શાહે કહ્યું- ઘૂસણખોરોને મતદાર યાદીમાંથી હટાવ્યા

• નવી દિલ્હી

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ બુધવારે બંગાળી નવા વર્ષના અવસરે લોકોને 'પોઈલા બોઈશાખ'ની શુભેચ્છાઓ પાઠવી હતી અને મતદારોને કહ્યું હતું કે તેઓ દિલ્હીના જમીનદારો દ્વારા લોકોના મતદાનના અધિકાર છીનવી લેવાના પ્રયાસોનો જડબાતોડ જવાબ આપે.તેમજ, કૂચબિહાર જિલ્લાના તુફાનગંજમાં એક સભાને સંબોધતા ગૃહમંત્રી અમિત શાહે કહ્યું- મતદાર યાદીમાંથી ઘૂસણખોરોના નામ હટાવવામાં આવ્યા છે, હવે તેમને દેશની બહાર કરવામાં કાઢી મુકવામાં આવશે.તેમણે આરોપ લગાવ્યો કે મમતા બેનર્જી સરકાર બોર્ડર ફેન્સિંગ માટે જરૂરી 600 એકર જમીન BSFને આપવા માંગતી નથી.

### ચીને ઈરાનને મિસાઈલ બનાવવાની ટેકનિક આપી, અમેરિકાએ પ્રતિબંધ લગાવ્યો તો છુપાઈને મદદ પહોંચાડી

• બીજિંગ / તેહરાન

છેલ્લા લગભગ બે દાયકાથી ચીન અને ઈરાનના સંબંધોમાં સંતુલન જળવાઈ રહ્યું હતું. ચીન, ઈરાનને સીધા હથિયારો વેચવાને બદલે પરોક્ષ રીતે મદદ કરતું રહ્યું.

યુદ્ધ શરૂ થયા પછી અમેરિકી અધિકારીઓનું ધ્યાન ફરીથી આના પર ગયું છે. ગુપ્તચર એજન્સીઓ તપાસ કરી રહી છે કે શું ચીને ઈરાનને ખભા પર રાખીને છોડવામાં આવતી મિસાઈલો મોકલી છે.

અમેરિકી અધિકારીઓ અનુસાર હજુ સુધી પુરાવા પાકા નથી. જો આ સાચું નીકળ્યું, તો મિડલ ઈસ્ટમાં ચીનની રણનીતિમાં મોટો બદલાવ માનવામાં આવશે.

અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું છે કે જો આ સાચું સાબિત થાય છે તો ચીનથી આવતા સામાન પર 50% વધારાનો ટેરિફ લગાવવામાં આવશે.

### કરંટ લાગતા યુવક જીવતો સળગી ગયો : રિસોર્ટમાંથી વાંદરા ભગાડી રહ્યો હતો; હાઈટેન્શન લાઇન સાથે પાઇપ અથડાયો અને મોત મળ્યું

• ખજુરાહો

મધ્યપ્રદેશના ખજુરાહો રેલવે સ્ટેશન પાસે આવેલા 'ધ ખજુરાહો હેરિટેજ રિસોર્ટ'માં એક કર્મચારીનું કરંટ લાગવાથી મૃત્યુ થયું. આ ઘટના મંગળવારે સાંજે 6 વાગ્યે છત પરથી વાંદરા ભગાડતી વખતે બની હતી. ઘટનાનો વીડિયો બુધવારે સામે આવ્યો છે.

મૃતકની ઓળખ ખજુરાહો નિવાસી રિંકુ રૈકવાર તરીકે થઈ. તેણે પાંચ દિવસ પહેલા જ હોટલમાં કામ શરૂ કર્યું હતું. વીડિયોમાં હોટલ કર્મચારી રિંકુ રૈકવાર રિસોર્ટમાંથી નીકળીને આસપાસ જુએ છે. તેને છત પર વાંદરા દેખાય છે. તે દીવાલ પાસે રાખેલો લગભગ 15 ફૂટ ઊંચો લોખંડનો પાઈપ ઉઠાવે છે. તે બે વાર પાઈપને જમીન પર પછાડે છે. ત્યારબાદ તે પાઈપ ઊભો કરી દે છે. થોડીવાર પછી તે પાછળની તરફ ચાલવા લાગે છે.

## ફેક વીડિયોના જોરે કરોડોની ઉઘરાણી કરતી હાર્દિક હુડિયા અને જગત પારેખની ગેંગ બેનકાબ

## પાક્કો ગુજરાત વિશેષ: આસ્થાના નામે ઉઘાડી લૂંટ!

# જૈન સમાજની આસ્થા પર 'હનીટ્રેપ'નું ગ્રહણ! પ્રતિષ્ઠા મહોત્સવને રોકવા ખંડણીખોરોનું આંતરરાષ્ટ્રીય ષડયંત્ર

### ગ્રુપ એડિટર પવન માકનને ધમકી આપનાર 'કથિત પત્રકાર'નો અસલી ચહેરો જુઓ | ચૂંટણી ટાણે જૈન સમાજમાં ભારે આક્રોશ

• સુરત

સુરત: સુરતના પોશ ગણાતા વેસુ વિસ્તારમાં આગામી 23 એપ્રિલ 2026 ના રોજ શ્રી અભય પાર્શ્વનાથ ભગવાન જિનાલયનો ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ યોજાવા જઈ રહ્યો છે. આ પવિત્ર અવસર પર ભક્તિના બદલે ભય ફેલાવવાનું પાપી કામ એક હલકી માનસિકતા ધરાવતી ટોળકી કરી રહી છે. 'પાક્કો ગુજરાત' ના હાથમાં આવેલા દસ્તાવેજો અને સૂત્રો મુજબ, આ આખા મહોત્સવને નિશાન બનાવીને કરોડો રૂપિયાની ખંડણી વસૂલવાનું મોટું કાવતરું રચવામાં આવ્યું છે.

[ષડયંત્રની મોડસ ઓપરેન્ડી: જૂના વીડિયો, નવો ખેલ]

જૈન મુનિઓની છબી ખરડાવવા માટે આ ગેંગ દોઢ વર્ષ જૂના, એડિટ કરેલા અને જે તપાસમાં પહેલેથી જ 'ફેક' સાબિત થઈ ચૂક્યા છે તેવા વીડિયોનો સહારો લઈ રહી છે. પ્રતિષ્ઠા મહોત્સવ પહેલા આ વીડિયો સોશિયલ




મીડિયા પર વાયરલ કરવાની ધમકી આપીને ટ્રસ્ટીઓ અને શ્રાવકો પાસેથી કરોડોની રકમ માંગવામાં આવી રહી છે.

[કોણ છે આ કાવતરાના સૂત્રધાર?]

આ કાળા કારોબારમાં બે મુખ્ય નામ ઉછળ્યા છે:

1. હાર્દિક હુડિયા (મુંબઈ): પત્રકારત્વના ઓઠા હેઠળ આ શખ્સ બ્લેકમેલિંગનું નેટવર્ક ચલાવે છે. જૈન સમાજમાં રહીને જ ધર્મગુરુઓના ચરિત્ર હનનનો પ્રયાસ કરી રહ્યો છે.

2. જગત પારેખ (અમદાવાદ): ગુનાહિત ઈતિહાસ ધરાવતો આ શખ્સ અગાઉ પણ અનેક પોલીસ કેસમાં સંડોવાયેલો છે.

આ જોડીએ માત્ર ટ્રસ્ટીઓને જ નહીં, પણ સુરત ડાયમંડ એસોસિએશન જેવી સંસ્થાઓને પણ આ મહોત્સવથી દૂર રહેવા ડરાવવાનો પ્રયાસ કર્યો છે. એટલું જ નહીં, સુરત મહાનગરપાલિકામાં જિનાલય વિરુદ્ધ ખોટી અરજીઓ કરી કાયદાકીય અડચણો ઉભી કરવાનું પણ આયોજન કર્યું છે.

[પવન માકનને ધમકી: સત્ય દબાવવાની નાપાક કોશિશ]

જ્યારે આ સમાચારનો પર્દાફાશ થયો, ત્યારે ગભરાયેલા હાર્દિક હુડિયાએ મહાનગર મેટ્રોના ગ્રુપ એડિટર પવન માકનને ફોન અને મેસેજ કરીને સમાચાર ન છાપવા ધમકી આપી હતી. પરંતુ, સત્યના પક્ષે ઉભેલા પત્રકારો આવી ગીદડ ભભકીથી ડરતા નથી. 'પાક્કો ગુજરાત' આ હિંમતને બિરદાવે છે અને આ લડાઈમાં ખભેખભા મિલાવીને ઉભું છે.

[ચૂંટણીમાં ઉઠશે વિરોધનો સૂર]

ગુજરાતમાં ચૂંટણીનો માહોલ ગરમાયેલો છે ત્યારે શાંત ગણાતા જૈન સમાજમાં આ ઘટનાને લઈ ભારે રોષ છે. જો તંત્ર આ બ્લેકમેલરો સામે કડક પગલાં નહીં ભરે, તો તેની સીધી અસર આગામી ચૂંટણીના પરિણામો પર જોવા મળી શકે છે. સમાજે હવે આવા 'આસ્તીન ના સાપ' ને ઓળખી તેમનો સામાજિક બહિષ્કાર કરવાનું નક્કી કર્યું છે.

[પાક્કો ગુજરાતની માંગ]

* પોલીસ કમિશનરને અપીલ: હાર્દિક હુડિયા અને જગત પારેખની તાત્કાલિક ધરપકડ કરી તેમનું આખું નેટવર્ક તોડવામાં આવે.

* જૈન સમાજને હાકલ: ધર્મની રક્ષા કાજે એકજુથ થાઓ અને આવા નકલી ચેહરાઓથી ગભરાયા વગર મહોત્સવની ઉજવણી કરો.

'ધર્મ અને શ્રદ્ધા સાથે ખીલવાડ કરનારા બ્લેકમેલરો માટે જેલના દરવાજા ખુલ્લા છે. પાક્કો ગુજરાત સત્ય સાથે ક્યારેય સમાધાન નહીં કરે.'

—ડેસ્ક રિપોર્ટ, પાક્કો ગુજરાત

## અખિલેશે કહ્યું- મુસ્લિમ મહિલાઓને પણ અનામત મળે; શાહે કહ્યું- તમે તેમને બધી જ ટિકિટ આપી દો

• નવી દિલ્હી

મહિલા અનામત કાયદામાં સુધારો કરતા ત્રણ બિલ સંસદમાં રજૂ કરવામાં આવ્યા. આ બિલોમાં 2029થી લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે 33% અનામતનો પ્રસ્તાવ છે. આ હેતુ માટે ત્રણ દિવસનું ખાસ સત્ર બોલાવવામાં આવ્યું છે. આજે પહેલો દિવસ છે.

ગૃહની બેઠક મળતાની સાથે જ વિપક્ષે સીમાંકન બિલનો વિરોધ કર્યો. કોંગ્રેસના સાંસદ કેસી વેણુગોપાલે કહ્યું કે સરકાર બંધારણ હાઈજેક કરી રહી છે. ડીએમકેના સાંસદો કાળા કપડા પહેરીને ગૃહમાં પહોંચ્યા હતા. લોકસભામાં ભાજપ વતી કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલ ચર્ચા શરૂ કરશે. ભાજપના સંસદસભ્યોમાં બાંસુરી સ્વરાજ, રક્ષા ખડસે, અપરાજિતા સારંગી, કંગના રનૌત અને ધર્મશિલા ગુપ્તા હશે. પીએમ મોદી આજે બપોરે 3 વાગે લોકસભામાં બોલે તેવી શક્યતા છે.

સુધારા બિલમાં લોકસભા સાંસદોની સંખ્યા 850 કરવાનો પ્રસ્તાવ છે. વર્તમાન સંખ્યા 543 છે. રાજ્યોમાં 815 અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 35 સુધી બેઠકો હશે. બેઠકોની ચોક્કસ સંખ્યા નક્કી કરવા માટે સીમાંકન પણ કરવામાં આવશે. 273 બેઠકો મહિલાઓ માટે અનામત રહેશે.

બિલ પર 16, 17 અને 18 એપ્રિલે ચર્ચા થશે. પહેલા 2 દિવસ લોકસભામાં 18 કલાક ચર્ચા માટે નક્કી કરવામાં આવ્યા છે. જ્યારે રાજ્યસભામાં 10 કલાક સુધી સુધારા બિલ પર ચર્ચા થશે. ભાજપ, કોંગ્રેસ સહિત તમામ પક્ષોએ પોતાના સાંસદોને સંસદમાં હાજર રહેવા માટે વ્હીપ પણ જારી કર્યો છે.

## છત્તીસગઢ પાવર પ્લાન્ટ દુર્ઘટના: અત્યાર સુધીમાં 19નાં મોત:36 લોકો દાઝી ગયા

• શક્તિ

છત્તીસગઢના સક્તિ જિલ્લામાં વેદાંતા પાવર પ્લાન્ટ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં 19 લોકોના મોત થયા છે. 4 લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે 6 લોકોના રાયગઢ મેડિકલ કોલેજમાં, 5 લોકોના જિલ્લા હોસ્પિટલ રાયગઢમાં અને 2 લોકોના રાયપુરની કાલડા હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયા હતા. મંગળવારે બપોરે પ્લાન્ટમાં બોઈલર ફાટ્યું હતું.

આ દુર્ઘટનામાં કુલ 36 લોકો દાઝી ગયા છે, 18 ઘાયલોની અલગ-અલગ હોસ્પિટલોમાં સારવાર ચાલી રહી છે. હાલમાં 4 મૃતકોની ઓળખ ઠંડારામ અને પપ્પુ કુમાર અને અમૃત લાલ પટેલ (50) અને યુપીના બ્રિજેશ કુમાર તરીકે થઈ છે. બાકીનાની ઓળખ કરવામાં આવી રહી છે.

દુર્ઘટના બાદ પ્લાન્ટની બહાર મજૂરોના પરિજનોએ હોબાળો મચાવ્યો હતો. તેમણે મેનેજમેન્ટ સામે કાર્યવાહી અને વળતરની માગ કરી હતી. કેટલાક મજૂરો ગુમ છે. પરિજનોનું કહેવું છે કે મેનેજમેન્ટ કોઈ માહિતી આપી રહ્યું નથી. જ્યારે કલેક્ટર અમૃત વિકાસ તોપનોએ મેજિસ્ટ્રિયલ તપાસના આદેશ આપ્યા છે.

વેદાંતા મેનેજમેન્ટે મૃતકના પરિવારજનોને 35-35 લાખ રૂપિયાની સહાય અને નોકરી આપવાની જાહેરાત કરી છે. ઈજાગ્રસ્તોને 15-15 લાખ રૂપિયા આપવામાં આવશે. આ પહેલા PMOએ વળતરની જાહેરાત કરી હતી.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# લોકશાહીમાં બિનહરીફ જીત:જનતાનો અધિકાર કે લોકશાહીની મજાક?

## આપણી ચૂંટણી પ્રણાલીમાં NOTA (None of the Above) એક કાયદેસરનો વિકલ્પ છે

• ખાસ લેખ - પાક્કો ગુજરાત

ભારત દુનિયાની સૌથી મોટી લોકશાહી છે, જ્યાં ચૂંટણીને 'લોકશાહીના પર્વ' તરીકે ઉજવવામાં આવે છે. પરંતુ, તાજેતરમાં વધતા 'બિનહરીફ' (Uncontested) ઉમેદવારો જાહેર થવાના ટ્રેન્ડે એક મોટો સવાલ ઊભો કર્યો છે: શું માત્ર એક જ ઉમેદવાર હોવાથી તેને વિજેતા જાહેર કરી દેવો એ જનતાના મતાધિકારનું અપમાન નથી? શું આપણે જનતા પાસેથી 'નાપસંદ' કરવાનો અધિકાર છીનવી રહ્યા છીએ?

૧. ચૂંટણી એટલે 'પસંદગી', 'પસંદગી' એટલે 'વિકલ્પ'

લોકશાહીનો પાયો જ 'વિકલ્પ' પર ટકેલો છે. જ્યારે કોઈ બેઠક પર એક જ ઉમેદવાર બાકી રહે અને તેને વોટિંગ વગર જ વિજેતા જાહેર કરવામાં આવે, ત્યારે તે વિસ્તારના લાખો મતદારોનો મતાધિકાર મરી જાય છે. ચૂંટણીનો અર્થ માત્ર બે વ્યક્તિઓ વચ્ચેની હરીફાઈ નથી, પણ જનતાની સાચી સંમતિ જાણવાનો છે. જો જનતાને એ ઉમેદવાર નથી જોઈતો, તો તેને ના કહેવાની તક મળવી જ જોઈએ.

૨. NOTA: એક મજબૂત પણ ઉપેક્ષિત હથિયાર

આપણી ચૂંટણી પ્રણાલીમાં NOTA (None of the Above) એક કાયદેસરનો વિકલ્પ છે.

* નવો પ્રસ્તાવ: ભલે મેદાનમાં એક જ ઉમેદવાર હોય, તેમ છતાં EVM મશીન ખૂલવું જોઈએ અને મતદાન થવું જોઈએ.

* જનતા પાસે એ અધિકાર હોવો જોઈએ કે તેઓ એકમાત્ર ઉમેદવારને સ્વીકારે છે કે NOTA દબાવીને પોતાનો અસંતોષ વ્યક્ત કરે છે.

૩. 'નકારવાનો અધિકાર' (Right to Reject)

જો મતદાન થાય અને એકમાત્ર ઉમેદવાર કરતાં NOTA ને વધુ મત મળે, તો તેવી બિનહરીફ જીતને તાત્કાલિક રદ કરવી જોઈએ. અત્યારે પરિસ્થિતિ એવી છે કે જો વિરોધ પક્ષના ઉમેદવારનું ફોર્મ રદ થાય કે તે ખેંચી લે, તો જનતાની રાય લીધા વગર જ પરિણામ જાહેર થઈ જાય છે.

૪. સુધારાની તાતી જરૂરિયાત

ચૂંટણી પંચ અને ન્યાયતંત્રએ હવે ગંભીરતાથી વિચારવું પડશે.

# અસલાલી પાન મસાલા ચોરીનો ભેદ ઉકેલાયો, મહારાષ્ટ્રથી 2 આરોપીની ધરપકડ, 6 હજુ ફરાર

અમદાવાદ : અમદાવાદ ગ્રામ્યમાં આવેલા અસલાલીમાં થોડાક દિવસ પહેલા એક ગોડાઉનમાંથી 42.99 લાખ રૂપિયાના પાન મસાલાની થોડાક દિવસ પહેલા ચોરી થઈ હતી. જે બાદ ચોરીનો ભેદ ઉકેલવામાં પોલીસને મોટી સફળતા મળી છે. ગુનાની તપાસ માટે બનાવવામાં આવેલી અલગ-અલગ ટીમોએ ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન સોર્સની મદદથી ચોરની ટોળકીને ઝડપી પાડી છે. મહત્વનું છે કે, મહારાષ્ટ્રના ભિવંડીથી પોલીસે બે આરોપીની ધરપકડ કરી છે અને 6 આરોપી હજુ ફરાર છે, જેને પકડવા પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે.આ ઘટનામાં આરોપીઓએ ગોડાઉનમાંથી પાન મસાલાની ચોરી કરવા માટે એક ગાડીનો ઉપયોગ કર્યો હતો.

NOTA

ચૂંટણીમાં 'ખેલ' કે લોકશાહીનો 'સેલ'?

# બિનહરીફ જાહેર કરવાના ગણિત સામે જનતાનો સવાલ: શું NOTA ને હરાવવો જરૂરી નથી?

## લોકશાહીનો ઉત્સવ: મતદારને મતદાન મથક સુધી જવાનો અને પોતાની નારાજગી વ્યક્ત કરવાનો મોકો મળવો જ જોઈએ

• અમદાવાદ | પાક્કો ગુજરાત રિપોર્ટ

ગુજરાતના રાજકારણમાં હાલ 'બિનહરીફ' થવાનો ટ્રેન્ડ જોર પકડ્યો છે. ફોર્મ પાછા ખેંચાય, ઉમેદવારી રદ થાય અને અંતે મેદાનમાં માત્ર એક જ મહારથી વધે એટલે વિજયનું તિલક લગાવી દેવામાં આવે. પણ શું આ સાચી લોકશાહી છે? સામાન્ય જનતાના મનમાં અત્યારે એક જ સવાલ ઘૂમરાઈ રહ્યો છે: "જો ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM) માં NOTA (None of the Above) નું બટન હોય, તો એકમાત્ર ઉમેદવારે પણ જનતાની અદાલતમાં જઈને NOTA થી વધુ મત મેળવવા જોઈએ કે નહીં?"

શું કહે છે જનતાનો તર્ક?

લોકશાહીમાં મત આપવો એ નાગરિકનો અધિકાર છે. જ્યારે કોઈ ઉમેદવાર બિનહરીફ જાહેર થાય છે, ત્યારે મતદારો પાસેથી તેમનો 'નાપસંદગી' (Reject) કરવાનો અધિકાર છીનવાઈ જાય છે.

* સવાલ 1: જો જનતાને મેદાનમાં રહેલો એકમાત્ર ઉમેદવાર પસંદ જ ન હોય તો?

* સવાલ 2: શું માત્ર હરીફ ન હોવો એ જ જીતવાની લાયકાત છે?

* સવાલ 3: શું NOTA ને પણ એક 'ઉમેદવાર' ગણીને તેની સામે ચૂંટણી ન યોજવી જોઈએ?




ચૂંટણી પંચના હાથ કેમ બંધાયેલા છે?

વર્તમાન કાયદા મુજબ, Representation of the People Act, 1951 ની કલમ 53(2) કહે છે કે જો ચૂંટણીમાં બેઠકની સંખ્યા જેટલા જ ઉમેદવારો બાકી રહે, તો રિટર્નિંગ ઓફિસર તેમને બિનહરીફ વિજેતા જાહેર કરી શકે છે.

કડવી વાસ્તવિકતા: અત્યારે NOTA માત્ર એક 'સાંકેતિક' વિરોધ છે. સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ, જો NOTA ને સૌથી વધુ વોટ મળે તો પણ બીજા ક્રમે આવતા (જીવંત ઉમેદવાર) ને વિજેતા જાહેર કરવામાં આવે છે. એટલે કે, NOTA હાલમાં કોઈ ઉમેદવારને હરાવી શકતું નથી, માત્ર અરીસો બતાવી શકે છે.

સુધારાની જરૂરત: 'રાઈટ ટુ રિજેક્ટ'

જો ખરેખર લોકશાહીને જીવંત રાખવી હોય, તો નિષ્ણાતો માને છે કે નીચે મુજબના ફેરફારો અનિવાર્ય છે:

1. બિનહરીફ પ્રક્રિયા બંધ થાય: ભલે એક જ ઉમેદવાર હોય, મતદાન થવું જોઈએ.

2. NOTA નો પાવર: જો NOTA ને ઉમેદવાર કરતા વધુ મત મળે, તો એ ચૂંટણી રદ થવી જોઈએ અને ફરીથી ચૂંટણી યોજાવી જોઈએ (જેમાં જૂના ઉમેદવારોને ફરી ઉભા રહેવા ન દેવા જોઈએ).

3. લોકશાહીનો ઉત્સવ: મતદારને મતદાન મથક સુધી જવાનો અને પોતાની નારાજગી વ્યક્ત કરવાનો મોકો મળવો જ જોઈએ.

પાક્કો ગુજરાત પંચ:

સત્તાના સેટિંગ અને રાજકીય કાવાદાવા વચ્ચે જ્યારે ઉમેદવારો મેદાન છોડી દે છે, ત્યારે હાર તો લોકશાહીની જ થાય છે. જો જનતા પાસે 'ના' કહેવાનો અધિકાર છીનવાઈ જશે, તો 'હા' ની કિંમત શું રહેશે? ચૂંટણી પંચે હવે વિચારવાનો સમય પાકી ગયો છે કે શું NOTA ને માત્ર એક બટન જ રાખવું છે કે પછી જનતાનું બ્રહ્માસ્ત્ર બનાવવું છે!તમારું શું માનવું છે? શું બિનહરીફ વિજેતાની પરંપરા લોકશાહી માટે ખતરો છે?

## રાજકારણ હવે 'સેવા' મટીને 'શેરબજાર' જેવું થઈ ગયું છે

# ચૂંટણી છે કે વેપાર? મેન્ડેટ વેચનારાઓ માટે હવે ૨૫-૫૦ લાખની ડિપોઝિટનો પ્રસ્તાવ!

પ્રસ્તાવ!

## શરમ તો એ વાતની છે કે મતદારોને લાઈનમાં ઉભા રાખનારા નેતાઓ પોતે 'બેકડોર' થી વેચાઈ રહ્યા છે!

• વિશેષ લેખ - પાક્કો ગુજરાત

અમદાવાદ: ગુજરાતના રાજકારણમાં અત્યારે એક નવો અને ખતરનાક ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે - 'મેન્ડેટ લો, વેચાઈ જાઓ અને ફોર્મ પરત ખેંચો'. વિપક્ષના ઉમેદવારો જે રીતે એક પછી એક મેદાન છોડી રહ્યા છે, તે જોઈને જનતામાં ભારે રોષ છે. આ પરિસ્થિતિને જોતા હવે એક એવી માંગ ઉઠી રહી છે કે, શું ચૂંટણી લડવા માટે પક્ષના મેન્ડેટ સાથે ૨૫ થી ૫૦ લાખની 'રીફન્ડેબલ ફી' રાખવી જોઈએ? જો ઉમેદવાર ચૂંટણી લડે તો જ પૈસા પાછા, બાકી રકમ જપ્ત!

૧. નીલિમા શાહનો તર્ક: લોકશાહીની સુરક્ષા કે આર્થિક દંડ?

ચર્ચા મુજબ, નીલિમા શાહનું માનવું છે કે અત્યારે ઉમેદવારો મેન્ડેટ




મેળવીને અંતિમ ઘડીએ સેટલમેન્ટ કરી લે છે, જેનાથી મતદારોના વિશ્વાસની હત્યા થાય છે. જો પક્ષ દ્વારા ઉમેદવાર પાસેથી મોટી રકમ ડિપોઝિટ તરીકે રાખવામાં આવે, તો તે છેલ્લી ઘડીએ ફોર્મ પરત ખેંચતા પહેલા ૧૦૦ વાર વિચારશે. આ પદ્ધતિથી 'રાજકીય સોદાબાજી' પર લગામ લગાવી શકાય તેમ છે.

૨. ઉમેદવારો વેચાય છે, પણ કિંમત લોકશાહી ચૂકવે છે

જ્યારે કોઈ ઉમેદવાર ફોર્મ પરત ખેંચે છે ત્યારે માત્ર એક વ્યક્તિ મેદાનમાંથી હટતી નથી, પણ હજારો મતદારોનો 'વિકલ્પ' છીનવાઈ જાય છે. ચૂંટણી લડવી એ મજાક નથી, પણ જો તેને કમાણીનું સાધન બનાવવામાં આવે, તો આવા આકરા નિયમો લાવવા અનિવાર્ય બની જાય છે. શું રાજકીય પક્ષો પોતાના 'ગદ્દાર' ઉમેદવારોને રોકવા માટે આ હિંમત બતાવશે?

૩. અમારો અભિપ્રાય: ઉપાય કે આડઅસર?

વ્યક્તિગત રીતે જોઈએ તો, આ પ્રસ્તાવ પાછળની ભાવના શુદ્ધ છે–રાજકીય નૈતિકતા જાળવવી. જો કે, તેના બે પાસા છે:* હકારાત્મક: આનાથી માત્ર ગંભીર અને વફાદાર ઉમેદવારો જ મેદાનમાં આવશે. 'વેચાઈ જવાની' માનસિકતા ધરાવનારાઓ દૂર રહેશે.* નકારાત્મક: લોકશાહીમાં ચૂંટણી લડવી એ નાણાકીય શક્તિ પર નિર્ભર ન હોવી જોઈએ. જો ફી આટલી ઊંચી હોય, તો મધ્યમ વર્ગનો કે ગરીબ પણ પ્રામાણિક કાર્યકર ક્યારેય મેન્ડેટ માંગી નહીં શકે.

* પાક્કો ગુજરાતનો કટાક્ષ:

રાજકારણ હવે 'સેવા' મટીને 'શેરબજાર' જેવું થઈ ગયું છે, જ્યાં ઉમેદવારોના ભાવ બોલાય છે. જો મેન્ડેટ આપવાના પૈસા લેવા પડે, તો સમજવું કે લોકશાહી હવે 'વેન્ટિલેટર' પર છે. શરમ તો એ વાતની છે કે મતદારોને લાઈનમાં ઉભા રાખનારા નેતાઓ પોતે 'બેકડોર' થી વેચાઈ રહ્યા છે!

તમને શું લાગે છે? શું ખરેખર આવી 'સિક્યોરિટી ડિપોઝિટ' રાખવાથી નેતાઓની ગદ્દારી અટકશે?

-પાક્કો ગુજરાત બ્યુરો

સાચું બોલશે, પાક્કું બોલશે.

# સંસદનું ૩ દિવસનું 'સ્પેશિયલ એક્શન': મહિલા અનામત મુદ્દે ગિરિરાજ સિંહની વિપક્ષને ખુલ્લી ચેતવણી!

## ડિલિમિટેશન અંગે તેમણે ખાતરી આપી કે કોઈ પણ રાજ્ય સાથે અન્યાય કે ભેદભાવ કરવામાં આવશે નહી

• ખાસ અહેવાલ - પાક્કો ગુજરાત

નવી દિલ્હી: આજથી સંસદનું ત્રણ દિવસનું વિશેષ સત્ર શરૂ થઈ રહ્યું છે, જે ભારતીય રાજનીતિના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે અથવા વિવાદોનું કેન્દ્ર બનશે. કેન્દ્ર સરકાર આ સત્રમાં એવા ત્રણ મોટા બિલ લાવી રહી છે જે દેશના ચૂંટણી માળખા અને રિપ્રેઝન્ટેશન સિસ્ટમનો ચહેરો બદલી નાખશે. ખાસ કરીને મહિલા અનામત અને ડિલિમિટેશન (સીમાંકન) જેવા મહત્વના મુદ્દાઓ પર મહોર લાગવાની પૂરેપૂરી શક્યતા છે.




ગિરિરાજ સિંહનો વિપક્ષ પર પ્રહાર: 'ઘરમાં જમવાનું નહીં મળે!'

સત્રની શરૂઆત પહેલા જ કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહે પોતાના તેજાબી અંદાજમાં વિપક્ષને આડે હાથ લીધા છે. તેમણે કહ્યું કે, 'જે સાંસદ મહિલા અનામત બિલ પસાર કરવામાં સહયોગ નહીં આપે, તેમને ઘરમાં જમવાનું પણ નહીં મળે!' આ નિવેદન દ્વારા તેમણે સ્પષ્ટ કર્યું છે કે હવે મહિલા શક્તિનો વિરોધ કરનારને જનતા તો ઠીક, તેમનો પરિવાર પણ સ્વીકારશે નહીં. ડિલિમિટેશન અંગે તેમણે ખાતરી આપી કે કોઈ પણ રાજ્ય સાથે અન્યાય કે ભેદભાવ કરવામાં આવશે નહીં. ચૂંટણી માળખામાં મોટા ફેરફારની તૈયારી સરકાર જે ત્રણ બિલ લાવી રહી છે, તે ભારતની ચૂંટણી વ્યવસ્થામાં ધરખમ ફેરફારો સૂચવે છે. મહિલાઓને રાજકારણમાં યોગ્ય સ્થાન આપવાની સાથે-સાથે બેઠકોની નવી વહેંચણી (ડિલિમિટેશન)થી સત્તાના સમીકરણો બદલાઈ જશે. બીજી તરફ, વિપક્ષ પણ સરકારને ઘેરવા માટે સવાલોનું ભાથું લઈને તૈયાર છે.

પાક્કો ગુજરાત કટાક્ષ: સરકાર 'નારી શક્તિ'ના નામે માસ્ટરસ્ટ્રોક રમી રહી છે, ત્યારે વિપક્ષ માટે 'ગળે આવેલો કોળિયો' ગળવો મુશ્કેલ છે. જો ટેકો આપે તો જશ મોદી લઈ જાય અને વિરોધ કરે તો મહિલાઓના રોષનો ભોગ બનવું પડે! હવે જોવાનું એ રહેશે કે આ ત્રણ દિવસમાં સંસદમાં લોકશાહીનું માન જળવાય છે કે પછી માત્ર હંગામો જ થાય છે.

# ઓલપાડ તાલુકા કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખપદે નઘોઈના હેમલ પટેલની નિમણુંક

## પૂર્વ પ્રમુખ અશોક પટેલ અને ધર્મપત્નીએ પાર્ટી સાથે ગદ્દારી કરી તા.પં.ની બે સીટ પરથી ઉમેદવારી ખેંચી લીધી હતી

• ઓલપાડ,તા.૧૬

ઓલપાડ તાલુકા કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખપદે સુ.જિ.કોંગ્રેસે તાલુકાના નઘોઈ ગામના હેમલ કાંતિભાઈ પટેલની નિમણુંક કરી છે. વિગત મુજબ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા તાલુકા- જિલ્લા પંચાયતની ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન ઓલપાડ તાલુકા કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ અશોક રણછોડભાઈ પટેલે તા.પં.ની કુડસદ-૧ બેઠક ઉપર પોતે તેમજ સરોલી બેઠક પરથી તેમની ધર્મપત્ની સંગીતા બેને ઉમેદવારી ફોર્મ ભર્યા હતાં.,હેમલ પટેલ પૂર્વ રાજ્યમંત્રી અને ઓલપાડ ધારાસભ્ય મુકેશ પટેલના વતન નઘોઈ ગામના છે. ગત વર્ષે જ નઘોઈ ગામની પૂર્વ મહિલા સરપંચ ગીતાબેન પટેલને પંચાયતના ગેરવહીવટ મામલે ડીડીઓએ સરપંચ ના હોદ્દા પરથી સસ્પેન્ડ કરતા હેમલ પટેલ તેમનો પુત્ર હોવાથી તેઓ મુકેશ પટેલના કટ્ટર વિરોધી મનાઈ છે.પરંતુ તેઓએ કોંગ્રેસ પાર્ટી સાથે ગદ્દારી કરી બંન્ને સીટ પરથી ઉમેદવારી પરત ખેંચી લેતા બંન્ને સીટ ઉપર ભાજપનો ભગવો લહેરાયો હતો.જેના પગલે હરકતમાં આવેલા સુરત જિલ્લા પ્રમુખ આનંદ ચૌધરીએ પૂર્વ પ્રમુખ અશોક પટેલને છ વર્ષ માટે પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી બુધવારે મોડી સાંજે તેમના સ્થાને તાલુકાના નઘોઈ ગામના કાર્યકર હેમલ કાંતિભાઈ પટેલની કાર્યકારી પ્રમુખપદે નિમણુંક કરી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ અમિત ચાવડાને જાણ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે,હેમલ પટેલ પૂર્વ રાજ્યમંત્રી અને ઓલપાડ ધારાસભ્ય મુકેશ પટેલના વતન નઘોઈ ગામના છે. ગત વર્ષે જ નઘોઈ ગામની પૂર્વ મહિલા સરપંચ ગીતાબેન પટેલને પંચાયતના ગેરવહીવટ મામલે ડીડીઓએ સરપંચ ના હોદ્દા પરથી સસ્પેન્ડ કરતા હેમલ પટેલ તેમનો પુત્ર હોવાથી તેઓ મુકેશ પટેલના કટ્ટર વિરોધી મનાઈ છે.

# અમદાવાદ: હાઈપ્રોફાઈલ બોપલ વિસ્તારમાં ડ્રગ્સની ધાક; MD, કોકેઇન અને વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો



અમદાવાદ: રાજ્યમાં નશાના કાળા કારોબાર સામે પોલીસે લાલ આંખ કરી છે, ત્યારે અમદાવાદના પોશ ગણાતા બોપલ વિસ્તારમાંથી નશીલા પદાર્થોનો મોટો જથ્થો ઝડપાતા ચકચાર મચી ગઈ છે. બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને કરોડોની કિંમતનું MD (મેફેડ્રોન), શુદ્ધ કોકેઈન, હાઈબ્રીડ ગાંજો અને વિદેશી દારૂ જપ્ત કર્યો છે. મળતી માહિતી મુજબ, બોપલના એક રેસિડેન્શિયલ ફ્લેટમાં ડ્રગ્સનું નેટવર્ક ચાલતું હોવાની ગુપ્ત માહિતી પોલીસને મળી હતી. દરોડા દરમિયાન પોલીસને ત્યાંથી માત્ર દારૂ જ નહીં, પરંતુ અત્યંત મોંઘા ગણાતા સિન્થેટિક ડ્રગ્સ મળી આવ્યા છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આ જથ્થો શહેરની હાઈપ્રોફાઈલ પાર્ટીઓમાં સપ્લાય કરવાનો હોવાની આશંકા છે. મુખ્ય વિગતો: * ઝડપાયેલ મુદ્દામાલ: MD ડ્રગ્સ, કોકેઈન, પ્રીમિયમ ક્વોલિટીનો હાઈબ્રીડ ગાંજો અને બ્રાન્ડેડ વિદેશી દારૂ.

## તા.પં.ની કુલ ૨૪ સીટમાંથી ૧૩ બિનહરીફ-જિ.પં.ની ૦૫ માંથી ૦૩ સીટ બિનહરીફ

# ઓલપાડ તાલુકા પંચાયત ચૂંટણી મતદાન પહેલા જ ભાજપે સત્તા કબજે કરી ભગવો લહેરાવ્યો

• ઓલપાડ,તા-૧૬

સ્થાનિક સ્વરાજ્યની તાલુકા-જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણીમાં ઓલપાડ તાલુકામાં મતદાન પહેલા જ કુલ ૨૪ સીટમાંથી ભાજપ પક્ષે ૧૩ સીટ બિનહરીફ કરવામાં પૂર્વમંત્રી અને ઓલપાડ ધારાસભ્ય મુકેશભાઈ પટેલે સફળતા મેળવતા ઓલપાડ તા.પં.ની સત્તા ભાજપે કબજે કરી ભાજપનો ભગવો લહેરાવ્યો છે.જ્યારે તાલુકામાં સમાવિષ્ટ સુ.જિ.પં.ની કુલ ૦૫ સીટ પૈકી ૦૩ સીટ ઉપર ભાજપ બિનહરીફ કરવામાં સફળ થઈ છે.જ્યારે તાલુકામાં રાજકરણની સાંપ્રત સ્થિતિ ઉપર નજર કરતા ચૂંટણીના રણમેદાનમાં ભાજપ-કોંગ્રેસ અને 'આપ'પાર્ટીના ત્રિકોણીયા જંગ વચ્ચે કોંગ્રેસ-'આપ'ના ઉમેદવારોની હાર નિશ્ચિત મનાતા તા.પં.ની બાકીની ૧૧ અને જિ.પં.ની પિંજરત અને ઓલપાડ ૦૨ સીટ ઉપર પણ ભાજપનો કેસરીયો લહેરાઈ તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.જેના પગલે ગત ટર્મની જેમ ઓલપાડ તાલુકો ફરી કોંગ્રેસ મુક્ત બને તેવી શક્યતા નકારી શકાય તેમ નથી. ઉમેદવારી પરત ખેંચવાના બુધવાર,તા-૧૫ ના રોજ ઓલપાડ તા.પં.ની કુલ ૨૪ સીટમાંથી ભાજપના ૧૩ ઉમેદવારો અને જિ.પં.ની ૦૫ સીટમાંથી ૦૩ સીટ ઉપર ભાજપના ઉમેદવારો મળી તાલુકામાં કુલ ૧૬ સીટ બિનહરીફ થતા મતદાન પહેલા તાલુકો કોંગ્રેસ મુક્ત તરફ પ્રયાણ કરી રહ્યો છે.તાલુકામાં સમાવિષ્ટ સુ.જિ.પં.ની સૌથી સ્ફોટક ગણાતી સાયણ જિ.પં.સીટના ભાજપ ઉમેદવાર અને ધારાસભ્ય મુકેશ પટેલના જમણાં હાથ ગણાતા બ્રિજેશ ભગવતીભાઈ પટેલ સામે કેટલાક ભાજપના કાર્યકરોની નારાજગી સામે કોંગ્રેસના ઉમેદવાર મુકેશ નાથુભાઈ પટેલે ઉમેદવારી ખેંચી લેતા બ્રિજેશ પટેલ બિનહરીફ વિજેતા થયા હતાં.જયારે કીમ જિ.પં.સીટ પરથી ભાજપ ઉમેદવાર અનુબેન જયેશભાઈ દેસાઈ તથા મોર જિ.પં. સીટ ભાજપ ઉમેદવાર ભાવનાબેન રાકેશભાઈ પટેલ બિનહરીફ થયા હતાં.આ ઉપરાંત ઓલપાડ તા.પં. ની કુલ ૨૪ સીટ પૈકી સાયણ-૧,સાયણ-૨,સાયણ-૩,અરીયાણા,બરબોધન,પિંજરત,માસમા, કીમ-૧,વડોલી,કદરામા,કુડસદ-૨ સીટ પરથી કોંગ્રેસ તથા કેટલીક બેઠક ઉપર 'આપ'પાર્ટીના ઉમેદવારો ખસી જતા ભાજપના ઉમેદવારો બિનહરીફ વિજેતા થયા હતા.પરંતુ કોંગ્રેસની સૌથી વધુ ખરાબ હાલત તા.પં.ની કુડસદ-૧ સીટ ઉપર ઉમેદવારી કરનાર ઓલપાડ તાસુકા કોંગ્રેસ પ્રમુખ અશોક રણછોડજી પટેલે તથા તેની ધર્મપત્ની સંગીતોબેન પટેલે તા.પં. ની સરોલી સીટ પરથી બપોરના સુમારે કોંગ્રેસ સાથે ગદ્દારી કરી ઉમેદવારી પરત ખેંચતા આ બંન્ને સીટ કોંગ્રેસ પ્રમુખના આશિર્વાદથી ભાજપને બિનહરીફ કરવામાં સફળતા મળતા ભાજપનો કેસરીયો લહેરાયો છે.

# જનતાનો અવાજ: 'સાહેબ, ચૂંટણીમાં ઊભા રહીએ તો સેવાની ખબર નહીં, પણ ૧૦-૧૨ ખોટી અરજીઓ પાક્કી!'

## ધારાસભા કે લોકસભામાં બાહુબલીઓ અને ધનબલીઓનો પ્રભાવ વધી રહ્યો છે

• વિશેષ કોલમ - પાક્કો ગુજરાત (ચૂંટણી સ્પેશિયલ)

અમદાવાદ: અત્યારે ચૂંટણીનો માહોલ જામ્યો છે, પણ સામાન્ય માણસ કે સજ્જન નાગરિક રાજકારણથી કેમ દૂર ભાગે છે? એનો જવાબ એક જાગૃત નાગરિકના આ વેધક વાક્યમાં મળે છે: 'હું એટલે જ ચૂંટણીમાં નથી ઊભો રહેતો, કારણ કે જો ફોર્મ ભરું તો સાચી સેવા કરવાની તક મળે કે ન મળે, પણ મારી વિરુદ્ધ ૧૦-૧૨ ખોટી અરજીઓ જરૂર થઈ જાય!'

૧.સેવાની ભાવના પર 'અરજીઓ'નો પ્રહાર

આજની રાજનીતિ 'નીતિ'થી નહીં પણ 'અનીતિ' અને 'અરજી'થી ચાલે છે. જેવો કોઈ પ્રમાણિક માણસ ચૂંટણી લડવાનો વિચાર કરે, એટલે વિરોધીઓ એના ભૂતકાળથી લઈને ભવિષ્ય સુધીની ખોટી ફરિયાદોનું પોટલું ખોલી નાખે છે. હેતુ સ્પષ્ટ હોય છે - ઉમેદવારને માનસિક રીતે તોડી નાખવો અથવા તેને કાયદાકીય ગૂંચવણોમાં ફસાવીને મેદાનમાંથી બહાર કરી દેવો.

૨. શામ-દામ-દંડ-ભેદનું નવું હથિયાર: 'ફેક કમ્પ્લેઈન'

પહેલાંના સમયમાં હરીફાઈ વિચારોની હતી, હવે હરીફાઈ કોણ કોના પર કેટલી વધુ પોલીસ ફરિયાદો કે સરકારી અરજીઓ કરી શકે તેની છે. એક સામાન્ય માણસ જે આખી જિંદગી આબરૂ કમાવવામાં કાઢી નાખે છે, તે રાજકારણના આ કાદવમાં પડતા એટલે ડરે છે કે તેને ખબર છે કે અહીં સત્ય કરતાં 'સંડોવણી' વધુ વેચાય છે.

૩. લોકશાહી માટે ખતરનાક ટ્રેન્ડ

જો સારા માણસો આવી 'ખોટી અરજીઓ' અને 'ધાકધમકી'ના ડરથી ચૂંટણી નહીં લડે, તો પછી મેદાનમાં કોણ બાકી રહેશે? માત્ર એ જ લોકો જેમને કાયદા કે આબરૂની કોઈ પરવા નથી. આ જ કારણ છે કે આજે ધારાસભા કે લોકસભામાં બાહુબલીઓ અને ધનબલીઓનો પ્રભાવ વધી રહ્યો છે.

પાક્કો ગુજરાતનો સવાલ:

શું કોઈની પ્રતિષ્ઠાને ધૂળમાં મેળવી દેવી એ જ આજની ચૂંટણી છે? જો તંત્ર આવી ખોટી અરજીઓ કરનારાઓ પર લગામ નહીં કસે, તો લોકશાહીમાં 'સામાન્ય માણસ' માત્ર મત આપવા પૂરતો જ મર્યાદિત રહી જશે.

# ST બસ ઉપડવામાં વિલંબની 108, ગંદકીની 83, તૂટેલી સીટ-ભીડની 41થી વધુ ફરિયાદ મળી, QR કોડથી અભિપ્રાય મગાવતા નિગમની પોલ ખૂલી

અમદાવાદ : એસટી નિગમ હવે મુસાફરોની સુવિધા અને પારદર્શિતા વધારવા માટે માર્ચમાં શરૂ કરેલી 'પેસેન્જર ફીડબેક અને પરફોર્મન્સ રેટિંગ સિસ્ટમ' હેઠળ મુસાફરો હવે ક્યુઆર કોડ સ્કેન કરીને બસની સુવિધા, સ્વચ્છતા અને સ્ટાફના વર્તન અંગે સીધો પ્રતિસાદ આપી શકે છે. જેના આધારે ગણતરીના કલાકોમાં સુધારાત્મક પગલાં લેવામાં આવી રહ્યા હોવાનો દાવો કરાયો છે. પ્રીમિયમ બસોમાં લગાવેલા ક્યુઆર કોડ પર નિગમને માર્ચ 1702 પેસેન્જરે પોતાની ફરિયાદ સાથે ફીડબેક આપ્યો હતો. એસટી બસ મોડી ઉપડવાની સૌથી વધુ 108, બસમાં ગંદકીની 83, તૂટેલી સીટ અને ભીડની 41 ફરિયાદ મળી હતી. પેસેન્જરોની સુવિધા માટે નિગમે હાલ તમામ પ્રીમિયમ બસોમાં તમામ સીટ પાછળ ક્યુઆર કોડ લગાવ્યા છે.

**પ્રદર્શન** '20,000 રૂપિયા જેટલી રકમ ભર્યા બાદ પણ તેમને પોસ્ટિંગ આપવામાં આવ્યું નથી'

# મેડીલીંક ઈન્સ્ટિ.ઓફ નર્સિંગ સાયન્સ કોલેજમાં ABVPનું ઉગ્ર વિરોધ પ્રદર્શન : પોસ્ટર ફાડ્યા

## નર્સિંગના વિદ્યાર્થીઓ હોવાથી તેમને વચન આપવામાં આવ્યું હતું કે પોસ્ટિંગ આપવામાં આવશે

• અમદાવાદ

અમદાવાદના સાબરમતી વિસ્તારમાં આવેલી મેડીલીંક ઈન્સ્ટિટયૂટ ઓફ નર્સિંગ સાયન્સ કોલેજમાં ABVP દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું છે. કોલેજ, હોસ્ટેલ તથા સંબંધિત સુવિધાઓમાં ગંભીર ખામીઓ હોવાના આક્ષેપ સાથે મોટી સંખ્યામાં ABVPના કાર્યકર્તાઓ કોલેજ ખાતે પહોંચ્યા હતા. ત્યારે સત્તાધીશો દ્વારા દરવાજા બંધ કરી દેવામાં આવ્યા હતા. જેને પગલે આક્રોશમાં આવીને કાર્યકર્તાઓએ કોલેજના પોસ્ટર ફાડી નાખ્યા હતા. આ ઉપરાંત ઈલેક્ટ્રિક માટેની મેઈન સ્વિચ બંધ કરી દીધી છે. મેઈન દરવાજો તોડવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો હતો. લાકડીઓ સાથે ઉતરેલી પોલીસે અટકાવતા તેની સાથે ઘર્ષણ થયું હતું. આ દરમિયાન પીઆઈ સાથે પણ ઘર્ષણ અને ઉગ્ર બોલાચાલી થયા હતા. આ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં



જોડાયેલા વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષણનાં દલાલોને ગટરમાં નાખો અને ગોળી મારોના નારા પણ લગાવવામાં આવ્યા હતા. વિદ્યાર્થી પાસેથી દર મહિને 4 હજાર રૂપિયા વસૂલવામાં આવે છે, છતાં પ્રશાસન બહેરું અને મૂંગું થઈ ગયું છે જેથી અમારી વાત સાંભળવા માટે તૈયાર નથી. વિદ્યાર્થીના પૈસા લૂંટવામાં આવી રહ્યા છે. 400 કરતા વધારે નર્સિંગના વિદ્યાર્થીઓ લાખો રૂપિયા ફી આપવા છતાં પણ પીડાઈ રહ્યા છે. છતાં પણ વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારની સુવિધાઓ આપવામાં આવતી નથી.

જો કે શરૂઆતમાં સત્તાધીશોએ દરવાજા બંધ કરી દીધા બાદ આખરે ચર્ચા કરીને કોલેજમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને પોલીસને સાથે રાખીને બહાર કાઢવામાં આવ્યા હતા. જે બાદ વિદ્યાર્થીઓ અને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકર્તાઓની રજૂઆત સાંભળવા માટે પ્રવેશ આપવામાં આવ્યો હતો.

ABVP કેન્દ્રીય કાર્યકારી સદસ્ય ધ્રુમિલ અખાણીએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થી જ્યારે એડમિશન લે છે ત્યારે તેની પાસેથી 1,60,000 જેટલી મસ મોટી રકમ વસૂલવામાં આવે છે. તેમજ જ્યારે વિદ્યાર્થી અભ્યાસ માટે આવે છે ત્યારે તેની પાસેથી હોસ્ટેલની ફીના નામે 25,000 વસૂલવામાં આવે છે. તેમજ તેની સાથે સાથે 4000 રૂપિયા ફી વધારે વસૂલવામાં આવે છે.

'20,000 રૂપિયા જેટલી રકમ ભર્યા બાદ પણ તેમને પોસ્ટિંગ આપવામાં આવ્યું નથી' તેમજ નર્સિંગના વિદ્યાર્થીઓ હોવાથી તેમને વચન આપવામાં આવ્યું હતું કે પોસ્ટિંગ આપવામાં આવશે. પરંતુ 20,000 રૂપિયા જેટલી રકમ ભર્યા બાદ પણ તેમને પોસ્ટિંગ આપવામાં આવ્યું નથી. વિદ્યાર્થીઓ સાથે જે અન્યાય થઈ રહ્યો છે તેના માટે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

વધુમાં ધ્રુમિલ અખાણીએ જણાવ્યું હતું કે, જોકે તે બાદ તેમજ વિદ્યાર્થીઓને સારી સુવિધા આપવામાં આવશે અને ચાર દિવસમાં પુસ્તકો પણ આપવામાં આવશે. 400 વિદ્યાર્થીઓ પાસેથી 400 લેખે દર વર્ષે 27 લાખ જેટલી રકમ વધારે વસૂલી રહ્યા છે. છેવાડાના ગામથી અભ્યાસ માટે આવતા આદિવાસી વિદ્યાર્થીઓ કે જે શિષ્યવૃત્તિના સહારે ભણી રહ્યા છે તેમના પાસેથી લાખો રૂપિયાનો રૂપિયા ઉઘરાવી કૌભાંડ કરવામાં આવી રહ્યું છે. જો અમે રજૂઆત કરેલી માંગણીઓ નહીં સ્વીકારવામાં આવે તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન પણ કરવામાં આવશે.

સુષ્મા સ્વરાજ મોડેલ અને નેતૃત્વની વ્યૂહરચના

# બંગાળના રણમેદાનમાં ભાજપ-RSSનું 'ચક્રવ્યૂહ': શું મમતાના ગઢમાં લાગશે ગાબડું?

**હકીકત પર કામ** ભાજપે આ વખતે હવામાં વાતો કરવાને બદલે જમીની હકીકત પર કામ શરૂ કર્યું છે

• વિશેષ અહેવાલઃ પવન માકન (ગ્રુપ એડિટર, પાક્કો ગુજરાત)

પશ્ચિમ બંગાળનું રાજકારણ હંમેશા લોહીયાળ અને રોમાંચક રહ્યું છે, પણ આ વખતે ખેલ કંઈક અલગ છે. આગામી વિધાનસભા ચૂંટણી પહેલા ભાજપ અને RSSએ જે 'સાઈલન્ટ ઓપરેશન' હાથ ધર્યું છે, તેણે તૃણમૂલ કોંગ્રેસ (TMC) ની ઊંઘ ઉડાડી દીધી છે. બૂથ લેવલથી લઈને સરહદ સુધી ભાજપ અને સંઘે પોતાની શક્તિ ઝોંકી દીધી છે.

12 રણનીતિઓ પર ફોકસ: માઈક્રો મેનેજમેન્ટનો માસ્ટરપ્લાન

ભાજપે આ વખતે હવામાં વાતો કરવાને બદલે જમીની હકીકત પર કામ શરૂ કર્યું છે. ખાસ કરીને 12 મુખ્ય રણનીતિઓ પર ફોકસ કરવામાં આવી રહ્યું છે. જેનો મુખ્ય હેતુ છે - હિન્દુ મતોનું ધ્રુવીકરણ અને મતદારોના મનમાંથી ડર દૂર કરવો.* બૂથ સ્તરે ટીમોનું




નિર્માણ: દરેક બૂથ પર એવી ટીમો બનાવવામાં આવી છે જે મતદારોને ઘરની બહાર કાઢવા અને સુરક્ષાનો અહેસાસ કરાવવા માટે સતત સક્રિય રહેશે.* હિન્દુ વોટિંગ વધારવા પર ભાર: બંગાળમાં સૌથી મોટી સમસ્યા હિન્દુ મતદારોનું ઓછું વોટિંગ અને વિપક્ષી હિંસાનો ભય રહ્યો છે. RSSના સ્વયંસેવકો ઘરે-ઘરે જઈને લોકોને જાગૃત કરી રહ્યા છે.* સીમાવર્તી વિસ્તારોમાં સજ્જતા: સરહદી વિસ્તારોમાં ઘૂસણખોરી અને વસ્તી વિષયક ફેરફારોને મુદ્દો બનાવી ભાજપ આક્રમક પ્રચાર કરી રહ્યું છે.

સુષ્મા સ્વરાજ મોડેલ અને નેતૃત્વની વ્યૂહરચના ભાજપે પશ્ચિમ બંગાળની તમામ 294 બેઠકો પર વરિષ્ઠ નેતાઓ અને અનુભવી કાર્યકરોની ફોજ ઉતારી છે. પક્ષના આંતરિક સૂત્રો મુજબ, સુષ્મા સ્વરાજ જેવા દિગ્ગજ નેતાઓના કાર્યશૈલીના આધારે દરેક બેઠક પર અલગ રણનીતિ ઘડવામાં આવી રહી છે. ટિકિટ વિતરણથી લઈને પ્રચાર સુધી, RSSનું સીધું મોનિટરિંગ આ વખતે ગેમચેન્જર સાબિત થઈ શકે છે.નિષ્કર્ષ બંગાળમાં અત્યાર સુધી દીદીનો દબદબો રહ્યો છે, પરંતુ ભાજપનું આ 'માઈક્રો મેનેજમેન્ટ' જો સફળ રહ્યું, તો બંગાળના પરિણામો આખા દેશને ચોંકાવી દેશે. આ લડાઈ માત્ર સત્તાની નથી, પણ અસ્તિત્વની છે. શું ભાજપનું આ 'સંગઠન શક્તિ'નું શસ્ત્ર મમતા બેનર્જીના અભેદ કિલ્લાને તોડી શકશે? એ તો સમય જ કહેશે!

સાચું ન્યૂઝ, પાક્કું ગુજરાત!

# અમરાવતીમાં ૧૮૦ દીકરીઓનું શોષણ: અયાનના પાપ પર ચાલ્યું બુલડોઝર, નવનીત રાણાની 'એન્કાઉન્ટર'ની માંગ!

## તમારું શું માનવું છે? શું આવા નરાધમો માટે 'એન્કાઉન્ટર' જ એકમાત્ર ઉપાય છે?

• અમરાવતી | પાક્કો ગુજરાત રિપોર્ટ

મહારાષ્ટ્રના અમરાવતીમાં માનવતાને શર્મસાર કરતી એક એવી ઘટના સામે આવી છે, જેણે સમગ્ર દેશને હચમચાવી દીધો છે. ૧૯ વર્ષના નરાધમ અયાન તનવીરે 'પ્રેમજાલ'માં ફસાવીને ૧૮૦ જેટલી સગીર દીકરીઓનું શારીરિક શોષણ કર્યું અને તેમના અશ્લીલ વીડિયો બનાવી બ્લેકમેલિંગનો કાળો કારોબાર ચલાવ્યો. આ હવસખોરના પાપનો ઘડો ભરાતા હવે તંત્રએ 'યોગી મોડેલ' અપનાવી કડક કાર્યવાહી શરૂ કરી છે.

બુલડોઝર એક્શન અને જનતાનો આક્રોશ

પ્રશાસને લાલ આંખ કરીને આરોપી અયાન તનવીરના ગેરકાયદેસર મકાન પર બુલડોઝર ફેરવી દીધું છે. આ કાર્યવાહીથી ગુનેગારોમાં ફફડાટ વ્યાપી ગયો છે, પરંતુ જનતાનો આક્રોશ હજુ શાંત થયો નથી. લોકો પૂછી રહ્યા છે કે, આટલા મોટા પાયે દીકરીઓનું શોષણ થતું રહ્યું ત્યારે તંત્ર ક્યાં ઊંઘતું હતું?




નવનીત રાણાની ગર્જના: 'સીધું એન્કાઉન્ટર કરો'

ભાજપ નેત્રી અને પૂર્વ સાંસદ નવનીત રાણાએ આ મુદ્દે અત્યંત આક્રમક વલણ અપનાવ્યું છે. તેમણે પોલીસને ખુલ્લી ચેતવણી આપતા જણાવ્યું કે, 'જે થશે તે પછી જોઈ લેવાશે, પણ મારી વિનંતી છે કે દીકરીઓની જિંદગી બરબાદ કરનારા આવા રાક્ષસોનું યોગી મોડેલની જેમ એન્કાઉન્ટર કરી દેવું જોઈએ.' તેમના આ નિવેદને રાજકીય ગરમાવો લાવી દીધો છે.

પાક્કો ગુજરાત પંચ:

જ્યારે હવસખોરો આટલા બેફામ બને ત્યારે માત્ર કાયદાની કલમો પૂરતી નથી, ડર પણ જરૂરી છે. ૧૮૦ દીકરીઓની આહ આખરે રંગ લાવી છે. શું હવે સમય આવી ગયો છે કે આવા ગુનાઓમાં ન્યાયની પ્રક્રિયા બુલેટની ગતિએ ચાલે?

તમારું શું માનવું છે? શું આવા નરાધમો માટે 'એન્કાઉન્ટર' જ એકમાત્ર ઉપાય છે?

# ચૂંટણી છે કે 'જંગ'? શું આપણે ૯૦ના દાયકાનું યુપી-બિહાર મોડલ અપનાવી રહ્યા છીએ?

## એક જમાનો હતો જ્યારે ઉત્તર પ્રદેશ અને બિહારમાં બૂથ કેપ્ચરિંગ અને બાહુબલીઓનું શાસન હતું

ખાસ વિશ્લેષણ - પાક્કો ગુજરાત

અમદાવાદ/રાજકોટ: લોકશાહીમાં ચૂંટણી એટલે જનતાનો મત, પણ અત્યારે જે ચિત્ર દેખાઈ રહ્યું છે તે જોઈને સવાલ થાય છે કે - આ 'લોકશાહી' છે કે 'ઠોકશાહી'? અગાઉની અનેક ચૂંટણીઓ આપણે જોઈ છે, પણ આ વખતે જે રીતે દાદાગીરી, ધાકધમકી અને ડરનો માહોલ જોવા મળ્યો છે, તેણે નૈતિકતાની તમામ હદો વટાવી દીધી છે. શું આપણે વિકાસના નામે વિનાશક રાજનીતિ તરફ વળી રહ્યા છીએ?

૧. ડરનું સામ્રાજ્ય: ઉમેદવાર જ સુરક્ષિત નથી! જ્યારે લોકશાહીના પર્વમાં કોઈ ઉમેદવાર પોતાને સુરક્ષિત ન અનુભવે, ત્યારે સમજી લેવું કે સિસ્ટમમાં સડો પેઠો છે. વિરોધ પક્ષના ઉમેદવારોના ફોર્મ ખેંચાવવા, તેમને નજરકેદ કરવા અથવા ધમકીઓ આપી મેદાનમાંથી હટાવવા - આ કઈ રીતની ચૂંટણી છે? જો ઉમેદવાર જ સુરક્ષિત ન હોય, તો સામાન્ય મતદારની શું વિસાત?

૨. ૯૦ના દાયકાના યુપી-બિહારની યાદ તાજી થઈ એક જમાનો હતો જ્યારે ઉત્તર પ્રદેશ અને બિહારમાં બૂથ કેપ્ચરિંગ અને બાહુબલીઓનું શાસન હતું. આજે ભલે ટેકનોલોજી બદલાઈ હોય, પણ માનસિકતા એ જ ૯૦ના દાયકાની દેખાઈ રહી છે. સત્તા મેળવવા માટે 'શામ, દામ, દંડ, ભેદ'નો જે રીતે નફ્ફટાઈથી ઉપયોગ થઈ રહ્યો છે, તે ગુજરાત અને ભારતની રાજકીય સંસ્કૃતિ માટે કલંક સમાન છે.

૩. 'જીતવી જ છે' ની જીદ લોકશાહીનો ભોગ લેશે ચૂંટણી જીતવી એ દરેક પક્ષનો લક્ષ્ય હોય છે, પણ 'ગમે તે ભોગે જીતવું' એ લોકશાહી માટે ઝેર સમાન છે. ચૂંટણીઓ તો દર પાંચ વર્ષે આવશે અને જશે, સત્તા બદલાશે, ચહેરાઓ બદલાશે, પણ આ વખતે જે રીતે નૈતિક મૂલ્યોનું ચીરહરણ થયું છે તે વર્ષો સુધી યાદ રાખવામાં આવશે.

# ગુજરાત માટે સારા સમાચાર :સરદાર સરોવર નર્મદા ડેમની સપાટી માં વધારો



• રાજપીપલા, તા16

ગુજરાત માટે સારા સમાચાર છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમની સપાટી માં વધારો નોંધાયો છે. હાલ મધ્યપ્રદેશના ઉપરવાસમાંથી 45884 ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. ગુજરાતમાં કાળઝાળ ગરમી છે. વરસાદના કોઈ એંધાણ નથી છતાં પણ ભર ઉનાળે બીનબાદલ બીન વરસાદ જેવી સ્થિતિ માં મધ્યપ્રદેશના ઉપરવાસમાંથીપાણીની આવક નર્મદા ડેમમાં થતી હોવાને કારણે નર્મદા ડેમની સપાટીમાં વધારો નોંધાયો છે મધ્યપ્રદેશના ડેમોમાં વીજ ઉત્પાદન કરતા ડેમમાં પાણી ની આવક વધવા પામી છે.હાલ નર્મદા ડેમની સપાટી 130.14 મીટર છે.ગુજરાત માટે સિંચાઈ અને પીવાનું પાણી મેન કેનલ માં 16000 ક્યુસેક છોડવામાં આવી રહ્યું છે.ભર ઉનાળામાં પણ નર્મદા ડેમમાં 3420 mcm (મિલિયન ઘન મીટર )લાઈવ સ્ટોરેજ પાણી નો જથ્થો છે. જોકે ઉનાળામાં પણ ગુજરાત માટે પૂરતું પાણી આપવામાં ડેમ સક્ષમ હોઈ સાચા અર્થમાં નર્મદા ડેમ ગુજરાતની જીવાદોરી પુરવાર થયો છે .

'ફાયદો તમારો પણ છે, જરા ગણિત માંડો'

# પીએમ મોદીની વિપક્ષને 'ગૂગલી': 'મહિલા અનામતમાં તમારો પણ ફાયદો છે, સમજો તો સારું!

• ખાસ અહેવાલ - પાક્કો ગુજરાત

નવી દિલ્હી: લોકસભામાં જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઊભા થાય ત્યારે વિપક્ષી બેન્ચો પર સન્નાટો અને ઉત્તેજના બંને જોવા મળે છે. તાજેતરમાં મહિલા અનામત બિલ (નારી શક્તિ વંદન અધિનિયમ)અને ડિલિમિટેશન (સીમંત નિર્ધારણ) મુદ્દે સંબોધન કરતા પીએમ મોદીએ એક એવી વાત કહી દીધી કે વિપક્ષી નેતાઓ પણ વિચારતા થઈ ગયા. વડાપ્રધાને સ્પષ્ટ શબ્દોમાં ટકોર કરી કે, આ બિલ માત્ર ભાજપનો એજન્ડા નથી, આમાં વિપક્ષનો પણ ફાયદો છે!

૧. 'ફાયદો તમારો પણ છે, જરા ગણિત માંડો'

પીએમ મોદીએ રમૂજ અને ગંભીરતાના મિશ્રણ સાથે વિપક્ષને આડે હાથ લીધા હતા. તેમણે કહ્યું કે, મહિલા અનામતથી રાજકારણમાં જે નવો લોહીનો સંચાર થશે, તે દરેક પક્ષને મજબૂત બનાવશે. તેમણે ઈશારો કર્યો કે જો વિપક્ષી દળો પણ મહિલા શક્તિને યોગ્ય સ્થાન આપશે, તો તેમની ઘટતી જતી જનાધારની તાકાત ફરી બેઠી થઈ શકે છે.

૨. ડિલિમિટેશન: ભવિષ્યની મોટી લકીર

ડિલિમિટેશન એટલે કે બેઠકોની નવી વહેંચણી મુદ્દે પીએમએ વિશ્વાસ અપાવ્યો કે આ પ્રક્રિયા લોકશાહીને વધુ વ્યાપક બનાવશે. વિપક્ષો જે ડર ફેલાવી રહ્યા છે કે દક્ષિણના રાજ્યોને નુકસાન થશે, તેના પર પીએમએ મક્કમતાથી કહ્યું કે આ પ્રક્રિયા વૈજ્ઞાનિક ઢબે થશે અને તેનો હેતુ દરેક નાગરિકના મતના મૂલ્યને સમાન બનાવવાનો છે.

૩. વિપક્ષના 'ક્રેડિટ વોર' પર વળતો પ્રહાર

જ્યારે વિપક્ષી નેતાઓએ દાવો કર્યો કે આ બિલ તો વર્ષો પહેલા તેઓ લાવ્યા હતા, ત્યારે પીએમ મોદીએ હળવી શૈલીમાં ધારદાર કટાક્ષ કર્યો: 'જો તમે લાવ્યા હતા તો પાસ કેમ ન કરાવી શક્યા? ઈચ્છાશક્તિનો અભાવ હતો કે પછી ગઠબંધનની મજબૂરી? આજે જ્યારે અમે આ ઈતિહાસ રચી રહ્યા છીએ, ત્યારે તેમાં સહભાગી બનો, શ્રેયની લડાઈમાં જનતાનો ફાયદો ન ભૂલો.'

૪. મહિલા અનામત: વોટબેંક નહીં, રાષ્ટ્ર નિર્માણ

પીએમએ સ્પષ્ટ કર્યું કે આ બિલને માત્ર ચૂંટણીના ચશ્માથી જોવાની જરૂર નથી. જ્યારે દેશની અડધી આબાદી નિર્ણયો લેવાની પ્રક્રિયામાં ભાગ લેશે, ત્યારે ડિલિમિટેશન બાદ બનનારી નવી લોકસભા ભારતને 'વિકસિત ભારત' બનાવવામાં પાયાનો પથ્થર સાબિત થશે.

પાક્કો ગુજરાત કટાક્ષ:

પીએમ મોદીએ વિપક્ષને એવો મીઠો ડોઝ આપ્યો છે કે હવે વિપક્ષને આ બિલ ગળે ઉતારવું પણ પડશે અને તેના વખાણ પણ કરવા પડશે. કારણ કે, જો વિરોધ કરશે તો અડધી આબાદી (મહિલાઓ) નારાજ થશે અને જો ટેકો આપશે તો જશ મોદી લઈ જશે!

તોડબાજ પત્રકારો સામે પોલીસ એક્શન મોડમાં

# સાંતેજની મહિલા બુટલેગરનો વીડિયો વાઈરલ કરવાની ધમકી આપી એક લાખનો તોડ કરનારની ધરપકડ



• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના સાંતેજ પોલીસ સ્ટેશનની હદમાં રકનપુર ગામની સીમમાં ઓરાઈ તળાવના કિનારે રહેતી વિધવા મહિલા બુટલેગરને દારૂ વેચવાના વીડિયોના આધારે બ્લેકમેલ કરી ત્રણ કથિત પત્રકારોની ગેંગ દ્વારા કુલ રૂ.1,05,000નો તોડ કરી વધુ નાણા માટે સતત બ્લેકમેઈલિંગ કરવામાં આવતા આખરે પોલીસ ચોપડે ફરિયાદ નોંધાઈ છે. આ મામલે પોલીસે જાગૃત ગુજરાત ન્યૂઝ ચેનલના પત્રકારની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. મહિલાનો દારૂ સાથેનો વીડિયો બનાવ્યો હતોઆ સમગ્ર તોડકાંડ મામલે લક્ષ્મીબેન રવિભાઈ ચુનારાએ ફરિયાદમાં કરેલા દાવા મુજબ, તે અગાઉ પોતાનું અને ચાર નાના બાળકોનું ગુજરાન ચલાવવા માટે દેશી દારૂ વેચવાની પ્રવૃત્તિ કરતી હતી. ગત 10 ડિસેમ્બર, 2025ના રોજ સંજય પાંડે, મિતાંશુ દરજી અને અંકિત વ્યાસ નામના ત્રણ શખસે પત્રકાર તરીકેની ઓળખ આપી મહિલાના રહેઠાણ પર ગયા હતા. આ દરમિયાન મિતાંશુ દરજીએ મહિલાનો દારૂની કોથળીઓ સાથેનો વીડિયો ઉતારી લીધો હતો અને ધમકી આપી હતી કે, જો દર મહિને રૂ.40,000 નહીં મળે તો આ વીડિયો વાઈરલ કરી દેવામાં આવશે.વધુ નાણાંની માગ કરતા દાગીનાના પણ પૈસા આપી દીધા આથી ધરપકડના ડરથી ગભરાઈ ગયેલી મહિલાએ તે જ દિવસે રૂ. 40,000 રોકડા આપી દીધા હતા. જેના થોડા દિવસો બાદ મિતાંશુ અને અંકિત અન્ય બે સાથીદારોને પત્રકાર તરીકે ઓળખાવી ફરી ગયા હતા અને વધુ નાણાંની માંગણી કરી હતી. એ વખતે મહિલાએ વીડિયો વાઈરલ ન થાય તે માટે ટુકડે-ટુકડે રૂ. 25,000 અને ત્યારબાદ રૂ.15,000 પણ ચૂકવ્યા હતા. વધુમાં મહિલાએ દાવો કર્યો છે કે, જાન્યુઆરી માસમાં મિતાંશુએ નાણાં માટે દબાણ કરતા પોતાના વેચેલા સોનાના દાગીનાના રૂપિયામાંથી પણ રૂ. 20,000 આપ્યા હતા.આ સિલસિલા પછી મહિલાના પતિનું અકસ્માતે અવસાન થતા તે અમદાવાદ રહેવા ગઈ હતી. છતાં આ ટોળકીએ ફોન પર ઉઘરાણી ચાલુ રાખી હતી, જેથી કંટાળીને ગત 24 માર્ચના રોજ ઓનલાઈન રૂ.5,000 પણ ટ્રાન્સફર કર્યા હતા. જોકે મહિલાએ દારૂનો ધંધો બંધ કરી દીધો હોવાનો ફરિયાદમાં દાવો કરી ઉક્ત ટોળકી વીડિયોના આધારે તોડ કરવાના પ્રયાસો ચાલુ રાખતા હોવાથી સાંતેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

અંકિત વ્યાસ સામે અમદાવાદમાં પણ ચાર ફરિયાદ આ અંગે પીઆઈ એસ.આર. મૂછાળે કહ્યું કે, મહિલાની ફરિયાદના આધારે બીએનએસની કલમ 308(6), 308(2) અને 54 હેઠળ ગુનો નોંધી જાગૃત ગુજરાત ન્યૂઝ ચેનલના પત્રકાર અંકિત મહેશકુમાર વ્યાસ (રહે. રાધે ગોવિંદ ગેલેક્સી, સેલ્બી હોસ્પિટલ પાછળ, નિકોલ)ની ધરપકડ કરી લેવાઈ છે, જેના વિરુદ્ધમાં અમદાવાદમાં અગાઉ ચાર ગંભીર ગુના નોંધાયેલા છે.

હાઈકોર્ટે

હાઈકોર્ટે જામીન અરજી નકારતા કહ્યું....

# 'LLBની વિદ્યાર્થિનીએ પતિ સાથે મળી લોકો પાસેથી 80 લાખ પડાવ્યા': વકીલ તરીકેની ખોટી ઓળખ આપી

## કેસને વિગતે જોતા એક ફરિયાદીને એક વ્યક્તિ પાસેથી 6 લાખ રૂપિયા લેવાના હતા

• અમદાવાદ

મહેસાણાના કડી પોલીસ મથકે ફેબ્રુઆરી,2026માં આરોપી દંપતી મિતેશ સાધુ અને ફાલ્ગુની સાધુ સામે વકીલ ન હોવા છતાં બીજા વકીલનું નામ ધારણ કરીને ફરિયાદીને દસ્તાવેજો, અરજી, નોટિસ બનાવીને 3.27 લાખ રૂપિયા પડાવી લેવાની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. કડીમાં ઓફિસ ધરાવતા આ દંપતીએ પોતાને હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના વકીલ તરીકે જણાવી આંતરરાષ્ટ્રીય કેસો લડનાર તરીકેની છાપ ઊભી કરી દેશભરમાં તેમની બ્રાન્ચો આવેલી છે, તેમ જણાવી ફરિયાદીને છેતર્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.



કેસને વિગતે જોતા એક ફરિયાદીને એક વ્યક્તિ પાસેથી 6 લાખ રૂપિયા લેવાના હતા. જે સંદર્ભે તેમને રસ્તામાં આવતા જતા ઉપરોક્ત ફાલ્ગુની અને મિતેશ સાધુની વકીલની ઓફિસ જોઈ હતી જેનો તેઓએ સંપર્ક કર્યો હતો. ત્યારે જેની પાસેથી 6 લાખ રૂપિયા લેવાના છે તેની પત્નીએ ફરિયાદી સામે દુષ્કર્મની ફરિયાદ કરી છે. તેમ કહીને જુદા જુદા હેડ હેઠળ આરોપીઓએ ફરિયાદી પાસેથી 3.27 લાખ રૂપિયા લીધા હતા. ત્યારબાદ ઓફિસે તાળું મારી દીધું હતું. ફરિયાદીએ તપાસ કરાવતા જાણવા મળ્યું હતું કે, આવા કોઈ વકીલ નથી અને બંને પતિ પત્ની પાસે કોઈ ડીગ્રી કે સનદ જ નથી.

આરોપીઓની ધરપકડની દહેશતને પગલે ફાલ્ગુની સાધુએ મહેસાણાની અદાલતમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી. જેમાં તેના તરફથી વકીલે રજૂઆત કરી હતી કે, ફરિયાદીએ કેસના પૈસા આપવા પડે નહીં, એટલા માટે ઉપજાવી કાઢેલી બાબતો અંતર્ગત પોલીસ ફરિયાદ નોંધાવી છે. અરજદાર ફક્ત રેવન્યુ અને દસ્તાવેજનું કામ કરતા હતા. તે કાયદાના વિદ્યાર્થી છે અને છેલ્લા સેમેસ્ટરની પરીક્ષા આપી હતી. અરજદારના દિયર એડવોકેટ છે, તેથી તેઓ જમીન અને રેવન્યુનું કામ તેમના વતી લેતા હતા.

સામે સરકારી વકીલે દલીલ કરી હતી કે આરોપી પાસે સનદ નથી. તેમનું વીઝીટીંગ કાર્ડમાં પોતે વકીલ હોવાનું જણાવ્યું હતું.આમ નકલી વીઝીટીંગ કાર્ડ બનાવ્યું હતું. તેમની ઓફિસમાંથી નોટરીના બનાવટી સિક્કા મળી આવ્યા છે, તેમજ કડી PIના પણ બનાવટી સિક્કા મળી આવ્યા છે. તેઓએ પોતાની છાપ હાઈકોર્ટ સુપ્રીમ કોર્ટના પ્રખ્યાત વકીલ તરીકે ઉપજાવી હતી. મહેસાણાની કોર્ટે નોંધ્યું હતું કે, આ ફરિયાદ નોંધાતા એક વ્યક્તિ સામે આવ્યો છે. જેને પાસેથી આરોપીઓ 7 લાખ રૂપિયા લીધા છે. તેથી આરોપીઓની કસ્ટોડિયલ પૂછપરછની જરૂર હોવાથી તેમની આગોતરા જામીન અરજી નકારી કાઢવામાં આવે છે.

મહેસાણાની કોર્ટે મહિલા આરોપીની આગોતરા જામીન અરજી નકારી કાઢતા તેને ગુજરાત હાઈકોર્ટમાં આગોતરા અરજી દાખલ કરી હતી. જેમાં તેના વકીલ રજૂઆત કરી હતી કે ફરિયાદીએ મોડી ફરિયાદ નોંધાવી છે. અરજદાર એક જુનિયર ઈન્ટર્ન છે, તેમને કોઈ વકીલાત પત્ર આજ સુધી કોઈ પણ કોર્ટમાં ફાઈલ કર્યું નથી. તેઓ પોતાના દિયર જેઓ વકીલ છે, તેના માટે રેવન્યુનું કામકાજ કરતા હતા. તેમને ફક્ત ફરિયાદીના પ્રશ્નોને સોલ્વ કરવા પ્રયત્ન કર્યો છે. ફરિયાદી ફી આપવા માંગતા ન હોવાથી આવી ફરિયાદ કરી છે. ફરિયાદીએ અરજદારને પૈસા આપ્યા હોવાના કોઈ પુરાવા નથી.

સામે સરકારી વકીલે દલીલ કરી હતી કે આ ફરિયાદ નોંધાતા જુદા જુદા ભોગ બનેલા લોકો સામે આવ્યા છે. જેમાં આરોપી પતિ પત્નીએ ખોટી ઓળખાણ ઊભી કરીને 80 લાખ રૂપિયા લોકો પાસેથી લઈ લીધા છે. તેની પાસેથી બાર કાઉન્સિલ ઓફ ગુજરાતનું કાર્ડ, ખોટા સિક્કા, સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના વકીલ તરીકેની ઈમેજ ઉભા કરતા દસ્તાવેજ વગેરે મળી આવ્યા છે. ગુજરાત હાઈકોર્ટે નોંધ્યું હતું કે આરોપીએ LLB પૂર્ણ ન કર્યું હોવા છતાં આ પ્રમાણેની કામગીરી કરી છે. વકીલાતના ઉમદા વ્યવસાયને આ રીતે બદનામ થવા દેવાય નહીં. ત્યારે ગુજરાત હાઈકોર્ટે પણ આરોપીની આગોતરા જામીન અરજી નકારી કાઢી છે.

દહેગામમાં મધુર દૂધના વિવાદે રાજકીય જોર પકડ્યું

# પશુપાલકોએ ભાજપના ચૂંટણી પ્રચારના કાફલા રોક્યો ધારાસભ્ય વેદના સાંભળ્યા વગર નીકળી જતાં આક્રોશ

આક્રોશ

ધારાસભ્ય બલરાજસિંહ પોતાના સમર્થકો અને ભાજપના કાર્યકરો સાથે બારિયા ગામે મત માંગવા પહોંચ્યા હતા

• ગાંધીનગર

ગાંધીનગરના દહેગામ તાલુકામાં ઉત્તમ ડેરી અને મધુર ડેરી વચ્ચેનો સંઘર્ષ હવે માત્ર વહીવટી વિવાદ નહીં પરંતુ રાજકીય જંગમાં પરિવર્તિત થયો છે. છેલ્લા કેટલાય સમયથી ચાલી રહેલા આ વિવાદને કારણે દહેગામના પશુપાલકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. જેનો પડઘો હવે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પ્રચારમાં સ્પષ્ટપણે સંભળાઈ રહ્યો છે. આજે 15 એપ્રિલે બારિયા ગામે ભાજપનો પ્રચાર કરવા પહોંચેલા ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણના કાફલાને ગ્રામજનોએ અટકાવી ભારે સૂત્રોચ્ચાર કર્યા હતા.



અમદાવાદ જિલ્લા ડેરી સંઘ ઉત્તમ ડેરી અને ગાંધીનગર જિલ્લા સંઘ મધુર ડેરી વચ્ચેના કાનૂની અને વહીવટી ગજગ્રાહમાં સામાન્ય પશુપાલકો પિસાઈ રહ્યા છે. પશુપાલકોની ફરિયાદ છે કે તેઓને દૂધના નિકાલ અને વ્યવસ્થામાં વહીવટી તંત્રના અંદરોઅંદરના વિખવાદને કારણે ભારે આર્થિક નુકસાન વેઠવું પડી રહ્યું છે. આ આક્રોશના ભાગરૂપે પશુપાલકોએ મધુર ડેરીમાં દૂધ નહીં તો વોટ નહીં ના નારા સાથે એક વ્યાપક લડત શરૂ કરી છે. ધારાસભ્ય બલરાજસિંહ પોતાના સમર્થકો અને ભાજપના કાર્યકરો સાથે બારિયા ગામે મત માંગવા પહોંચ્યા હતા. ત્યારે પશુપાલકોએ હાથમાં બેનરો સાથે તેમની ગાડી રોકી હતી. પશુપાલકો ઈચ્છતા હતા કે લોકપ્રતિનિધિ તેમની વાત સાંભળે અને આ ડેરી વિવાદનો કાયમી ઉકેલ લાવે. જોકે ઉપસ્થિત લોકોના જણાવ્યા અનુસાર, ધારાસભ્ય પશુપાલકોની વેદના સાંભળવાને બદલે ત્યાંથી ગાડી હંકારી ગયા હતા.

જેથી ધારાસભ્યના ગયા પછી લોકોનો રોષ બેવડાયો હતો. ગ્રામજનોએ કાફલામાં રહેલા ભાજપના અન્ય આગેવાનો અને કાર્યકરોને ઘેરી લીધા હતા. લાંબા સમય સુધી ચાલેલા આ ઘેરાવમાં પશુપાલકોએ પોતાનો આક્રોશ ઠાલવતા સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી કે, જો મધુર ડેરીમાં પશુપાલકોના દૂધના પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો સત્તાધારી પક્ષને આ વખતે મતોનું ભારે નુકસાન વેઠવું પડશે.

ત્યારે સ્થાનિક રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે ડેરીના આ સહકારી વિવાદે હવે પશુપાલકોમાં જે રોષ જન્માવ્યો છે, તે આગામી ચૂંટણીમાં ભાજપ માટે કપરા ચઢાણ સાબિત થઈ શકે છે. જો વહેલી તકે ઉત્તમ અને મધુર ડેરી વચ્ચેનો વહીવટી પેચ નહીં ઉકેલાય તો દૂધની આ લડાઈ મધુર બનવાને બદલે શાસક પક્ષ માટે કડવી સાબિત થશે.

# નર્મદા જિલ્લામાં મતદાર જાગૃતિ માટે અનોખો પ્રયોગ : વધુમાં વધુ મતદાન કરવા અપીલ

પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા રાજપીપલાના કાલાઘોડા સર્કલ પાસે શેરી નાટકના માધ્યમથી અનોખો લોકજાગૃતિ કાર્યક્રમ યોજાયો

• રાજપીપળા, તા 16

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ-૨૦૨૬ અંતર્ગત નર્મદા જિલ્લામાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તથા રાજપીપલા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓનું મતદાન તા. ૨૬મી રવિવારના રોજ યોજાનાર છે. લોકશાહીનો પાયો મજબૂત બનાવવા માટે વધુમાં વધુ મતદારો મતદાનમાં ભાગ લે તે અત્યંત આવશ્યક હોવાથી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાર જાગૃતિ માટે વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ હેતુસર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી દ્વારા સ્વીપ (SVEEP) એક્ટિવિટી અંતર્ગત શાળા, ગામ, શેરી, મહોલ્લા તેમજ જાહેર સ્થળોએ વિવિધ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે રાજપીપળા શહેરમાં કાલાઘોડા સર્કલ નજીક પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા શેરી નાટકના માધ્યમથી અનોખો લોકજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ નાટક દ્વારા મતદાનનું મહત્વ, લોકશાહી પ્રત્યેની નાગરિક જવાબદારી અને "દરેક મત કિંમતી છે" તેવો સંદેશો અસરકારક રીતે રજૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી નિશાંત દવે વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો હતો. કાર્યક્રમને સ્થાનિક નાગરિકો તેમજ અહીંથી પસાર થતા લોકોએ ઉત્સાહપૂર્વક નિહાળ્યો હતો અને વધુમાં વધુ મતદાન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. મતદાન પ્રત્યે લોકોમાં જાગૃતિ વધે અને મતદાનની ટકાવારીમાં વધારો થાય તે માટે આવા સર્જનાત્મક કાર્યક્રમો મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યા છે. અંતમાં જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તમામ મતદારોને આવનારી ચૂંટણીમાં અવશ્ય મતદાન કરીને લોકશાહીને મજબૂત બનાવવાની અપીલ કરવામાં આવી હતી. તસવીર :દીપક જગતાપ, રાજપીપલા



# પત્રકાર પવન માકનનો સનસનીખેજ ખુલાસો! સત્તાના નશામાં ચૂર લોકોના પગ તળેથી જમીન સરકી ગઈ!

• ખાસ અહેવાલ - પાક્કો ગુજરાત

અમદાવાદ:જ્યારે કલમ નિર્ભય બને છે, ત્યારે મોટા-મોટા ગઢ ધરાશાયી થઈ જાય છે. જાણીતા પત્રકાર અને 'પાક્કો ગુજરાત'ના અવાજ સમાન પવન માકને કરેલા લેટેસ્ટ ખુલાસાએ અત્યારે ગાંધીનગરથી લઈને દિલ્હી સુધી ધ્રુજારી પેદા કરી દીધી છે. જે સત્યને દબાવવા માટે લાખોના ખેલ ખેલાયા હતા, તેને પવન માકને એક જ ઝાટકે જનતાની અદાલતમાં લાવીને મૂકી દીધું છે.

૧. સત્યનો રણકો: કોણ છે એ ચહેરા?

પવન માકને જે રીતે પુરાવા સાથે આ ખુલાસો કર્યો છે, તેણે અનેક વગદાર લોકોના મહોરાં ઉતારી નાખ્યા છે. શું આ ખુલાસો ભ્રષ્ટાચાર અંગે છે? કે પછી જનતાના અધિકારો પર તરાપ મારનારા વહીવટી તંત્રની પોલ ખોલે છે? પવન માકનની આક્રમકતા અને પત્રકારત્વની નૈતિકતાએ સાબિત કરી દીધું છે કે જનતાનો સેવક ક્યારેય વેચાતો નથી.

૨. ધમકીઓ અને દબાણ છતાં ઝૂક્યા નહીં પવન માકન!

રાજકારણમાં જ્યારે કોઈ મોટો ખુલાસો થાય, ત્યારે સૌથી પહેલા પત્રકારને દબાવવાના પ્રયાસો થાય છે. પવન માકન સામે પણ અનેક આડખીલીઓ ઊભી કરવામાં આવી, ખોટી અરજીઓ અને દબાણ લાવવામાં આવ્યું, પણ 'પાક્કો ગુજરાત'ના આ લડવૈયાએ સ્પષ્ટ કરી દીધું કે - 'સત્ય લખતા ડરીશું નહીં અને અન્યાય સામે નમીશું નહીં.'

૩. જનતાનો હૂંકાર: હવે આગળ શું?

આ ખુલાસો માત્ર એક સમાચાર નથી, પણ એક આંદોલનની શરૂઆત છે. સોશિયલ મીડિયાથી લઈને પાનના ગલ્લા સુધી અત્યારે પવન માકનના આ 'ધડાકા'ની જ ચર્ચા છે. જનતા હવે સવાલ પૂછી રહી છે કે આટલા મોટા પુરાવા સામે આવ્યા પછી પણ જવાબદારો સામે પગલાં ક્યારે લેવાશે? શું સિસ્ટમ હજુ પણ મૌન રહેશે?

પવન માકને તો વાટ સળગાવી દીધી છે, હવે જોવાનું એ છે કે આ આગમાં કેટલા ભ્રષ્ટાચારીઓ હોમાય છે! 'પાક્કો ગુજરાત' વચન આપે છે કે જ્યાં સુધી ન્યાય નહીં મળે ત્યાં સુધી પવન માકનની કલમ વિરામ લેશે નહીં. સત્ય કડવું છે,

# કલોલમાં મારૂતિ સુઝુકી શોરૂમ પાછળથી પોલીસે જુગાર રમતા 7 શખ્સો ઝડપ્યા



• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાં જુગારધામ પર પોલીસે દરોડો પાડી સાત શખ્સોને ઝડપી પાડ્યા છે. આ ઘટના 14 એપ્રિલ,2026ના રોજ ટાવર ચોકી વિસ્તારમાં આવેલા મારૂતિ સુઝુકી શોરૂમ પાછળની ઝાડીઓમાં બની હતી. પોલીસને ખાનગી બાતમી મળી હતી કે રેલવે ક્રોસિંગ નજીક ખુલ્લી જગ્યામાં કેટલાક લોકો ગંજીપાના વડે જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે કલોલ શહેર પોલીસ સ્ટેશનના સ્ટાફે પંચોને સાથે રાખીને વ્યૂહાત્મક રીતે રેડ કરી હતી. દરોડા દરમિયાન, પોલીસે જુગાર રમતા સાત શખ્સોને રંગેહાથ પકડી પાડ્યા હતા. સ્થળ પરથી અને પકડાયેલા આરોપીઓની અંગઝડતીમાંથી કુલ રૂ. 11,100નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.જપ્ત કરાયેલા મુદ્દામાલમાં આરોપીઓની અંગઝડતીમાંથી મળેલા રૂ. 9,800 રોકડા, દાવ પર રહેલા રૂ. 1,300 રોકડા અને ગંજીપાનાનો સમાવેશ થાય છે.

જેલ સજા ઉપરાંત રૂ.૧,૦૦૦ નો દંડ ન ભરે તો વધુ ૧૦ દિવસની સજા સાથે જેલ કસ્ટડીમાં મોકલવા હુકમ કર્યો

# નામદાર ઓલપાડ કોર્ટે સોંદલાખારા ગ્રા.પં.ના પૂર્વ તલાટીને ઉચાપતના ગુનામાં બે વર્ષની સાદી કેદની સજા ફટકારી

• ઓલપાડ,તા.૧૬

ઓલપાડ તાલુકાના કાંઠા વિસ્તારની સોંદલાખારા ગ્રા.પં. ના તત્કાલિન તલાટી કમ-મંત્રી મુકેશભાઈ ગોહિલ ને નામદાર ઓલપાડ કોર્ટે ગ્રા.પં.ની તિજોરીના ઉચાપત ગુના પ્રકરણના કેસમાં૧૮ વર્ષ પછી બે વર્ષની સાદી કેદની સજા ઉપરાંત રૂ.૧,૦૦૦ નો દંડ ફટકારી જો દંડ ન ભરે તો વધુ ૧૦ દિવસની સજા સાથે જેલ કસ્ટડીમાં મોકલવા હુકમ કર્યો કર્યો છે. જેના પગલે તલાટી બેડામાં ફફડાટનો માહોલ ફેલાયો છે. આ કેસમાં આરોપી તરફે એડવોકેટ આર.એ. મૈસુરીયા તથા ફરીયાદી પક્ષે એડવોકેટ રાધાબેન આર.ચુધે ધારદાર દલીલો કરી હતી. જે દલીલોને ધ્યાને લઈ કોર્ટે આરોપીને સજા ફટકારી હતી. ગુનાની વિગત મુજબ ઓલપાડની સોંદલાખારા ગ્રા.પં. કચેરીમાં સને: ૨૦૦૭ માં તલાટી કમ-મંત્રી પદે મુળ ભરૂચ જિલ્લાના વતની મુકેશ બાબરભાઈ ગોહિલ(હાલ રહે: બી/૧૦,મહાલક્ષ્મી સોસાયટી,સોના હોટલ નજીક, પાલનપુર પાટીયા, રાંદેર રોડ,સુરત) ફરજ બજાવતા હતાં.આ તલાટીએ ગત તા.૦૨/૦૭/ ૨૦૦૭ થી તા.૧૮/ ૦૯/૨૦૦૮ દરમ્યાન ગ્રા.પં.ના વેરા વસુલાતની રકમ,પંચવટી યોજનાની સરકારી ગ્રાન્ટના નાણાં તથા સંપૂર્ણ ગ્રામિણ રોજગાર યોજના ની ગ્રાન્ટના નાણાં મળી કુલ રૂ. ૧,૦૮,૯૧૪ ની રકમ સરકારી તિજોરીમાં જમા કરાવવાના બદલે પોતાના ગજવામાં ઘાલી વાપરી નાંખ્યા હતાં.જે બાબત ધ્યાન ઉપર આવતા તંત્રએ તલાટી વિરૂધ્ધ ઓલપાડ પોલીસ મથકમાં ઉચાપતનો ગુનો દાખલ કર્યો હતો.જે ઉચાપત કેસની નામદાર ઓલપાડ કોર્ટમાં છેલ્લા ૧૮ વર્ષથી સુનાવણી ચાલુ હતી.જે સુનાવણી બાદ નામદાર ઓલપાડ કોર્ટના પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ અને એડી. ચીફ જયુ. મેજિસ્ટ્રેટે ગુરૂવાર તા.૧૬ ના રોજ ફેંસલો જાહેર કરી હુકમ કર્યો હતો કે, આ ગુનામાં આરોપી તલાટીએ સરકારી નાણાં રૂ. ૧,૦૮,૯૧૪ રકમ પ્રજાના કામમાં વાપરવાના બદલે આ રકમની ઉચાપત કરી સરકાર સાથે ગુનાહિત વિશ્વાસઘાત કરતા તે દોષિત છે.જેથી તેને બે વર્ષની સાદી કેદની સજા ઉપરાંત રૂ.૧૦૦૦ નો દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૧૦ દિવસની જેલ સજા સાથે આરોપીને જેલ કસ્ટડીમાં મોકલી આપવા હુકમ કરૂં છું. જે બાબત ધ્યાન ઉપર આવતા તંત્રએ તલાટી વિરૂધ્ધ ઓલપાડ પોલીસ મથકમાં ઉચાપતનો ગુનો દાખલ કર્યો હતો.જે ઉચાપત કેસની નામદાર ઓલપાડ કોર્ટમાં છેલ્લા ૧૮ વર્ષથી સુનાવણી ચાલુ હતી.

આ કેસમાં આરોપી તરફે એડવોકેટ આર.એ. મૈસુરીયા તથા ફરીયાદી પક્ષે એડવોકેટ રાધાબેન આર.ચુધે ધારદાર દલીલો કરી હતી. જે દલીલોને ધ્યાને લઈ કોર્ટે આરોપીને સજા ફટકારી હતી.

# ધારાસભ્ય શૈલેષ મહેતાનું સાઠોદમાં ઘોડેસવારી સાથે ભવ્ય શક્તિ પ્રદર્શન

### વિવાદો અને FIR વચ્ચે પણ ધારાસભ્યનું ગામમાં ઠેર-ઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું

ડભોઈ: ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતાએ ભાજપના ઉમેદવારોના પ્રચાર અર્થે સાઠોદ ગામમાં ઘોડે સવાર થઈ રેલી યોજી શક્તિ પ્રદર્શન કર્યું હતું. તાલુકા પંચાયતના ઉમેદવાર વૈશાલીબેન પટેલ અને જિલ્લા પંચાયતના ઉમેદવાર રાકેશભાઈ ઠાકોરના સમર્થનમાં યોજાયેલી આ રેલીમાં મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા.



નોંધનીય છે કે, ગતરોજ થયેલી બબાલ અને કોંગ્રેસ પ્રમુખ સુધીર બારોટના વતન સાઠોદમાં પ્રચાર હોવાથી ગામ પોલીસ છાવણીમાં ફેરવાયું હતું. અપ્રિય ઘટના રોકવા માટે ૩ DYSP, ૭ PI અને ૧૫ PSI સહિત ૫૫૦થી વધુ પોલીસ જવાનોનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. વિવાદો અને FIR વચ્ચે પણ ધારાસભ્યનું ગામમાં ઠેર-ઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું. શૈલેષ મહેતાએ આ મજબૂત જનસમર્થન બદલ સાઠોદના ગ્રામજનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# વાઘોડિયા રોડ પર ક્રિકેટ મેચમાં 35 રનમાં ઓલઆઉટ થતાં હારી રહેલી ટીમે કેપ્ટન અને બનેવી-ભાણેજ પર કર્યો ઘાતક હુમલો

• વડોદરા

વડોદરા શહેરના વાઘોડિયા રોડ પર આવેલા હીરાભાનગર ગ્રાઉન્ડ ખાતે ક્રિકેટ ટુર્નામેન્ટમા બોલ ધીમે નાખવાની કોમેન્ટ કરતા હારી રહેલી ટીમ ઉશ્કેરાઈ ગઈ હતી. ત્યારબાદ ગ્રાઉન્ડની લાઈટો બંધ કરી અંધારામાં સામેની ટીમના કેપ્ટન તેના બનેવી અને ભાણેજ પર લોખંડના પાઈપથી હુમલો કરવામાં આવ્યો હતો. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે SSG હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.શહેરના ચાંપાનેર દરવાજા વિસ્તાર પાસે રહેતા ચિરાગ ઉર્ફે ધર્મેશભાઈ કિશોરભાઈ કહારે નોંધાવેલી ફરિયાદ મુજબ 15 એપ્રિલ, 2026ના રોજ વાઘોડિયા રોડ પર આવેલા હીરાભાનગર ગ્રાઉન્ડ ખાતે કાલ ભેરવ અને દ્વારકાધીશ-11 ટીમ વચ્ચે ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ હતી.

**ગરમાવો** રજૂઆત બાદ પણ AMCની કાર્યવાહી નહિ

# ચાંદખેડામાં ચૂંટણી પહેલા જ ગરમાવો:ભાજપના ઉમેદવાર અતુલ મિશ્રાના ગેરકાયદે બાંધકામની કોંગ્રેસે પોલ ખોલી

### અતુલ મિશ્રાને હિન્દી ભાષી ચહેરા તરીકે ટિકિટ આપવા મામલે પહેલેથી જ સ્થાનિક કાર્યકરોમાં નારાજગી હતી

• અમદાવાદ

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ જામ્યો છે, ત્યારે શહેરના સૌથી ચર્ચાસ્પદ ચાંદખેડા વોર્ડમાં રાજકીય ભૂકંપ આવ્યો છે. કોંગ્રેસના ઉમેદવાર રાજશ્રીબેન કેસરીએ ભાજપના ઉમેદવાર અતુલ મિશ્રા પર ગેરકાયદેસર બાંધકામ અને દબાણના ગંભીર આક્ષેપો કર્યા છે.

કોંગ્રેસના ઉમેદવાર રાજશ્રીબેન કેસરીના જણાવ્યા મુજબ, અતુલ મિશ્રાએ સોસાયટીના નિયમોનું ઉલ્લંઘન કરીને અનેક ગેરકાયદે કૃત્યો કર્યા છે. બે ફ્લેટ વચ્ચેની 10 ફૂટની માર્જિનની જગ્યામાં ગેરકાયદે બગીચો અને શેડ બનાવી દીધો છે. સોસાયટીની કોમન જગ્યામાં મંજૂરી વગર દરવાજો પાડીને કબજો કર્યો છે. બીજા ફ્લેટના માર્જિનમાં પણ શેડ બનાવીને ખાનગી પાર્કિંગ ઊભું કરી દીધું છે.

રાજશ્રીબેન કેસરીએ વધુમાં ઉમેર્યું કે, આ ભાજપના કેવા ઉમેદવાર છે જે પોતે ગેરકાયદેસર બાંધકામ કરી રહ્યા છે. ચાંદખેડાની જનતાને એવા નગરસેવકની જરૂર છે જે વિકાસ કરી શકે. જેનાથી સોસાયટીના રહીશો ત્રાસી ગયા છે એવા વ્યક્તિને શું નગરસેવક બનાવી શકાય?



જે દબાણ કરી શકે તે બીજું શું નહીં કરે?, જેથી આવા ઉમેદવારોથી દૂર રહેવું જોઈએ.

કોંગ્રેસ પ્રવક્તા હિરેન બેન્કરે આ મુદ્દે તંત્ર પર પણ સવાલો ઉઠાવ્યા છે. તેમણે જણાવ્યું કે, સોસાયટીના રહીશો 2024થી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં રજૂઆત કરી રહ્યા છે, છતાં ભાજપના શાસનમાં કોઈ કાર્યવાહી થતી નથી. આ ગેરકાયદેસર બાંધકામની જગ્યામાં ભાજપની કામગીરી કરવામાં આવતી હતી. દબાણથી કંટાળીને સોસાયટીના ચેરમેને પણ રાજીનામું આપી દીધું છે. શું ગેરકાયદે બાંધકામ કરનારા લોકો નગરસેવક બનીને જનતાની સેવા કરશે? અમારી માગ છે કે, ગેરકાયદેસરનું બાંધકામ અને શેડ તાત્કાલિક અસરથી તોડી પાડવામાં આવે.

ચાંદખેડા વોર્ડમાં ભાજપ માટે મુશ્કેલીઓ વધી રહી છે. અતુલ મિશ્રાને હિન્દી ભાષી ચહેરા તરીકે ટિકિટ આપવા મામલે પહેલેથી જ સ્થાનિક કાર્યકરોમાં નારાજગી હતી. હવે ગેરકાયદે બાંધકામનો વિવાદ સામે આવતા ભાજપની ઉમેદવાર પસંદગીની પ્રક્રિયા પર અનેક સવાલો ઉભા થયા છે. ચર્ચા તો એવી પણ છે કે, ભાજપના અન્ય એક ઉમેદવારનું બાંધકામ પણ વિવાદમાં છે.અહીં સવાલ એ ઊઠી રહ્યાં છે કે, જો ભાજપના ઉમેદવારે ગેરકાયદેસર બાંધકામ કર્યું છે, તો મ્યુનિસિપલ કોર્પોરેશન તપાસ કરી કાર્યવાહી કરશે? માત્ર આ એક જ ઉમેદવાર નહીં, અન્ય એક ભાજપના ઉમેદવારનું પણ ગેરકાયદેસર બાંધકામ હોવા અંગેની ચર્ચા જાગી છે, ત્યારે ભાજપના જ ઉમેદવારો જો ગેરકાયદેસર બાંધકામોમાં સંડોવાયેલા હોય તો શું આવા નગરસેવકો પ્રજાની સાચી સેવા કરશે કે કેમ? તે પણ મોટો પ્રશ્ન છે.

### ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (GCCI) દ્વારા આયોજિત 'GATE 2026' ટ્રેડ એક્સ્પોનું ઉદ્ઘાટન

# ટ્રેડ એક્સ્પો 'GATE 2026'નો મુખ્યમંત્રીએ પ્રારંભ કરાવ્યો, ત્રણ દિવસીય એક્સ્પોમાં 610 સ્ટોલ

**GATE 2026** GATE 2026નું આયોજન વિકસિત ભારતના વિઝનને આગળ વધારશે

• ગાંધીનગર

ગાંધીનગર ખાતે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (GCCI) દ્વારા આયોજિત 'GATE 2026' ટ્રેડ એક્સ્પોનું ઉદ્ઘાટન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. ગાંધીનગર હેલિપેડ એક્ઝિબિશન સેન્ટર ખાતે યોજાયેલા આ ત્રણ દિવસીય એક્સ્પોમાં 610 જેટલા સ્ટોલ દ્વારા વિવિધ ઉદ્યોગોનું પ્રદર્શન કરવામાં આવ્યું છે. જ્યાં 50 હજારથી વધુ મુલાકાતીઓ આવવાની અપેક્ષા છે. આ પ્રસંગે ક્રેડાઈ પ્રમુખ શેખરભાઈ પટેલ તેમજ જીનલ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્યોગ,



ટેક્નોલોજી અને નવીનતા પર કેન્દ્રિત આ એક્સ્પોમાં સેમીકન્ડક્ટર, ઓટોમોબાઈલ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) જેવા ક્ષેત્રોને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, "દેશ આજે વિકસિત ભારતના સંકલ્પ સાથે આગળ વધી રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વેપાર અને ઉદ્યોગને નવી દિશા મળી છે." તેમણે વધુમાં ઉમેર્યું કે, ગુજરાત આજે વિવિધ ક્ષેત્રોમાં અગ્રેસર બની રહ્યું છે અને આવનારા સમયમાં સેમીકન્ડક્ટર ક્ષેત્રમાં હબ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે.

તેમણે GCCIની ભૂમિકા અંગે પણ વખાણ કરતાં જણાવ્યું કે, ઉદ્યોગોના પ્રશ્નોને સરકાર સુધી પહોંચાડવામાં GCCIનું યોગદાન મહત્વપૂર્ણ રહ્યું છે. સાથે જ 'વાઈબ્રન્ટ સમિટ' જેવી પહેલો દ્વારા ગુજરાતની ક્ષમતાને વૈશ્વિક સ્તરે પહોંચાડવામાં આવી રહી છે.GCCIના પ્રમુખ સંદીપભાઈ એન્જિનિયરે જણાવ્યું કે, "GATE 2026નું આયોજન વિકસિત ભારતના વિઝનને આગળ વધારવા માટે કરવામાં આવ્યું છે. 610 સ્ટોલ સાથે વિવિધ ક્ષેત્રોને એક જ મંચ પર લાવવામાં આવ્યા છે." તેમણે ઉમેર્યું કે, ગ્લોબલ પરિસ્થિતિ હવે સ્થિર બની રહી છે અને આ આયોજન દરમિયાન કોઈ ખાસ પડકારોનો સામનો કરવો પડ્યો નથી.

એક્સ્પોમાં કોમન ગેમ્સના રોડમેપ જેવા વિષયો પણ સમાવેશ કરવામાં આવ્યા છે, જે ભવિષ્યના વિકાસ માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે.આ રીતે, 'GATE 2026' ટ્રેડ એક્સ્પો રાજ્યના ઉદ્યોગ અને વેપાર ક્ષેત્રને નવી ઊંચાઈઓ તરફ દોરી જવાનું મહત્વપૂર્ણ પ્લેટફોર્મ સાબિત થઈ રહ્યો છે.

# કુડાસણના 'કિંગ ધ લકઝરી હમામ સ્પા'માં એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટનો દરોડો

### મસાજ પાર્લરની આડમાં ચાલતા દેહ વ્યાપારના રેકેટનો પર્દાફાશ

• ગાંધીનગર

ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં આવેલા સ્વાગત રેઈન ફોરેસ્ટ-2 કોમ્પ્લેક્ષમાં મસાજ પાર્લરની આડમાં ચાલતા અનૈતિક દેહવ્યાપારના નેટવર્કને એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટ દ્વારા ઝડપી પાડવામાં આવ્યું છે. પૂર્વ બાતમીના આધારે પોલીસે કિંગ ધ લકઝરી હમામ સ્પામાં દરોડા પાડીને દેહવ્યાપાર કરાવતી અમદાવાદની મહિલા સંચાલિકા જલ્પા ભાવેશભાઈ મકવાણાની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.




ગાંધીનગરના કુડાસણમાં સ્વાગત રેઈન ફોરેસ્ટ-2 કોમ્પ્લેક્ષના બીજા માળે કિંગ ધ લકઝરી હમામ સ્પાની આડમાં દેહ વ્યાપારનો ગોરખધંધો ધમધમી રહ્યો હોવાની એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટને બાતમી મળી હતી. જેના પગલે AHTUની ટીમ દ્વારા એક ડમી ગ્રાહકને રજિસ્ટર્ડ સીરીયલ નંબર વાળી રૂ.500 ની 14 નોટો આપીને સ્પામાં મોકલ્યો હતો. બાદમાં ડમી ગ્રાહકે સ્પામાં જઈ મસાજ અને દેહ વિક્રિયની માંગણી કરતા સંચાલિકાએ સંમતિ આપી હતી. ત્યારે ગ્રાહક તરફથી લીલીઝંડી મળતા જ પોલીસ કાફલાએ તુરંત સ્પામાં પ્રવેશ કર્યો હતો.આ રેઈડ દરમિયાન રૂમ નંબર 1માંથી એક પીડિત યુવતી મળી આવી હતી.જેની પાસે ગ્રાહકે આપેલ રજિસ્ટર્ડ સીરીયલ નંબર વાળી ચલણી નોટો મળી આવી હતી. જે અંગે સ્પામાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવતા સ્ટાફ રૂમમાંથી અન્ય ત્રણ યુવતીઓ પણ મળી આવી હતી. જેઓ મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, અમદાવાદ અને મિઝોરમ જેવા વિવિધ વિસ્તારોની વતની હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. પીડિત યુવતીઓએ પોલીસ સમક્ષ કબૂલાત કરી હતી કે સંચાલિકા જલ્પા તેમને દેહવ્યાપાર માટે માસિક પગાર આપતી હતી. આ મામલે પોલીસે સ્થળ પરથી દેહવ્યાપારના વકરાના કુલ રૂ. 5 હજાર જપ્ત કરી સંચાલિકા જલ્પાબેન મકવાણા વિરુદ્ધ ધ ઈમોરલ ટ્રાફિક પ્રીવેન્શન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ડભોઈ તાલુકા પંચાયત કચેરી ખાતે ગતરોજ ઉમેદવારે ફોર્મ પરત ખેંચવા બાબતે ધારાસભ્ય શ્રી સાથે ઝપાઝપી

ભાજપ કોંગ્રેસના કાર્યકરો વચ્ચે મારામારી મામલો સર્જાયો હતો બનાવ અનુસંધાને ફરિયાદી મૂળજીભાઈ વસાવાએ કોંગ્રેસ પક્ષના\7 લોકો ઉપર એટ્રોસિટી અને રાયોટિંગ નો ગુનો નોંધાયો હતો જેમાં કોંગ્રેસ તાલુકા પ્રમુખ સહિતથુવાવી સીટ પરના કોગ્રેસના જિલ્લા પંચાયત ઉમેદવાર રાકેશ પટેલ પર નોંધાતા રાજકીય ક્ષેત્રે ભુકંપ સર્જાયો હતો..ગઈકાલે ડભોઈ તાલુકા પંચાયત કચેરી ખાતે ઉમેદવારી પત્ર પરત ખેંચવાનો છેલ્લો દિવસ હતો તાલુકા પંચાયત કુંઢેલા સીટ પરથી આમ આદમી પાર્ટીના ઉમેદવાર મૂળજીભાઈ સોમાભાઈ વસાવા રહેવાસી કુંઢેલા નવીનગરી ના ઓ એ પોતાની ઉમેદવારી પરત ખેંચવા માંટે કચેરી ખાતે પહોંચ્યા હતા તે વખતે કોંગ્રેસના સુધીરભાઈ દિલીપભાઈ બારોટ રાકેશભાઈ વિનોદચંદ્ર પટેલ અંકિતભાઈ રાજેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ કમલ રાકેશ બારોટ અક્ષય કિરીટભાઈ બારોટ અજય ધર્મેશભાઈ બારોટ અને દિલીપભાઈ અંબાલાલ પટેલે ભેગા મળી તું ફોર્મ કેમ પાછું ખેંચે છે તું તારે જાત બતાવી દીધી છે તેમ કહી બળજબરી કરી તમામે મૂળજીભાઈને



મારી નાખવાની ધમકી આપી તથા ગમેતેમ માં બહેન સમાન ગાળો તથા જાહેરમાં જાતી વિષયક અપમાનજનક શબ્દો બોલી ઝપાઝપી અને ધક્કા મુકી થતા દરમિયાન ધારાસભ્ય શ્રી વચ્ચે સમજાવવા જતા દરમ્યાન તેઓ સાથે ઝપાઝપી થતા ભાજપ કોંગ્રેસના કાર્યકર્તાઓ વચ્ચે થયેલી છુટા હાથની મારામારી ના પગલે આજરોજ મૂળજીભાઈ સોમાભાઈ વસાવા એ ઉપરોક્ત તમામ વિરોધ ડભોઈ પોલીસમાં એટ્રોકસિટી અને રાયોટિંગનો ગુનો દાખલ કરતા રાજકીય ક્ષેત્રે ભુકંપ સર્જાયો હોવાનું જાણવા મળે છે.

# ડભોઇ: કમોસમી વરસાદની અસર છતાં બજારમાં 'ગોરાસામલી'ની ધૂમ, ભાવ 200ને પાર



ડભોઈ (ફકીરા ખત્રી): ઐતિહાસિક નગરી ડભોઈના બજારમાં અત્યારે કુદરતી પેદાશ એવી 'ગોરાસામલી'નું આગમન થઈ ચૂક્યું છે. નદી કિનારાના રેતાળ વિસ્તારોમાં થતું આ ફળ દેખાવમાં રંગબેરંગી અને સ્વાદમાં અદ્દલ તાજા કોપરા જેવું મીઠું હોય છે, જે ખાણી-પીણીના શોખીનોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

મુખ્ય અંશો: * ભાવમાં તેજી: ચાલુ વર્ષે કમોસમી વરસાદને કારણે પાકને વ્યાપક નુકસાન થયું છે. આવક ઘટતા બજારમાં ગોરાસામલી 150 થી 200 પ્રતિ કિલોના ઊંચા ભાવે વેચાઈ રહી છે.* કુદરતી સ્વાદ: ઉપરથી રંગીન પણ અંદરથી દૂધ જેવી સફેદ ગોરાસામલી તેની કુદરતી મીઠાશને કારણે 'ગરીબોના બદામ' તરીકે ઓળખાય છે.* રોજગારી: ડભોઈ એસ.ટી. ડેપો અને મુખ્ય માર્ગો પર ગ્રામીણ શ્રમિકો વહેલી સવારથી આ મોસમી ફળ વેચીને રોજગારી મેળવી રહ્યા છે.

### ચૂંટણી પ્રચારમાં 'વિકાસ' ને બદલે 'વ્યક્તિગત ટિપ્પણી' પર જોર?

# ખંભાળિયાના રણમેદાનમાં કાકા-ભત્રીજી વચ્ચે જંગ: ફોટાની ચેલેન્જમાં જાહેર જીવન છોડવાની શરત!

• દેવભૂમિ દ્વારકા

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. દેવભૂમિ દ્વારકાના ખંભાળિયામાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચેની લડાઈ હવે 'વ્યક્તિગત પ્રતિષ્ઠા'નો જંગ બની ગઈ છે. ભાજપના સાંસદ પૂનમબેન માડમ અને તેમના કાકા તેમજ કોંગ્રેસના દિગ્ગજ નેતા વિક્રમભાઈ માડમ વચ્ચે 'ફોટા' મામલે જાહેરમાં એકબીજાને પડકાર ફેંકવામાં આવતા રાજકારણ ગરમાયું છે.

શું છે સમગ્ર વિવાદ?

ખંભાળિયામાં ભાજપના 'વિકાસ સંમેલન' દરમિયાન



પૂનમબેન માડમે કોંગ્રેસ પર આકરા પ્રહાર કરતા એક ગંભીર પડકાર ફેંક્યો હતો. તેમણે કાર્યકરોને સંબોધતા કહ્યું કે:

'કોંગ્રેસનો કોઈ સામાન્ય કાર્યકર તેના ટોચના નેતા (રાહુલ ગાંધી) સાથે ફોટો પડાવીને બતાવે. જો કોઈ કાર્યકર આવું કરી બતાવે, તો હું જાહેર જીવન છોડી દઈશ.'

કાકાનો વળતો પ્રહાર: 'તમે કહો તેની સાથે ફોટો પડાવી દઉં'

ભત્રીજીના આ પડકારને ઝીલી લેતા કાકા વિક્રમ માડમે પણ મૌન તોડ્યું છે. તેમણે વળતો જવાબ આપતા કહ્યું કે, કોંગ્રેસમાં કાર્યકરોને પૂરતું સન્માન મળે છે. વિક્રમ માડમે આત્મવિશ્વાસ સાથે જણાવ્યું કે:

'તમે કહો તે કાર્યકરનો રાહુલ ગાંધી સાથે ફોટો પડાવી દઉં. જો હું આ સાબિત કરી દઉં, તો શું પૂનમબેન ખરેખર જાહેર જીવન છોડશે?

ચૂંટણી પ્રચારમાં 'વિકાસ' ને બદલે 'વ્યક્તિગત ટિપ્પણી' પર જોર?

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સામાન્ય રીતે રસ્તા, પાણી અને ગટર જેવા સ્થાનિક મુદ્દાઓ ગાજતા હોય છે, પરંતુ ખંભાળિયામાં ચિત્ર કંઈક અલગ જ જોવા મળી રહ્યું છે.

* ભાજપ: પૂનમબેન માડમ દ્વારા ભાજપની શિસ્ત અને નેતાઓની કાર્યકરો સાથેની નિકટતાને મુદ્દો બનાવવામાં આવી રહ્યો છે.

* કોંગ્રેસ: વિક્રમ માડમ ભાજપના અહંકારને તોડવાની વાત કરી રહ્યા છે.

પાક્કો ગુજરાત વિશેષ નોંધ:

ખંભાળિયાની જનતા અત્યારે આ 'કાકા-ભત્રીજી'ના શાબ્દિક યુદ્ધને કુતૂહલપૂર્વક જોઈ રહી છે. હવે જોવાનું એ રહેશે કે આ 'ફોટા'ની ચેલેન્જ કોને ભારે પડે છે અને મતદારો વિકાસના નામે વોટ આપે છે કે પછી આ ગજગ્રાહની અસર ઈવીએમ પર જોવા મળશે.

અહેવાલ: રાજકીય પ્રતિનિધિ, પાક્કો ગુજરાત

તંત્રીની કલમે

# સમયની કિંમત અને સંબંધોની ગરિમા

આજની આ ભાગદોડ ભરી જિંદગીમાં માણસ પાસે બધું જ છે, પણ જો કંઈ નથી તો એ છે 'સમય'. આપણે ઘણીવાર પૈસા, મિલકત કે ભૌતિક વસ્તુઓને કિંમતી માનીએ છીએ, પણ વાસ્તવમાં આ દુનિયામાં સૌથી મોંઘી ચીજ જો કોઈ હોય તો એ 'સમય' છે.

જ્યારે કોઈ વ્યક્તિ તમારી પાછળ પોતાનો સમય ખર્ચે છે, ત્યારે સમજજો કે એ વ્યક્તિ માત્ર મિનિટો કે કલાકો નથી આપતી, પણ એ પોતાની જિંદગીનો એ હિસ્સો તમને આપી રહી છે જે એને બ્રહ્માંડની કોઈ પણ તાકાત વાપરીને પાછો મળવાનો નથી.



કેમ આપવું જોઈએ એ વ્યક્તિને વધુ માન?

* પૈસો પાછો આવશે, સમય નહીં: તમે ગુમાવેલા પૈસા મહેનત કરીને ફરી કમાઈ શકો છો, પણ વીતેલી એક ક્ષણ પણ અબજો રૂપિયા ખર્ચવા છતાં પાછી નથી આવતી.

* તેમની પસંદગી તમે છો: જે વ્યક્તિ પાસે હજારો કામ હોવા છતાં તમારી સાથે વાત કરવા કે તમને મળવા માટે સમય કાઢે છે, એનો અર્થ એ છે કે તેની પ્રાથમિકતાઓમાં તમે સૌથી ઉપર છો.

* લાગણીનું રોકાણ: સમય ખર્ચવો એ માત્ર હાજરી નથી, પણ એક અતૂટ લાગણીનું રોકાણ છે. એ વ્યક્તિ પોતાની જિંદગીની સૌથી મૂલ્યવાન મૂડી તમારી ખુશી માટે ખર્ચી રહી છે.

મારો અંદાજ, મારો સંદેશ

ઘણીવાર આપણે જે આપણી નજીક હોય છે એની કિંમત ભૂલી જઈએ છીએ. યાદ રાખજો, જે લોકો તમારી પાછળ સમય આપે છે એ તમારી જરૂરિયાત નથી, એ તમારું સદનસીબ છે. કોઈને 'વસ્તુ' આપીને રાજી કરવા કરતા 'વખત' આપીને સાચવી લેવા એ સાચી માનવતા છે.

બોટમ લાઈન:

જો કોઈ તમારી પાછળ સમય ખર્ચી રહ્યું હોય, તો એનું સન્માન કરજો. એને 'વેવલાવેડા'માં ન ખપાવતા, કારણ કે એ પોતાની જિંદગીનો એ ટુકડો તમને ભેટ આપી રહ્યો છે જે ઈશ્વરે પણ એને લિમિટેડ આપ્યો છે.

જીવો તો શાનથી, સાચવો તો દિલથી!

પવન માકન

આપનાં તો અઢાર વાંકાં-અષ્ટાવક્ર | જંગલમાં બીજું બધું અસ્થાયી હતું, ચૂંટણીઓ સ્થાયીયી હતી

# 'મતદારોને ઈન્ફ્લુએન્સ કરો!' : અધિકારી બબ્બન બિલાડાનો ઈન્ફ્લુએન્સર્સને આદેશ

**જંગલમાં યોજાઈ રહેલી 'વન સ્વરાજ'ની ચૂંટણીમાં રાજા સિંહની પાર્ટીના ઉમેદવારો જીતે તે માટે રીંછભાઈએ ઈન્ફ્લુએન્સર્સની મદદ લેવાનો વ્યૂહ ઘડી કાઢ્યો હતો**

જંગલમાં બીજું બધું અસ્થાયી હતું, ચૂંટણીઓ સ્થાઈયી હતી. જંગલમાં ચૂંટણીનું તંત્ર એવી રીતે ગોઠવાયું હતું કે જંગલના બધા જ નેતાઓ વ્યસ્ત રહેતા હતા અને ચૂંટણી જીતીને મસ્ત રહેતા હતા. નેતાઓના આંતરિક વર્તુળોમાં આવાં સૂત્રો કહેવાતાં હતાં: 'મોંઘવારી ઘટે કે ન ઘટે, આપણી સાહ્યબીમાં કંઈ નો ઘટે... વિકાસ થાય કે ન થાય, મતદારોનો રકાસ થતો રહેવો જોઈએ... ગરીબી હટે કે ન હટે, બધું ચાલવું જઈએ અટ્ટેગટ્ટે... જંગલવાસીઓને પણ આ વાતની ખબર હતી. જંગલવાસીઓ પાસે મત નામનું એક શસ્ત્ર હતું. ક્યારેય બહુ આક્રોશમાં આવે તો મતદારો એકને બદલે બીજાને મત આપીને પરિણામ બદલી શકતા, પરંતુ જંગલના નેતાઓમાં એક સરખા અવગુણો હતા તેથી જેને ચૂંટી કાઢે એ પણ જીતીને જૂના નેતાઓ જેવો જ થઈ જતો. છતાં જંગલના નિયમો બનાવનારાઓને ચૂંટણી પ્રક્રિયામાં વિશ્વાસ હતો એટલે તેમણે ત્રણ સ્તરીય ચૂંટણીઓની વ્યવસ્થા ગોઠવી હતી.

એક ચૂંટણી તો સીધી આખાય જંગલના રાજાને પસંદ કરવા થતી, એને 'જંગલ સ્વરાજ'ની ચૂંટણી કહેવાતી. બીજી ચૂંટણી જંગલના વિવિધ ભાગોમાં સંચાલન કરવા માટે મુખ્યમંત્રીઓની થતી, એને 'અરણ્ય સ્વરાજ'ની ચૂંટણી કહેવાતી. એમાં જંગલોના વિવિધ ભાગોના સંચાલનની જવાબદારી મળતી. એમાં માત્ર એ ભાગમાં રહેતા જંગલવાસીઓ




મતદાન કરતા. ત્રીજી ચૂંટણી વનના નાના-નાના વિભાગોના સંચાલન માટે નેતા પસંદ કરવાની થતી. એને 'વન સ્વરાજ' નામ મળ્યું હતું. એમાં એ વિસ્તારો રહેતા જંગલવાસીઓ મતદાન કરીને પોતાનો નેતા ચૂંટી કાઢતા.

અત્યારે જંગલમાં 'વન સ્વરાજ'ની ચૂંટણી યોજાઈ રહી હતી. સિંહની પાર્ટીના ઉમેદવારો સામે વિપક્ષના નેતા સસલાભાઈની પાર્ટીના નેતાઓ મેદાને પડયા હતા ને વળી મુખ્યમંત્રી કાચબાભાઈ કકળાટિયાની પાર્ટીના નેતાઓ પણ ટક્કર આપવાની નેમ સાથે પૂરજોશ પ્રચાર કરતા હતા. સિંહે તેમની પાર્ટીના પ્રમુખ ઘુડખર ઘોંઘાટિયાને તાકીદ કરી, 'જો ભઈ, હું કે રીંછભાઈ આ ચૂંટણીમાં પ્રચાર નહીં કરીએ. બધો ભાર તારા પર છે.'

ઘુડખર ઘોંઘાટિયાએ ઉત્સાહમાં ઘોંઘાટ કર્યો, 'રાજાજી, ડોન્ટ વરી. આપણે એવો પ્રચાર કરીશું કે સસલાભાઈ ને કાચબાભાઈ કકળાટિયા એમ બંનેના નેતાઓ આપણી સામે ટકી નહીં શકે.' ઘુડખર ઘોંઘાટિયાનો કોન્ફિડન્સ જોઈને તો થોડીવાર રાજા સિંહનેય નવાઈ લાગી.

ઘુડખરે જોરશોરથી પ્રચાર શરૂ કર્યો. તેમણે પાર્ટી કાર્યકરોને આદેશ આપ્યો, 'આપણે કોઈ પણ રીતે જીતવાનું છે. રાજા સિંહનો આદેશ છે.' ભક્ત શિરોમણી કાર્યકર ઘેટાભાઈ ઘાસફૂસિયાને ઉમેદવારો પસંદ કરવાની જવાબદારી આપી. સ્વઘોષિત વિદ્વાન હોલા હઠીલાને ચૂંટણીનું સાહિત્ય બનાવવાનું કામ સોંપ્યું. પાડાકુમાર પંચાતિયાને ચૂંટણીના દિવસે જરૂર પડયે મતદારોને ડરાવવા-ધમકાવવા માટે ટીમ બનાવવાનો ટાસ્ક સોંપ્યો.ચૂંટણીની તૈયારીનો અહેવાલ જોઈને રાજા સિંહને ધરપત તો હતી છતાં જંગલની સરકારના ઈન્ટેલિજન્સ વિભાગના વડા જરખ જાસૂસ પાસે ગ્રાઉન્ડ લેવલનો અહેવાલ તૈયાર કરાવ્યો. આમ તો આ સરકારી એજન્સીનું કામ જંગલવાસીઓના હિતમાં ગુપ્ત માહિતી મેળવવાનું રહેતું, પરંતુ રાજા સિંહના કાર્યકાળમાં આ વિભાગનો રોલ સદંતર બદલાઈ ગયો હતો. જરખ જાસૂસની આખી ટીમ વિપક્ષના નેતાઓ અને વિરોધીઓ પર નજર રાખતી હતી અને પોતાને હોંશિયાર-જાગૃત માનતા જંગલવાસીઓ પર પણ જરખ ખાસ નજર રાખતો. જરખ જાસૂસે થોડા દિવસમાં અહેવાલ તૈયાર કરીને રાજા સિંહને આપ્યો: 'જંગલના સોશિયલ મિડીયામાં આપણા કામ સામે આક્રોશ છે. મતદારો 'વન સ્વરાજ'ની ચૂંટણીમાં વિપક્ષના ઉમેદવારોની પોસ્ટ અને ભાષણો લાઈક કરી રહ્યા છે. આ ટ્રેન્ડ ચાલશે તો વન સ્વરાજની ચૂંટણીમાં આપણો પરાજય થશે.' રાજા સિંહને તો આ સાંભળીને પરસેવો વળી ગયો. રાજા સિંહ મનોમન બબડયા, 'વન સ્વરાજની ચૂંટણીમાં હાર થાય તો પછી એની પાછળ આવતી અરણ્ય સ્વરાજની ચૂંટણીમાં પણ પરાજય થાય અને એ પછી તો જંગલ સ્વરાજ... નહીં.. નહીં... કંઈક કરવું પડશે.'

# ડાંગ,સાપુતારા ઈન્ટરનેશનલ સ્કૂલમાં ધોરણ ૧૦ CBSE બોર્ડના વિદ્યાર્થીઓનું ૧૦૦ ટકા પરિણામ



• આહવા/ડાંગ

સાપુતારા ઈન્ટરનેશનલ સ્કૂલના (CBSE BOARD ) માં ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓએ વર્ષ ૨૦૨૫- ૨૦૨૬ ની બોર્ડની પરીક્ષામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને ૧૦૦ % પરિણામ હાંસલ કર્યું છે. આ વર્ષે કુલ ચાર વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા. અને તમામ વિદ્યાર્થીઓ સફળ થયા છે. શાળાના ટોપર તરીકે વિરાટ કુમાર સંતોષ લાડે ૮૩.૪૦% ગુણ મેળવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. જ્યારે શ્રેયાંશ કુમાર વસંનજી ગામીત એ ૬૭.૦૦% અનુક્રમે દ્વિતીય અને આફતાબ મોહમદ કુરેશીએ ૬૫.૦૦% તૃતીય સ્થાન મેળવ્યું છે. અને પ્રણવ જીતેશ પટેલે ૬૨.૪૦% ચોથો ક્રમ મેળવ્યો છે.

આ સફળતા વિદ્યાર્થીઓની સખત મહેનત શિક્ષકોના માર્ગદર્શન અને માતા-પિતાના સહકારનું ઉત્તમ પરિણામ છે. વિદ્યાર્થીઓની આ સિધ્ધિઓ બદલ શાળા પરિવારે તેઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

# જૂનાગઢ SP કચેરીમાં ન્યાયના નામે 'ઝેરના પારખા': અરજદારે ફિનાઈલ પીતા ખળભળાટ!

**સ્થાનિક સ્તરે થતી ચર્ચાઓ મુજબ, અરજદાર છેલ્લા ઘણા સમયથી ન્યાય મેળવવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યો હતો**

જૂનાગઢ: પોલીસના ઉંબરે ન્યાય માટે ધક્કા ખાઈને થાકેલા એક અરજદારે આખરે મોતની છલાંગ લગાવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. જૂનાગઢ એસપી કચેરી ખાતે જ અરજદારે ફિનાઈલ ગટગટાવી લેતા પોલીસ તંત્રના દોડધામ મચી ગઈ હતી. આ ઘટનાએ ફરી એકવાર 'ન્યાય પ્રણાલી' સામે અનેક સવાલો ઉભા કર્યા છે.

મળતી વિગતો મુજબ, એક પીડિત અરજદાર લાંબા સમયથી ન્યાયની આશાએ કચેરીઓના ધક્કા ખાઈ રહ્યો હતો. રજૂઆતો કરવા છતાં પરિણામ શૂન્ય મળતા, હતાશામાં આવી ગયેલા અરજદારે એસપી કચેરીના પટાંગણમાં જ ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ઘટનાને પગલે સ્થળ પર હાજર પોલીસ કર્મીઓએ તાત્કાલિક અરજદારને સારવાર અર્થે ખસેડ્યો હતો, જ્યાં હાલ તેની હાલત પર નજર રાખવામાં આવી રહી છે.

મનપા એન્જિનિયર સહિત 2 સામે એટ્રોસિટીનો ગુનો દાખલ

અરજદારના આ આક્રમક પગલાં બાદ તંત્ર સફાળું જાગ્યું છે. આ મામલે લેટેસ્ટ અપડેટ મુજબ:

* મનપાના એન્જિનિયર અને અન્ય એક શખ્સ વિરુદ્ધ એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

* પોલીસ દ્વારા ફરિયાદ નોંધવાની તજવીજ તેજ કરી દેવામાં આવી છે.

* ઉચ્ચ અધિકારીઓ દ્વારા સમગ્ર મામલાની તપાસના આદેશો આપી દેવાયા છે.

ન્યાય માટે કેટલો સંઘર્ષ?

સ્થાનિક સ્તરે થતી ચર્ચાઓ મુજબ, અરજદાર છેલ્લા ઘણા સમયથી ન્યાય મેળવવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યો હતો. પરંતુ તંત્રની કથિત ઉદાસીનતાને કારણે તેણે આવું અંતિમ પગલું ભરવાની ફરજ પડી હોવાનું મનાય છે.

પાક્કો ગુજરાત સવાલ પૂછે છે:

શું સામાન્ય માણસને ન્યાય મેળવવા માટે પોતાના જીવનું જોખમ ખેડવું પડશે? શું કચેરીઓમાં બેઠેલા અધિકારીઓ અરજદારોની પીડા સાંભળવાને બદલે તેમને મજબૂર કરી રહ્યા છે?

તપાસ બાદ દૂધનું દૂધ અને પાણીનું પાણી થશે

હાલ તો પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે, પરંતુ આ ઘટનાએ જૂનાગઢના વહીવટી તંત્રની પોલ ખોલી નાખી છે. તપાસ પૂર્ણ થયા બાદ જ સત્ય બહાર આવશે કે ખરેખર દોષિત કોણ છે.

## રાશીફળ (તા.17-04-2026)

**મેષ (અ.લ.ઈ)** આજનો દિવસ ઉત્સાહ, નવી ઉર્જા અને આત્મવિશ્વાસથી ભરેલો રહેશે. તમે કોઈ નવું કામ શરૂ કરવા ઈચ્છતા હો તો સમય અનુકૂળ છે. નોકરીમાં ઉચ્ચ અધિકારીઓ તમારી મહેનતને ઓળખશે.

**વૃષભ (બ.વ.ઉ)** આજે તમને દરેક કામમાં ધીરજ અને સમજદારીથી આગળ વધવું પડશે. આર્થિક મામલાઓમાં ખાસ સાવચેતી રાખો, કોઈપણ મોટું રોકાણ કરવા પહેલા વિચારવિમર્શ કરવો જરૂરી છે.

**મિથુન (ક.છ.ઘ)** આજનો દિવસ મિશ્ર પરિણામ આપનાર રહેશે. નવા લોકો સાથે ઓળખાણ થશે, જે ભવિષ્યમાં લાભદાયક સાબિત થઈ શકે છે. નોકરીમાં નવી જવાબદારીઓ મળી શકે છે.

**કર્ક (ડ.હ)** આજે પરિવાર અને સંબંધોમાં મીઠાશ વધશે. ઘરનું વાતાવરણ ખુશનુમા રહેશે, અને કોઈ શુભ પ્રસંગની શક્યતા છે. નોકરીમાં તમારા કાર્યની પ્રશંસા થશે અને પ્રમોશનના યોગ બની શકે છે.

**સિંહ (મ.ટ)** આજે તમારું આત્મવિશ્વાસ શિખરે રહેશે. કોઈ મહત્વપૂર્ણ નિર્ણય લેવાનો સમય છે, જે ભવિષ્ય માટે લાભદાયક સાબિત થશે. વ્યવસાયમાં નવા કરારો થઈ શકે છે અને નફો વધશે.

**કન્યા (પ.ઠ.ણ)** આજે આયોજન અને શિસ્તથી કામ કરશો તો દરેક કાર્યમાં સફળતા મળશે. કાર્યસ્થળે તમારી કામગીરીની પ્રશંસા થશે, જે તમારા આત્મવિશ્વાસમાં વધારો કરશે.

**તુલા (ર.ત)** આજે સંતુલન જાળવવું ખૂબ જ જરૂરી છે. કામ અને પરિવાર વચ્ચે સંતુલન રાખશો તો દિવસ સરળ બનશે. નોકરીમાં વ્યસ્તતા વધશે, પરંતુ તમારા પ્રયત્નોથી સફળતા મળશે.

**વૃશ્ચિક (ન.ય.)** આજનો દિવસ ખૂબ જ શુભ છે. કોઈ સારા સમાચાર મળવાથી આનંદ થશે. નોકરીમાં પ્રગતિના યોગ છે અને તમારા પ્રયત્નોનું સકારાત્મક પરિણામ મળશે.

**ધન (ભ.ધ.ફ.ઢ)** આજે નવા અવસર તમારા દરવાજે ખટખટાવશે. પ્રવાસના યોગ છે, જે તમને નવી દિશા આપશે. વ્યવસાયમાં નફો વધશે અને નવા પ્રોજેક્ટ હાથ ધરશો.

**મકર (ખ.જ)** આજે તમારી મહેનતનું ફળ ચોક્કસ મળશે. કાર્યક્ષેત્રમાં સફળતા મળશે અને તમારા કામની પ્રશંસા થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનશે અને રોકાણથી લાભ મળશે.

**કુંભ (ગ.શ.સ.ષ)** આજે તમારી સર્જનાત્મકતા અને નવા વિચારોને માન્યતા મળશે. નોકરીમાં પ્રશંસા મળશે અને નવા અવસર મળી શકે છે. વ્યવસાયમાં નવી યોજનાઓ સફળ થશે.

**મીન (દ.ચ.ઝ.થ)** આજે ભાવનાત્મક રીતે મજબૂત રહેવાની જરૂર છે. કામમાં ધ્યાન કેન્દ્રિત કરશો તો સફળતા મળશે. આર્થિક સ્થિતિ સ્થિર રહેશે, પરંતુ ખર્ચ પર નિયંત્રણ રાખવું જરૂરી છે.

# મહાનગરપાલિકાના ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ વિભાગ દ્વારા વીર શહીદ અગ્નિશામક જવાનોને શ્રદ્ધાંજલિ સાથે જનજાગૃતિ રેલી યોજાઈ

**પોરબંદરમાં અગ્નિશામક સેવા દિનની ભાવભીની ઉજવણી**

• ગોસા(ઘેડ)તા.૧૬

દર વર્ષે ૧૪મી એપ્રિલના દિવસની સમગ્ર દેશમાં "અગ્નિશામક સેવા દિન" તરીકે ઉજવણી કરવામાં આવે છે. આ દિવસનો ઈતિહાસ ૧૯૪૪ના મુંબઈ ડોકયાર્ડમાં થયેલી ભયંકર દુર્ઘટનાથી જોડાયેલો છે, જેમાં "એસ.એસ. ફોર્ટ સ્ટાઈકીન" નામના બ્રિટિશ માલવાહક જહાજમાં વિસ્ફોટક સામગ્રી અને જ્વલનશીલ માલ ભરેલો હોવાને કારણે ભયંકર આગ અને વિસ્ફોટ થયો હતો. આ દુર્ઘટનામાં મુંબઈ ફાયર બ્રિગેડના ૬૬ બહાદુર જવાનોએ પોતાના જીવનનું બલિદાન આપી લોકોના જાન-માલની રક્ષા કરી હતી, તેમજ ૩૦૦થી વધુ નિર્દોષ નાગરિકોએ પણ જીવ ગુમાવ્યો હતો. આવી કરુણ ઘટનાની યાદમાં તથા દેશભરના અગ્નિશામક જવાનોના પરાક્રમ અને બલિદાનને સન્માન આપવા ભારત સરકારના માર્ગદર્શન હેઠળ દર વર્ષે આ દિવસ ઉજવવામાં આવે છે. આ અવસરે પોરબંદર ફાયર એન્ડ ઈમરજન્સીસ સર્વિસીસ વિભાગ દ્વારા શહેરમાં ભાવભીની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરીને કરવામાં આવી. ત્યારબાદ ફાયર વિભાગના ઈમરજન્સી વાહનો સાથે શહેરના મુખ્ય માર્ગો પર ભવ્ય જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું. રેલી દરમિયાન આગથી બચાવ, સુરક્ષા ઉપાયો,



આગ લાગ્યે કરવાના તાત્કાલિક પગલા અને ફાયર સર્વિસની મહત્વતા વિશે જનતા વચ્ચે જાગૃતિ ફેલાવવામાં આવી હતી. ફાયર વિભાગના અધિકારીઓ અને જવાનો દ્વારા નાગરિકોને આગ જેવી આપત્તિ સમયે સતર્ક રહેવા અને યોગ્ય પગલા લેવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. આ પ્રસંગે ફાયર વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે અગ્નિશામક જવાનો દિવસ-રાત પોતાની ફરજ બજાવતા રહીને લોકોના જીવન અને સંપત્તિની રક્ષા કરે છે, અને આવા દિવસો દ્વારા તેમના પરાક્રમ અને બલિદાનને યાદ કરવાથી સમાજમાં સુરક્ષાની ભાવના મજબૂત બને છે. અંતમાં તમામ ઉપસ્થિતોએ દેશના નામી-અનામી અગ્નિશામક વીર શહીદોને શત્-શત્ નમન કરીને તેમની આત્માને શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

રિપોર્ટર:- વિરમભાઈ કે.આગઠ

# વિદેશ મોકલવાના બહાને 1.32 લાખ છેતરપિંડી, બે ઠગ એજન્ટો વિરુદ્ધ ફરિયાદ

• વડોદરા

વડોદરાના માંજલપુર વિસ્તારમાં રહેતા અને ડભોઈની કોલેજમાં કેમ્પસ ડાયરેક્ટર તરીકે ફરજ બજાવતા એક વ્યક્તિ સાથે દુબઈ પ્રવાસના બહાને રૂ. 1.32 લાખની ઠગાઈ થઈ હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. 'કે.સી. હોલીડેઝ' નામની ટ્રાવેલ એજન્સીના એજન્ટોએ નાણાં પડાવ્યા બાદ પ્રવાસની કોઈ વ્યવસ્થા ન કરી ફોન બંધ કરી દેતા આખરે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. માંજલપુરના ઓમકાર દર્શન ફ્લેટમાં રહેતા 42 વર્ષીય ચિરાગકુમાર હસમુખભાઈ પટેલે નોંધાવેલી ફરિયાદ મુજબ, મે-2025માં એક મિત્ર મારફતે તેમનો સંપર્ક 'કે.સી. હોલીડેઝ' ટ્રાવેલ એજન્સી સાથે થયો હતો. એજન્સીના એજન્ટોએ તેમને દુબઈ માટે 5 રાત અને 6 દિવસના પેકેજની આકર્ષક ઓફર આપી હતી. પ્રતિ વ્યક્તિ રૂ. 44 હજાર લેખે પરિવારના ત્રણ સભ્યો માટે કુલ રૂ. 1.32 લાખ ચૂકવવાનું નક્કી થયું હતું. શરૂઆતમાં ચિરાગકુમારે આંગડિયા મારફતે રકમ મોકલવાનો ઈનકાર કર્યો હતો, પરંતુ વિશ્વાસમાં લીધા બાદ તેમણે 3 મે, 2025ના રોજ વડોદરાથી આંગડિયા દ્વારા રૂ. 1.32 લાખ ટ્રાન્સફર કર્યા હતા. એજન્ટોએ ખાતરી આપી હતી કે એક અઠવાડિયામાં વિમાની ટિકિટ



અને વિઝા સહિતની તમામ વિગતો મળી જશે. જોકે, નાણાં મળ્યા બાદ એજન્ટોએ દુબઈ મોકલવા માટેની કોઈ જ પ્રક્રિયા હાથ ધરી ન હતી. પ્રવાસની તારીખ નજીક આવતા જ્યારે ચિરાગકુમારે સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો ત્યારે બંને એજન્ટોના મોબાઈલ ફોન બંધ આવવા લાગ્યા હતા. વધુ તપાસ કરતા જાણવા મળ્યું કે આ ટ્રાવેલ એજન્સીએ અન્ય અનેક લોકો સાથે પણ આ પ્રકારે છેતરપિંડી આચરી છે. એજન્ટોએ પેકેજની વ્યવસ્થા ન કરી અને નાણાં પણ પરત ન આપતા અંતે ભોગ બનનાર ડાયરેક્ટરે માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.માંજલપુર પોલીસે આ મામલે છેતરપિંડીનો ગુનો દાખલ કરી કે.સી. હોલીડેઝના બંને ફરાર એજન્ટોને ઝડપી પાડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# વિદેશમાં વિઝાના નામે મેગા ફ્રોડ: પોરબંદરમાં ૭૫.૫૦ લાખની છેતરપીંડી, શિક્ષક સહિત ૧૨ લોકો બન્યા શિકાર

## ફેક ઓફર લેટર, ખોટા ઇ-વિઝા અને બાઉન્સ ચેકથી ઠગાઈ – જેલમાં ગયેલી મહિલા પર ગંભીર આરોપ

• ગોસા (ઘેડ) તા.૧૫

વિદેશમાં નોકરી અપાવવાના આકર્ષક વાયદા પાછળ છુપાયેલ મોટા ફ્રોડનો પર્દાફાશ પોરબંદરમાં થયો છે. શહેરના શિક્ષક ચિરાગ હિંડોચા સહિત કુલ ૧૨ લોકો પાસેથી આશરે રૂ. 72.50 લાખ પડાવી લેવામાં આવ્યા હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે.

ફરિયાદ મુજબ, "Opportunity International" નામે કાર્યરત હોવાનું જણાવી Shubhra Acharya અને Ravi Seru દ્વારા વર્ક વિઝા અને સ્ટડી વિઝાના નામે વિશ્વાસમાં લઈને મોટા પાયે છેતરપીંડી આચરાઈ હતી.

શરૂઆતમાં ઝૂમ મિટિંગ, સેમિનાર અને આકર્ષક પ્રેઝન્ટેશન દ્વારા વિશ્વાસ જીતવામાં આવ્યો હતો. ક્લાયન્ટને ન્યૂઝીલેન્ડ, યુકે અને જર્મનીમાં ઊંચી આવકની નોકરીના સપના બતાવી લાખો રૂપિયાની ફી વસૂલવામાં આવી હતી.

આરોપીઓ દ્વારા વોટ્સએપ મારફતે મોકલાયેલા ઓફર લેટર અને ઈ-વિઝા બાદમાં સંપૂર્ણપણે ફેક હોવાનું બહાર આવ્યું હતું. જ્યારે કેટલાક ક્લાયન્ટે કંપનીનો સીધો સંપર્ક કર્યો ત્યારે આ ઠગાઈનો ભાંડો ફૂટ્યો હતો.

મામલો વધુ ગંભીર ત્યારે બન્યો જ્યારે મુખ્ય આરોપી Shubhra Acharya કર્નાલ જેલમાં હોવાની હકીકત સામે આવી. જેલમાંથી બહાર આવ્યા બાદ પણ આરોપીએ ખોટા આશ્વાસનો આપી સમય પસાર કર્યો અને આપેલા ચેક પણ બાઉન્સ થયા હતા.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ રૂ. 72,50,005 જેટલી રકમ આરોપીઓએ હડપ કરી છે.

સાયબર ક્રાઈમમાં ફરિયાદ બાદ કોર્ટ દ્વારા ભાગરૂપે રકમ પરત કરવાની સૂચના આપવામાં આવી છે, પરંતુ હજુ પણ મોટો ભાગ બાકી છે.

હાલ પીડિતોએ આરોપીઓ સામે કડક કાયદેસર કાર્યવાહી કરવાની કમલાબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી છે. આ ઘટનાએ વિદેશમાં નોકરીના નામે ચાલતા ફ્રોડ સામે ચેતવણીરૂપ સંદેશ આપ્યો છે.

રિપોર્ટર: વિરમભાઈ કે. અગઠ

# ડાંગના તેજસ્વી યુવા કલાકાર પ્રતિક ખુરકુટિયાએ રાષ્ટ્રીય સ્તરે મેળવ્યું ગૌરવ: 'ટાટા ટ્રસ્ટ્સ નેશનલ એવોર્ડ' થી સન્માનિત

• આહવા/ડાંગ

ડાંગ જિલ્લાના આહવા ગામના યુવા કલાકાર પ્રતિક ખુરકુટિયાએ પેઈન્ટિંગ ક્ષેત્રે રાષ્ટ્રીય સ્તરે ડંકો વગાડ્યો છે. પ્રતિકને તેની શ્રેષ્ઠ કળા માટે પ્રતિષ્ઠિત 'ટાટા ટ્રસ્ટ્સ બેનેટ નેશનલ એવોર્ડ' (Tata Trusts Bennett National Award) એનાયત કરવામાં આવ્યો છે.પ્રારંભિક શિક્ષણ આહવાની દીપ દર્શન સ્કૂલમાં પૂર્ણ કર્યા બાદ પ્રતિક પોતાની કળા પ્રત્યેની રુચિ હોવાથી તે હાલમાં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (MSU) ની ફાઈન આર્ટસ ફેકલ્ટીમાં અભ્યાસ કરી રહ્યો છે. ટાટા ટ્રસ્ટ્સ દ્વારા આપવામાં આપવામાં આવેલ આ એવોર્ડ દેશભરના પ્રતિભાશાળી યુવાનોને પ્રોત્સાહન આપવામાં આવે છે.

**એમસીએક્સ** સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 12899.21 કરોડનાં કામકાજ: બુલિયન ઇન્ડેક્સ બુલડેક્સ વાયદો 37302 પોઇન્ટના સ્તરે

# એમસીએક્સ પર સોનાનો વાયદો રૂ.472 અને ચાંદીનો વાયદો રૂ.979 વધ્યો: ક્રૂડ તેલના વાયદામાં રૂ.60ની નરમાઇ

## કોમોડિટી વાયદાઓમાં રૂ.19707.83 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.266359.65 કરોડનું ટર્નઓવર

• મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.286067.7 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.19707.83 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.266359.65 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ એપ્રિલ વાયદો 37302 પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.2460.49 કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 12899.21 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.154651ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.154990 અને નીચામાં રૂ.154129ના મથાળે અથડાઈ, રૂ.153948ના આગલા બંધ સામે રૂ.472 વધી રૂ.154420ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ વાયદો 8 ગ્રામદીઠ રૂ.387 વધી રૂ.123111ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ એપ્રિલ વાયદો 1 ગ્રામદીઠ રૂ.47 વધી




રૂ.15428 થયો હતો. સોનું-મિની મે વાયદો 10 ગ્રામદીઠ રૂ.581 વધી રૂ.153000ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન એપ્રિલ વાયદો 10 ગ્રામદીઠ રૂ.153500ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.153558 અને નીચામાં રૂ.152900ના સ્તરને સ્પર્શી, રૂ.152729ના આગલા બંધ સામે રૂ.489 વધી રૂ.153218ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.255500ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.255735 અને નીચામાં રૂ.251832ના મથાળે અથડાઈ, રૂ.251742ના આગલા બંધ સામે રૂ.979 વધી રૂ.252721ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.1312 વધી રૂ.253994ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.1388 વધી રૂ.253999ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. 3592.48 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું એપ્રિલ વાયદો 80 પૈસા વધી રૂ.1273.8ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત એપ્રિલ વાયદો રૂ.3.25 વધી રૂ.341.5ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો રૂ.4.7 વધી રૂ.374.5ના સ્તરે પહોંચ્યો હતો. સીસું એપ્રિલ વાયદો 90 પૈસા વધી રૂ.195.7ના સ્તરે પહોંચ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. 3176.32 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી એપ્રિલ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.4977ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.5080 અને નીચામાં રૂ.4932ના મથાળે અથડાઈ, રૂ.116 વધી રૂ.5044 થયો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.8560ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.8685 અને નીચામાં રૂ.8536ના સ્તરને સ્પર્શી, રૂ.8608ના આગલા બંધ સામે રૂ.60 ઘટી રૂ.8548 થયો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.59 ઘટી રૂ.8546ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો એમએમબીટીયુદીઠ 10 પૈસા વધી રૂ.244.7 થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો કોઈ ફેરફાર વગર રૂ.244.6 થયો હતો.

### હવે પેલેસના દરવાજા ની થ્રીડી ઈફેક્ટ સ્પષ્ટ થઈ

# લક્ષ્મીવિલાસ પેલેસ અને રાજમહેલ રોડ પર શોભાયમાન પેલેસના એતિહાસીક પ્રવેશ દ્વાર પાસે તો આપણા પગ થંભી જાય

**Pride of Baroda**

## પુષ્ઠભુમીમાં પેલેસ હોય, આગળ દરવાજાન્ સ્ટેજ હોય અને ત્યાં ગરબાની રમઝટ જામી હોય એવું મનભાવન દ્રશ્ય ખડું થયું

• પ્રાઈડ ઓફ બરોડા ( Pride of Baroda)

હું અને મને વ્હાલું મારું વડોદરા , વડોદરાને આપણે ખાસ સયાજીનગરી તરીકે જાણીએ છીએ , તેના આદ્યસ્થાપક મહારાજા સયાજીરાવ ગાયકવાડને નમન થઈ જ જાય .. અને તરત દેખાય વિશ્વમાં સર્વશ્રેષ્ઠ એવો આપણા વડોદરાનું ગૌરવ એવો ભવ્યાતિભવ્ય લક્ષ્મીવિલાસ પેલેસ અને રાજમહેલ રોડ પર શોભાયમાન પેલેસના એતિહાસીક પ્રવેશ દ્વાર પાસે તો આપણા પગ થંભી જાય . એવું જ વડોદરાની શાન અને આગવી ઓળખ ગણાય છે એવા સાંસ્કૃતિક ગરબા .. આપણા વડોદરાના ગરબા યુનીક છે , પાંચસો હોય પચાસ હજાર હોય ખેલૈયાઓ એક જ રિધમમાં ગરબે ઘુમતા હોય એ દ્રશ્ય માણવું એ પણ એક લ્હાવો છે ..




એટલે આ બંન્ને ભવ્યતાને મેં કેનવાસ પર ઉતારવાનું ચાલુ કર્યું .. ઝીણવટ ભર્યા નિરીક્ષણ સાથે ચિત્ર દોરાતું ગયું ને હું એમાં ખોવાતો ગયો .. એકાદ મહીના સમયમાં પેઈન્ટિંગ પૂર્ણતાના આરે આવ્યું ..

પણ પછી મેં જોયું કે હજી કેનવાસ અધુરું લાગે છે .. એટલે પછી મેં લક્ષ્મીવિલાસ પેલેસ ની પણ ઝાંખી પાછળ દેખાય તો જ પેઈન્ટિંગ સંપૂર્ણ લાગે એવા મનોભાવ સાથે બ્લ્યુ કલરના હળવા ટચિંગ સાથે પેલેસ તૈયાર કર્યો જે ચિત્રને ગહનતા અને સુંદરતા પણ આપે છે ..

હવે પેલેસના દરવાજા ની થ્રીડી ઈફેક્ટ સ્પષ્ટ થઈ .પુષ્ઠભુમીમાં પેલેસ હોય, આગળ દરવાજાન્ સ્ટેજ હોય અને ત્યાં ગરબાની રમઝટ જામી હોય એવું મનભાવન દ્રશ્ય ખડું થયું .ત્રણેય ગુજરાતણો ની અલગ અગભંગીમાં છે છતાં એકસાથે સંતુલિત લાગે છે . નૃત્યાંગનાઓની ગતિ દ્રશ્યને ડાયનેમિક બનાવે છે , કપડાના તેજસ્વી રંગો આનંદ-ઉત્સવની લાગણી પેદા કરે છે , અને ભારતીય સંસ્કૃતિની સમૃધ્ધતા દર્શાવે છે .પેઈન્ટિંગ રિયાલિઝમ અને ડેકોરેટિવ કલાનું મિશ્રણ દર્શાવે છે અને જુના સમયની રાજાશાહી શૈલીના દર્શન થાય છે .. આપણા શહેરના રંગો આ પેઈન્ટિંગમાં જીવંત અને સાંસ્કૃતિક ભાવનાઓથી ભરપૂર બનાવવાનો મારો પ્રયત્ન રહ્યો છે .

મહેન્દ્રસિંહ એમ દેવધરા આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત કલાકાર , વડોદરા

# પંચમહાલ કોંગ્રેસમાં 'ખેલા હોબે, જિલ્લા પ્રમુખ ચેતનસિંહ પરમાર ભાજપમાં સામેલ થતા કોંગ્રેસમાં હડકંપ

## હર્ષ સંઘવીએ કેસરીયો ખેસ પહેરાવીને આવકાર્યા

હાલોલ, પંચમહાલ જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓનો જંગ જામ્યો છે ત્યારે રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. ઉમેદવારોના ચિત્ર સ્પષ્ટ થતા જ પ્રચારકાર્ય વેગવંતુ બન્યું છે, પરંતુ આ પ્રચાર વચ્ચે કોંગ્રેસને મોટો ફટકો પડ્યો છે. પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ચેતનસિંહ પરમારે કોંગ્રેસનો સાથ છોડી ભારતીય જનતા પાર્ટીનું કમળ પકડતા જિલ્લાના રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે.ઘોઘંબા ખાતે આયોજિત ભાજપની એક વિશાળ સભામાં ગુજરાતના ઉપમૂખ્યપ્રધાન હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમાં આ રાજકીય ઘટનાક્રમ આકાર પામ્યો હતો. હર્ષ સંઘવીએ ચેતનસિંહ પરમારને કેસરીયો ખેસ પહેરાવી વિધિવત રીતે ભાજપમાં આવકાર્યા હતા. ચેતનસિંહની સાથે મોટી સંખ્યામાં અન્ય કોંગ્રેસી કાર્યકરો પણ ભાજપમાં જોડાઈ જતા કોંગ્રેસના ગઢમાં મોટું ગાબડું પડ્યું છે. પત્રકારો સાથેની વાતચીતમાં ચેતનસિંહ પરમારે પક્ષ છોડવા પાછળના કારણો



સ્પષ્ટ કરતા જણાવ્યું હતું કે, કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા ગુજરાતીઓ પ્રત્યે કરાયેલી ટિપ્પણીથી રાજ્યની જનતામાં અને કાર્યકરોમાં ભારે રોષ છે. પક્ષમાં પ્રવર્તતી ગેરશિસ્ત અને જૂથબંધીને કારણે નિષ્ઠાવાન કાર્યકરો માટે કામ કરવું મુશ્કેલ બન્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશ અને રાજ્યમાં થઈ રહેલા સર્વાંગી વિકાસથી પ્રેરાઈને તેમણે કોઈ પણ પદની લાલસા વગર ભાજપમાં જોડાવાનો નિર્ણય કર્યો છે. વકીલ ચેતનસિંહ પરમારનો પરિવાર છેલ્લા પાંચ દાયકાથી કોંગ્રેસ સાથે અતૂટ રીતે જોડાયેલો હતો.તેમના પિતા લક્ષ્મણસિંહ પરમાર રાજગઢ વિધાનસભા બેઠક પરથી બે વખત ધારાસભ્ય રહી ચૂક્યા છે.ચેતનસિંહ પોતે પણ છેલ્લા વર્ષોથી જિલ્લા પ્રમુખ અને 10 વર્ષ સુધી તાલુકા પ્રમુખ તરીકે સંગઠનમાં પકડ ધરાવતા હતા. નોધનીય છે કે પંચમહાલની સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપ પહેલેથી જ કેટલીક બેઠકો બિનહરીફ કરીને મજબૂત સ્થિતિમાં છે, ત્યારે કોંગ્રેસના જિલ્લા પ્રમુખના રાજીનામાએ વિપક્ષની મુશ્કેલીઓમાં અનેકગણો વધારો કરી દીધો છે.

### પંચમહાલ- જીલ્લા કોંગ્રેસ પ્રમુખ ચેતનસિંહ પરમાર

# ભાજપમા જોડાતા કોંગ્રેસ કાર્યકરોએ ફોટા સળગાવીને હાય રે ગદ્દાર હાય હાયના નારા લગાવી વિરોધ કર્યો

• ગોધરા,

સ્થાનિક સ્વરાજની ચુટણી ટાણે સમગ્ર જીલ્લાની કમાન જેમને સંભાળવાની હોય છે જે પ્રમુખ ભાજપમા જોડાઈ જતા કોંગ્રેસપક્ષમાં એકબાજુ ભારે રોષ પણ જોવા મળ્યો હતો. ગોધરા ખાતેના કોગ્રેસ કાર્યાલય ખાતે તેમના ફોટાવાળા પોસ્ટર સળગાવીને વિરોધ નોધાવ્યો હતો.અને હાય રે ગદ્દારો હાય હાયના તેમજ ચાલ્યા ગયા ભાઈ ચાલ્યા ગયા ગદ્દારો ચાલ્યા ગયા ના નારા લગાવ્યા હતા.પંચમહાલ કોંગ્રેસના પુર્વ પ્રમુખ અજિતસિંહ ભાટીએ જણાવ્યુ હતુ કે પંચમહાલ જીલ્લાના પુર્વ પ્રમુખ ચેતનસિહ પરમાર ભાજપમા જોડાતા આક્રોશ જોવા મળી રહ્યો છે. સ્થાનિક સ્વરાજની ચુટણી માથે છે ત્યારે આ પગલુ ભર્યુ છે તે દુઃખ અને ચિંતાનો વિષય છે.આ પગલાથી પંચમહાલ કોંગ્રેસ અને ગુજરાત કોગ્રેસમાં નારાજગીનુ વાતાવરણ પેદા થયુ છે.કોંગ્રેસ કોઈના ડરતી નથી. આવા લોકો જે ભાજપ સાથે ભળી જાય છે અને પાર્ટીને નુકશાન કરે છે તેની સામે કોગ્રેસ સંચેત થઈ ને કામ કરશે.હાલ જે ચુટણીઓ યોજાવાની છે તે ઉમેદવારો જીતે તે અને ઉમેદવારો સ્પર્ધામા રહે તે તે માટે સઘળા પ્રયાસો રહેશે.




# રાણપુર તાલુકાના બોડીયા ગામેથી પોલીસે ઈંગ્લિશ દારૂની 70 બોટલ ઝડપી પાડી



• બોટાદ

બોટાદ જિલ્લા પોલીસ વડા(IPS)ધર્મેન્દ્ર શર્મા દ્વારા સમગ્ર જિલ્લામાં દારૂની બદી નાબૂદ કરવાની સુચના આપવામાં આવેલ હોય તે સૂચનાને લઈને DYSP મહર્ષિ રાવલ તેમજ બરવાળા વિભાગના DYSP ચિંતન પટેલના માર્ગદર્શન હેઠળ રાણપુર પોલીસ સ્ટેશનના PI એસ.એ.પટેલ તેમજ પોલીસ સ્ટાફના દશરથભાઈ મીઠાપરા,અશોકભાઈ ઝાપડીયા, હળદેવસિંહ ડોડીયા,અનિરૂધ્ધભાઈ જેબલીયા,રાજુભાઈ ધોરીયા એ બાતમી ને આધારે રાણપુર તાલુકાના બોડીયા ગામે રહેણાકી મકાનમાંથી ભારતીય બનાવટની ઈંગ્લિશ દારૂની 70 બોટલ કીંમત રૂ.18,200 નો મુદ્દામાલ ઝડપી લઈ કુલદીપભાઈ વહતુભાઈ ખાચર વિરૂધ્ધ ગુન્હો નોંધી ધોરણસર કાર્યવાહી કરવામાં આવી હતી.

### પીવાના પાણીના સ્થાન પર કચરો સાફ કરવાનું પોતું રાખતા તંત્રની માનવતા અને સ્વચ્છતા સામે સવાલ.

# અમદાવાદ કલેકટર કચેરી: વ્યવસ્થા છે પણ 'તરસ' છીપાય તેમ નથી, પાણીના પરબ પર ગ્લાસ ગાયબ!

• અમદાવાદ

ઉનાળાની કાળઝાળ ગરમીમાં જ્યારે પારો 40 ડિગ્રીને પાર કરી રહ્યો છે, ત્યારે સરકારી કચેરીઓએ આવતા અરજદારો માટે પીવાના પાણીની ઉત્તમ વ્યવસ્થા કરવી અનિવાર્ય છે. સુભાષબ્રિજ સ્થિત અમદાવાદ કલેકટર કચેરી ખાતે તંત્ર દ્વારા પીવાના પાણીની વ્યવસ્થા તો કરવામાં આવી છે, પરંતુ આ સુવિધા માત્ર શોભાના ગાંઠિયા સમાન સાબિત થઈ રહી છે.

ગ્લાસ વગર પાણી પીવું કઈ રીતે?

કલેકટર કચેરીમાં રોજના હજારો નાગરિકો પોતાના કામકાજ અર્થે આવતા હોય છે. અહીં પાણીના ફિલ્ટર અને કુલરની સુવિધા છે, પરંતુ અફસોસની વાત એ છે કે ત્યાં પાણી પીવા માટે એક પણ ગ્લાસની સુવિધા નથી. દૂર-દૂરથી આવતા સામાન્ય નાગરિકો પાણી હોવા છતાં ગ્લાસના અભાવે તરસ્યા રહેવા મજબૂર બન્યા છે. શું તંત્ર એટલું લાચાર છે કે નાગરિકો માટે બે



ગ્લાસની વ્યવસ્થા પણ ન કરી શકે?

સ્વચ્છતાના નામે મીંડું: પાણીના પરબ પર ગંદુ પોતું!

વધારે ચોંકાવનારી બાબત તો એ છે કે જ્યાં લોકો પાણી પીવા જાય છે, તે જ પ્લેટફોર્મ પર કચરો સાફ કરવાનું ગંદુ પોતું મૂકવામાં આવે છે. એક તરફ સરકાર 'સ્વચ્છ ભારત'ની વાતો કરે છે અને બીજી તરફ કલેકટર કચેરીમાં જ આરોગ્ય સાથે ગંભીર ચેડાં થતા જોવા મળી રહ્યા છે. પીવાના પાણીની જગ્યાએ આ પ્રકારે ગંદકી રાખવી એ કેટલી યોગ્ય છે?

માનવતાની દ્રષ્ટિએ સુધારો જરૂરી

હાલમાં ગરમીનું પ્રમાણ ખૂબ વધારે છે. વહીવટી તંત્રએ માનવતાની દ્રષ્ટિએ વિચારવું જોઈએ કે સામાન્ય માણસ પોતાની સાથે ગ્લાસ લઈને નથી ફરતો. જો વ્યવસ્થા જાળવવી હોય તો માત્ર મશીનો મૂકી દેવાથી જવાબદારી પૂરી થતી નથી, તેની જાળવણી અને પાયાની જરૂરિયાત જેવી કે ગ્લાસ અને સ્વચ્છતા પણ એટલી જ જરૂરી છે.

સ્થાનિક નાગરિકોની માંગ છે કે તંત્ર જાગે અને તાત્કાલિક ધોરણે પીવાના પાણીના સ્થળે ગ્લાસની વ્યવસ્થા કરે તેમજ ત્યાંથી ગંદકી દૂર કરી સ્વચ્છતા જાળવે.

દબોચ્યો

મોર્ફ ફોટા બતાવી 15 લાખની ખંડણી માંગી હતી

# સુરત પોલીસનું ભાવનગરમાં ઓપરેશન:ગુજસીટોક સહિત 27 ગુનાના આરોપી ચિરાગ ભરવાડને દબોચ્યો

## શહેરના વિવિધ વિસ્તારોમાં જેનો ખોફ હતો અને જેના પર ખંડણી, મારામારી તેમજ ખૂની હુમલા જેવા ગંભીર 27થી વધુ ગુનાઓ નોંધાયેલા છે

• સુરત

શહેરના વિવિધ વિસ્તારોમાં જેનો ખોફ હતો અને જેના પર ખંડણી, મારામારી તેમજ ખૂની હુમલા જેવા ગંભીર 27થી વધુ ગુનાઓ નોંધાયેલા છે, તેવો કુખ્યાત આરોપી ચિરાગ મેર આખરે પોલીસના સકંજામાં આવ્યો છે. આરોપી ચિરાગ મેર સુરત પોલીસને થાપ આપીને ભાવનગર જિલ્લામાં છુપાયો હતો. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે કે, તે ધરપકડથી બચવા માટે ભારત છોડી વિદેશ ભાગી જવાની પૂરજોશમાં તૈયારી કરી રહ્યો હતો. ભૂતકાળમાં ગુજસીટોક જેવા કડક કાયદા હેઠળ જેલની હવા ખાઈ આવેલા આ શખ્સે જામીન પર છૂટ્યા બાદ ફરીથી ગુનાખોરીનો માર્ગ અપનાવ્યો હતો. પરંતુ સુરત ઝોન-07ની એલ.સી.બી. ટીમે તેની યોજના પર પાણી ફેરવી દીધું છે. સુરતના ડીસીપી ઝોન-07 હેઠળની એલ.સી.બી. ટીમ, પાલ પોલીસ અને ઈચ્છાપોર પોલીસની એક સંયુક્ત ટીમ બનાવવામાં આવી હતી. આરોપી ચિરાગ મેર ભાવનગર જિલ્લાના ખીજડીયા ગામની આજુબાજુ હોવાની ચોક્કસ બાતમી મળી હતી. પોલીસ ટીમે બે દિવસ સુધી ભાવનગરમાં ધામા નાખ્યા હતા. આરોપી સતત પોતાના લોકેશન બદલતો હોવાથી તેને ટ્રેસ કરવો મુશ્કેલ હતો, પરંતુ ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે આખરે તેને ભાવનગરના પરવાળા ગામ તરફ જતા રોડ પરથી કોર્ડન કરી પકડી પાડવામાં આવ્યો હતો.

એસીપી શ્વેતા ડેનિયલના જણાવ્યા અનુસાર, ચાલુ વર્ષે 2 જાન્યુઆરીએ ફરિયાદી વૈભવ અજીત કુમાર દેસાઈ સાથે એક ગંભીર ઘટના બની હતી. ચિરાગ મેર અને તેના સાથીદારો જોય સાટિયા અને વિકી કુડાલાએ ફરિયાદીને તેમના મોર્ફ કરેલા (એડિટ કરેલા) ફોટા અન્ય સ્ત્રીઓ સાથે બતાવી સમાજમાં બદનામ કરવાની ધમકી આપી હતી. આ ટોળકીએ ફરિયાદી પાસે 15 લાખ રૂપિયાની માંગણી કરી હતી અને તે સમયે જ બળજબરીપૂર્વક 3 લાખ રૂપિયા પડાવી લીધા હતા. આ મામલે પાલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતા પોલીસ એક્શનમાં આવી હતી.

આરોપી ચિરાગ મેર કોઈ સામાન્ય ગુનેગાર નથી. તેની વિરુદ્ધ ઉત્રાણ પોલીસ સ્ટેશનમાં ગુજસીટોક (GUJCTOC) હેઠળ પણ કાર્યવાહી થયેલી છે. આ ગુનામાં તે એક વર્ષ જેલમાં રહી ચૂક્યો છે. હાઈકોર્ટમાંથી જામીન મળ્યા બાદ તે ફરીથી ગુનાહિત



પ્રવૃત્તિઓમાં સક્રિય થઈ ગયો હતો. સુરતના પાલ, અડાજણ, ડીંડોલી અને વરાછા સહિતના અનેક પોલીસ સ્ટેશનોમાં તેની વિરુદ્ધ હત્યાની કોશિશ અને ખંડણીના ગંભીર ગુનાઓ નોંધાયેલા છે.

પોલીસના રેકોર્ડ મુજબ, ચિરાગ મેર વિરુદ્ધ ગુજરાત રાજ્યમાં અલગ-અલગ કુલ 27 જેટલા ગુનાઓ નોંધાયેલા છે. તેની ધરપકડ બાદ સુરત પોલીસમાં નોંધાયેલા અનેક વણઉકેલ્યા ગુનાઓના ભેદ ઉકેલાય તેવી શક્યતા છે. પોલીસ અધિકારીએ જણાવ્યું કે, તેની પ્રોફાઈલ ખૂબ જ હિંસક છે અને તે માથાભારે તત્વોની ટોળકી ચલાવતો હતો. હાલમાં તેને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. જેથી તેની વિદેશ ભાગવાની યોજનામાં કોણ મદદ કરી રહ્યું હતું તે જાણી શકાય.

આ ઓપરેશનમાં સુરત ઝોન-07 એલ.સી.બી. ટીમે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કર્યો હતો. આરોપી સતત લોકેશન બદલી રહ્યો હોવાથી પોલીસ માટે તે મોટો પડકાર હતો. પરંતુ 2 પીએસઆઈ અને એલસીબી સ્ટાફની મહેનતને કારણે આરોપીને ટ્રેસ કરી શકાયો હતો. પોલીસની આ સફળતાથી સુરતના વેપારીઓ અને સ્થાનિક લોકોમાં હાશકારો જોવા મળી રહ્યો છે, કારણ કે ચિરાગ મેર ખંડણી માટે જાણીતો હતો. હાલ પાલ પોલીસ સ્ટેશન દ્વારા આ ગુનાની ઊંડી તપાસ કરવામાં આવી રહી છે. પોલીસ એ પણ તપાસી રહી છે કે જામીન પર બહાર આવ્યા બાદ તેને કોણે આશરો આપ્યો હતો અને 15 લાખની ખંડણીના કેસમાં અન્ય કયા શખ્સો સંડોવાયેલા છે. એસીપી શ્વેતા ડેનિયલે સ્પષ્ટ કર્યું છે કે, આવા રીઢા ગુનેગારો વિરુદ્ધ કડક કાયદાકીય પગલાં ભરવામાં આવશે જેથી શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે. પોલીસના રેકોર્ડ મુજબ, ચિરાગ મેર વિરુદ્ધ ગુજરાત રાજ્યમાં અલગ-અલગ કુલ 27 જેટલા ગુનાઓ નોંધાયેલા છે. તેની ધરપકડ બાદ સુરત પોલીસમાં નોંધાયેલા અનેક વણઉકેલ્યા ગુનાઓના ભેદ ઉકેલાય તેવી શક્યતા છે. પોલીસ અધિકારીએ જણાવ્યું કે, તેની પ્રોફાઈલ ખૂબ જ હિંસક છે અને તે માથાભારે તત્વોની ટોળકી ચલાવતો હતો. હાલમાં તેને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. જેથી તેની વિદેશ ભાગવાની યોજનામાં કોણ મદદ કરી રહ્યું હતું તે જાણી શકાય.

આ ઓપરેશનમાં સુરત ઝોન-07 એલ.સી.બી. ટીમે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કર્યો હતો. આરોપી સતત લોકેશન બદલી રહ્યો હોવાથી પોલીસ માટે તે મોટો પડકાર હતો. પરંતુ 2 પીએસઆઈ અને એલસીબી સ્ટાફની મહેનતને કારણે આરોપીને ટ્રેસ કરી શકાયો હતો. પોલીસની આ સફળતાથી સુરતના વેપારીઓ અને સ્થાનિક લોકોમાં હાશકારો જોવા મળી રહ્યો છે, કારણ કે ચિરાગ મેર ખંડણી માટે જાણીતો હતો. હાલ પાલ પોલીસ સ્ટેશન દ્વારા આ ગુનાની ઊંડી તપાસ કરવામાં આવી રહી છે. પોલીસ એ પણ તપાસી રહી છે કે જામીન પર બહાર આવ્યા બાદ તેને કોણે આશરો આપ્યો હતો અને 15 લાખની ખંડણીના કેસમાં અન્ય કયા શખ્સો સંડોવાયેલા છે. એસીપી શ્વેતા ડેનિયલે સ્પષ્ટ કર્યું છે કે, આવા રીઢા ગુનેગારો વિરુદ્ધ કડક કાયદાકીય પગલાં ભરવામાં આવશે જેથી શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે.

રસોઈના ઝઘડામાં માતાએ બે દીકરીને ઝેર પીવડાવ્યું

# સુરતમાં પતિને ફોન કરી કહ્યું-મારે હવે જીવવું નથી, બીજા દિવસે મોત, બપોરે સાથે જમ્યા બાદ પગલું ભર્યું

જીવવું નથી

## માતા અને બંને દીકરીને તાત્કાલિક સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી

• સુરત

સુરત શહેરમાં પારિવારિક કંકાસમાં માસૂમ બાળકોને હોમી દેવાની ઘટનાઓ વધી રહી છે, ત્યારે ડભોલી ગામમાં 15 એપ્રિલે વધુ એક હૃદયદ્રાવક કિસ્સો સામે આવ્યો છે. રસોઈ બનાવવા જેવી નજીવી બાબતે થતા ઝઘડાથી કંટાળીને એક માતાએ પોતાની 6 અને 5 વર્ષની બે પુત્રીને અનાજમાં નાખવાની ઝેરી દવા પીવડાવી પોતે પણ ગટગટાવી લીધી હતી. માતા અને બંને દીકરીને તાત્કાલિક સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં આજે (16 એપ્રિલ) માતાનું મોત નીપજ્યું છે, જ્યારે બન્ને દીકરીની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. પ્રાપ્ત માહિતી



અનુસાર, મૂળ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના તરેડ ગામના વતની અને હાલ ડભોલી ગામમાં આવેલ સુમન પ્રતિક આવાસમાં રહેતા જયસુખભાઈ પટેલિયા હીરાના કારખાનામાં કામ કરી 35 વર્ષીય પત્ની મિતલબેન તથા 6 વર્ષની પુત્રી વેનિશા અને 5 વર્ષની પુત્રી આરવીનું ભરણપોષણ કરે છે. જયસુખભાઈના મિતલબેન સાથે 10 વર્ષ પહેલા લગ્ન થયા હતા. તેમની મોટી પુત્રી સિંગણપોર હરી દર્શનનો ખાડો નજીક આવેલી ખાનગી શાળામાં સી.કેજીમાં અભ્યાસ કરે છે.

બુધવારે સવારે જયસુખભાઈ નિત્યક્રમ મુજબ કારખાને ગયા હતા. બાદમાં બપોરના સમયે તેઓ પરત ઘરે જમવા આવ્યા હતા. જયસુખભાઈ તેની પત્ની મિતલબેન અને બંને પુત્રીઓ સાથે જમીને પરત કારખાને ગયા હતા. ત્યારબાદ તેની પત્ની મિતલબેને ઘરમાં અનાજમાં નાખવાની ઝેરી દવા પાણીમાં મિશ્રણ કરી તેમની બંને પુત્રી વેનિશા અને આરવીને પીવડાવી દીધા બાદ પોતે પણ પી લીધી હતી. બાદમાં મિતલબેને પતિ જયસુખને ફોન કરી કહ્યું હતું કે 'મારે જીવવું નથી' મેં ઝેરી દવા પી લીધી છે. ઘટનાની જાણ થતા જ પતિએ તાત્કાલિક કાકાના પુત્ર હરીશને જાણ કરી હતી અને તેઓ પણ ઘરે પહોંચી ગયાં હતાં. પછી ત્રણેયને 108માં સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં મિતલબેનનું સારવાર દરમિયાન મોડીરાત્રે મોત થયું હતું. જ્યારે તેમની બંને પુત્રીને પીઆઈસીયુ વોર્ડમાં દાખલ કરાઈ હતી. કાકાના પુત્ર હરીશભાઈએ જણાવ્યું હતું કે, જયસુખભાઈનો ફોન આવતા હું તાત્કાલિક મિતલબેનના ઘરે ગયો હતો. દરમિયાન મોટી રૂમમાં તેમની બંને પુત્રી વેનિશા તથા આરવી બેડ પર બેસીને રડતી હતી. તેની માતા મિતલબેન બંને પુત્રીની સામે બેભાન હાલતમાં જોવા મળ્યા હતા. હરીશભાઈએ મોટી પુત્રી વેનિશાને પૂછતા કહ્યું કે, મમ્મીએ અમને દવા પીવડાવ્યા બાદ તેમણે પણ અમારી સામે દવા પી લીધી.

# એક કિલો શુદ્ધ ઘીમાંથી 15 કિલો 'ઝેર' બનાવતા 2000 કિલોથી વધુ શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત

## શુદ્ધ ઘીનો ઉપયોગ કરી તેમાંથી 15 કિલો નકલી 'વિદુર ઘી' તૈયાર કરવામાં આવતું હતું

• સુરત

ડાયમંડ અને ટેક્સટાઈલ સિટી તરીકે ઓળખાતું સુરત હવે નકલી ખાદ્ય પદાર્થોનું હબ બની રહ્યું હોય તેમ લાગે છે. શહેર પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) એ બાતમીના આધારે સચિન GIDC વિસ્તારમાં એક એવી ફેક્ટરી પર દરોડો પાડ્યો છે, જે જાણીને કોઈપણ સામાન્ય નાગરિકના હોશ ઉડી જાય. 'સબકા ફૂડ્સ'ના નામે ચાલતી આ ફેક્ટરીમાં લોકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરી, માત્ર 1 કિલો શુદ્ધ ઘીનો ઉપયોગ કરી તેમાંથી 15 કિલો નકલી 'વિદુર ઘી' તૈયાર કરવામાં આવતું હતું. પોલીસે સ્થળ પરથી લાખોની કિંમતનું નકલી ઘી, મશીનરી અને રોકડ સહિત 35.81 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

તપાસ દરમિયાન સૌથી ચોંકાવનારો ખુલાસો નકલી ઘી બનાવવાની પદ્ધતિને લઈને થયો છે. આરોપીઓ અત્યંત શાતિર રીતે ભેળસેળનું નેટવર્ક ચલાવતા હતા. તેઓ 1 કિલો શુદ્ધ ઘી લેતા અને તેમાં મોટા પ્રમાણમાં વનસ્પતિ ઘી, પામોલીન તેલ અને ખાસ પ્રકારના કેમિકલ એસેન્સ ઉમેરતા હતા. આ કેમિકલ એટલું પાવરફુલ હતું કે તે તેલના મિશ્રણને પણ અસલી ઘી જેવી જ સુગંધ અને દાણાદાર ટેક્સચર આપી દેતું હતું. આ મિશ્રણમાં ચોક્કસ પ્રકારનો રંગ ઉમેરી તેને ગાયના પીળા ઘી જેવું દેખાડવામાં આવતું હતું. આ રીતે માત્ર 1 કિલોમાંથી 15 કિલો 'ઝેર' તૈયાર કરી બજારમાં ઊંચા ભાવે વેચવામાં આવતું હતું.

આરોપીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલું નકલી ઘી 'વિદુર (Vidur) ગાયનું ઘી અને દેશી ઘીના બ્રાન્ડ નેમ હેઠળ વેચવામાં આવતું હતું. આ માલ માત્ર સુરત પૂરતો મર્યાદિત નહોતો. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આ ઘી ગુજરાતના વિવિધ જિલ્લાઓ ઉપરાંત અન્ય રાજ્યોમાં પણ હોલસેલ ભાવે મોકલવામાં આવતું હતું. 100 MLના પાઉચથી લઈને 15 કિલોના મોટા ડબ્બા સુધીનું પેકેજિંગ ઉપલબ્ધ હતું. ગ્રાહકોને છેતરવા માટે ડબ્બા પર આકર્ષક સ્ટીકરો અને માર્કેટિંગ ટ્રિક્સનો ઉપયોગ કરવામાં આવતો હતો. ડીસીપી રાજદીપ સિંહ નકુમના જણાવ્યા અનુસાર, આ ભેળસેળિયા તત્વો માત્ર પામ ઓઈલ જ નહીં, પણ ખતરનાક સિન્થેટિક કલર અને કેમિકલ એસેન્સનો ઉપયોગ કરતા હતા. આશ્ચર્યની વાત એ છે કે, આ ગુનેગારો ડોક્ટરની જેમ સિરીંજ ભરીને કેમિકલ માપતા હતા, જેથી સામાન્ય માણસ અસલી અને નકલી ઘી વચ્ચેનો તફાવત સુગંધ કે દેખાવ પરથી ક્યારેય પારખી ન શકે. ગાયના ઘીની આબેહૂબ સુગંધ લાવવા માટે ખાસ પ્રકારના ફ્લેવર્સનો ઉપયોગ કરી લોકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરવામાં આવતા હતા. આ મસમોટા કૌભાંડ પાછળ બે મુખ્ય શખસના નામ સામે આવ્યા છે. પ્રથમ આરોપી ભરત પોલરા (રહે. કામરેજ, મૂળ અમરેલી) અને બીજો આરોપી અમીન વાઢવણિયા (રહે. ઘોડદોડ રોડ, સુરત)છે. ભરત પોલરા છેલ્લા એક વર્ષથી આ ફેક્ટરી ચલાવી રહ્યો હતો. આ બંને શખસે મજૂરો રાખીને સુવ્યવસ્થિત રીતે આખું નેટવર્ક ગોઠવ્યું હતું. 'સબકા ફૂડ્સ' નામનું FSSAIનું લાયસન્સ પણ લીધું હતું, જેથી કોઈને શંકા ન જાય. પરંતુ આ લાયસન્સની આડમાં તેઓ શુદ્ધ ઘીના નામે કેમિકલયુક્ત ભેળસેળવાળું ઘી વેચતા હતા. આ સ્કેમમાં સૌથી ચોંકાવનારો ખુલાસો એ થયો છે કે નકલી ઘીનું ઉત્પાદન વેપારીઓની માંગ મુજબ થતું હતું.

# MLAના કાર્યાલયમાં વિરેન્દ્રસિંહ અને નેહલ શુકલ વચ્ચે ઉગ્ર બોલાચાલી

## ફોર્મ ભરવા સમયથી ચર્ચામાં રહેલા ઉમેદવારને તત્કાલ સંકલનમાં પહોંચવા આદેશ

• રાજકોટ

રાજકોટ મહાનગર પાલિકાની ચૂંટણીમાં આ વખતે ભાજપમાં આંતરિક વિખવાદો અને બબાલો બંધ થવાનું નામ નથી લઈ રહી આજે વધુ એક બબાલના સમાચાર સામે આવ્યા છે જેમાં ફોર્મ ભરવા સમયથી ચર્ચામાં રહેલ વોર્ડ નંબર 7ના ઉમેદવાર નેહલ શુક્લ અને ચૂંટણીની સંકલન સમિતિના સંયોજક વિરેન્દ્રસિંહ ઝાલા વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ તું તું મેં મેં સુધી વાત પહોંચી હતી. ઉમેદવારને સમયસર સંકલન બેઠકમાં આવવા માટે ફોનથી જાણ કરવામાં આવતા આ સ્ટાઈલમાં મારી સાથે વાત ન કરવી કહી નેહલ શુક્લએ વિરેન્દ્રસિંહને જવાબ આપતા મામલો ગરમાયો હતો. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ મામલો એટલો ગરમાયો કે પ્રમુખ દ્વારા સંકલન બેઠકને ટુંકાવવાનો નિર્ણય કરી બન્ને આગેવાનોને બંધ બારણે સમજાવી મામલો થાળે પાડવા પ્રયાસો કરવામાં આવ્યા હતા. જો કે જાહેરમાં થયેલ બબાલની વાતને નેતાઓ કશું ન થયાનું કહી વાત છુપાવવા પ્રયાસ કરી રહ્યા છે પરંતુ બબાલ સમયે હાજર ભાજપ ના જ અન્ય લોકો મોટી બબાલ થઈ હોવાનો ગણગણાટ કરતા ચૂંટણીના માહોલ વચ્ચે બુધવારની સાંજથી શહેરમાં વિરેન્દ્રસિંહ અને નેહલ શુક્લ વચ્ચે થયેલ બબાલ ટોક ઓફ ધ ટાઉન બની ગયો હતો.રાજકોટ દક્ષિણ વિધાનસભા બેઠકના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાના ભકિતનગર સર્કલ પાસે આવેલા કાર્યાલયે આજે બપોરે 1 વાગ્યા આસપાસ સાંસદ પરસોતમભાઈ રૂપાલા, પ્રમુખ ડો.માધવ દવે સહિતના નેતાઓની હાજરીમાં સંકલનની મીટીંગ ચાલુ હતી.

# રામવન પાસે એસિડ ઢોળાતા બે યુવક દાઝ્યા:સગીરા ઉપર દુષ્કર્મ આચરવાના કેસમાં આરોપીની ચાર્જશીટ પછીની જામીન અરજી કોર્ટે ફગાવી

• રાજકોટ

ગત તારીખ 21.01.2026ના રોજ એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદીએ ફરિયાદ નોંધાવી જણાવ્યું હતું કે, તેમની 12 વર્ષની સગીર દીકરીને આરોપી લલચાવીને ભગાડી લઈ જઈ દુષ્કર્મ આચર્યું છે. જેથી, પોલીસે દુષ્કર્મ આચરનાર આરોપી સાવન ઝવેરભાઈ ડાભીની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો અને આરોપી વિરુદ્ધ ગુના ને લગતા પુરાવા મળી એકત્ર કરી પોક્સો કોર્ટમાં ચાર્જશીટ દાખલ કર્યું હતું. ચાર્જશીટ થયા બાદ આરોપીએ જેલમાંથી છૂટવા સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરતા સરકાર તરફે સરકારી વકીલ દ્વારા જામીન અરજીનો વિરોધ કરતા રજૂઆત કરી હતી કે આરોપી વિરુદ્ધ સમાજ વિરોધી ગંભીર ગુનો છે અને માત્ર 12 વર્ષની સગીરાને ઈન્સ્ટાગ્રામ મારફત ઓળખાણ કરી લલચાવી ફોસલાવી તેણીને લઈ જઈ તેના ઉપર દુષ્કર્મ આચર્યું છે. આવા ગંભીર ગુનામાં આરોપીને જામીન આપવા જોઈએ નહીં અને આ કેસ પોક્સો અદાલતમાં શરૂ થઈ ગયો છે. જો તેને જામીન આપવામાં આવશે તો આરોપી નાસી જશે અને કેસ ચાલવામાં વિલંબ થશે જેથી રજૂઆતના અંતે સેશન્સ જજ ટી. એસ બ્રહ્મભટ્ટએ આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી. રામવન પાસે કે.પી.સોસાયટીમાં રહેતા તસલીમભાઈ સલીમભાઈ ખાન (ઉ.વ.35) ગઈકાલે સાંજે 6 વાગ્યા આસપાસ પોતાના ઘરે બાથરૂમ સાફ કરવા માટેનું એસિડ લઈને આવી રહ્યા હતા ત્યારે તેમનો પગ લપસી ગયો હતો અને એસિડ તેમના શરીર પર પડ્યું હતું અવાજ થતા પડોશમાં રહેતો ઉમેશ પાસવાન (ઉં.વ.35) ત્યાં દોડી આવ્યો હતો.

સુરત પોલીસનું ભાવનગરમાં ઓપરેશન

# ગુજસીટોક સહિત 27 ગુનાના આરોપી ચિરાગ ભરવાડને દબોચ્યો

• સુરત

શહેરના વિવિધ વિસ્તારોમાં જેનો ખોફ હતો અને જેના પર ખંડણી, મારામારી તેમજ ખૂની હુમલા જેવા ગંભીર 27થી વધુ ગુનાઓ નોંધાયેલા છે, તેવો કુખ્યાત આરોપી ચિરાગ મેર આખરે પોલીસના સકંજામાં આવ્યો છે. આરોપી ચિરાગ મેર સુરત પોલીસને થાપ આપીને ભાવનગર જિલ્લામાં છુપાયો હતો. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે કે, તે ધરપકડથી બચવા માટે ભારત છોડી વિદેશ ભાગી જવાની પૂરજોશમાં તૈયારી કરી રહ્યો હતો. ભૂતકાળમાં ગુજસીટોક જેવા કડક કાયદા હેઠળ જેલની હવા ખાઈ આવેલા આ શખ્સે જામીન પર છૂટ્યા બાદ ફરીથી ગુનાખોરીનો માર્ગ અપનાવ્યો હતો. પરંતુ સુરત ઝોન-07ની એલ.સી.બી. ટીમે તેની યોજના પર પાણી ફેરવી દીધું છે.

સુરતના ડીસીપી ઝોન-07 હેઠળની એલ.સી.બી. ટીમ, પાલ પોલીસ અને ઈચ્છાપોર પોલીસની એક સંયુક્ત ટીમ બનાવવામાં આવી હતી. આરોપી ચિરાગ મેર ભાવનગર જિલ્લાના ખીજડીયા ગામની આજુબાજુ હોવાની ચોક્કસ બાતમી મળી હતી. પોલીસ ટીમે બે દિવસ સુધી ભાવનગરમાં ધામા નાખ્યા હતા. આરોપી સતત પોતાના લોકેશન બદલતો હોવાથી તેને ટ્રેસ કરવો મુશ્કેલ હતો, પરંતુ ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે આખરે તેને ભાવનગરના પરવાળા ગામ તરફ જતા રોડ પરથી કોર્ડન કરી પકડી પાડવામાં આવ્યો હતો. એસીપી શ્વેતા ડેનિયલના જણાવ્યા અનુસાર, ચાલુ વર્ષે 2 જાન્યુઆરીએ ફરિયાદી વૈભવ અજીત કુમાર દેસાઈ સાથે એક ગંભીર ઘટના બની હતી. ચિરાગ મેર અને તેના સાથીદારો જોય સાટિયા અને વિકી કુડાલાએ ફરિયાદીને તેમના મોર્ફ કરેલા (એડિટ કરેલા) ફોટા અન્ય સ્ત્રીઓ સાથે બતાવી સમાજમાં બદનામ કરવાની ધમકી આપી હતી. આ ટોળકીએ ફરિયાદી પાસે 15 લાખ રૂપિયાની માંગણી કરી હતી અને તે સમયે જ બળજબરીપૂર્વક 3 લાખ રૂપિયા પડાવી લીધા હતા. આ મામલે પાલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતા પોલીસ એક્શનમાં આવી હતી. આરોપી ચિરાગ મેર કોઈ સામાન્ય ગુનેગાર નથી. તેની વિરુદ્ધ ઉત્રાણ પોલીસ સ્ટેશનમાં ગુજસીટોક (GUJCTOC) હેઠળ પણ કાર્યવાહી થયેલી છે. આ ગુનામાં તે એક વર્ષ જેલમાં રહી ચૂક્યો છે. હાઈકોર્ટમાંથી જામીન મળ્યા બાદ તે ફરીથી ગુનાહિત પ્રવૃત્તિઓમાં સક્રિય થઈ ગયો હતો. સુરતના પાલ, અડાજણ, ડીંડોલી અને વરાછા સહિતના અનેક પોલીસ સ્ટેશનોમાં તેની વિરુદ્ધ હત્યાની કોશિશ અને ખંડણીના ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. પોલીસના રેકોર્ડ મુજબ, ચિરાગ મેર વિરુદ્ધ ગુજરાત રાજ્યમાં અલગ-અલગ કુલ 27 જેટલા ગુનાઓ નોંધાયેલા છે. તેની ધરપકડ બાદ સુરત પોલીસમાં નોંધાયેલા અનેક વણઉકેલ્યા ગુનાઓના ભેદ ઉકેલાય તેવી શક્યતા છે. પોલીસ અધિકારીએ જણાવ્યું કે, તેની પ્રોફાઈલ ખૂબ જ હિંસક છે અને તે માથાભારે તત્વોની ટોળકી ચલાવતો હતો.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

# IPLમાં GT vs CSK મેચની ટિકિટોને લઈને નવી સૂચના જાહેર

### ફેન્સ નવી તારીખ માટે પોતાની ટિકિટ જાળવી રાખી શકે અથવા સંપૂર્ણ રિફંડનો વિકલ્પ પસંદ કરી શકે છે



IPL-2026માં BCCIએ જાહેર કરેલા નવા શેડ્યૂલને પગલે, અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાનારી ગુજરાત ટાઇટન્સ અને ચેન્નઈ સુપર કિંગ્સ વચ્ચેની મેચની નવ તારીખો જાહેર કરી હતી. અગાઉ આ મેચ 26 એપ્રિલે યોજાવાની હતી, જે હવે 21 મેના રોજ સાંજે 7:30 વાગ્યે રમાશે. ત્યારે ગુજરાત ટાઇટન્સે ટિકિટ જાળવી રાખવા અથવા રિફંડ મેળવવા અંગેની મહત્વપૂર્ણ સૂચનાઓ જાહેર કરી છે. જે ફેન્સે BookMyShowથી ટિકિટ બુક કરાવી છે, તેમને SMS, વોટ્સએપ અથવા ઈ-મેઈલથી બે વિકલ્પ આપવામાં આવશે. કાં તો તેઓ નવી તારીખ માટે પોતાની ટિકિટ જાળવી રાખી શકે છે અથવા સંપૂર્ણ રિફંડનો વિકલ્પ પસંદ કરી શકે છે. રિફંડ પસંદ કરનાર ફેન્સને કામકાજના 8 થી 10 દિવસમાં રકમ પરત કરવામાં આવશે. આ માટે પ્રતિસાદ આપવાની છેલ્લી તારીખ 20 એપ્રિલ, બપોરે 12 વાગ્યા સુધીની છે. જો આ સમયમર્યાદામાં કોઈ જવાબ નહીં મળે, તો ટિકિટ આપમેળે નવી તારીખ માટે કન્ફર્મ ગણી લેવામાં આવશે.ફિઝિકલ ટિકિટ ધરાવતા ચાહકો માટે રિફંડની પ્રક્રિયા ટિકિટ સફળતાપૂર્વક પરત કર્યા બાદ જ શરૂ કરવામાં આવશે. આ ટિકિટો કેવી રીતે પરત કરવી તેની વિગતવાર જાણકારી 21 એપ્રિલથી બુકમાયશોથી મેસેજ કે ઈ-મેઈલથી આપવામાં આવશે. IPL-2026માં BCCIએ જાહેર કરેલા નવા શેડ્યૂલને પગલે, અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાનારી ગુજરાત ટાઇટન્સ અને ચેન્નઈ સુપર કિંગ્સ વચ્ચેની મેચની નવ તારીખો જાહેર કરી હતી. અગાઉ આ મેચ 26 એપ્રિલે યોજાવાની હતી, જે હવે 21 મેના રોજ સાંજે 7:30 વાગ્યે રમાશે. ત્યારે ગુજરાત ટાઇટન્સે ટિકિટ જાળવી રાખવા અથવા રિફંડ મેળવવા અંગેની મહત્વપૂર્ણ સૂચનાઓ જાહેર કરી છે. જે ફેન્સે BookMyShowથી ટિકિટ બુક કરાવી છે, તેમને SMS, વોટ્સએપ અથવા ઈ-મેઈલથી બે વિકલ્પ આપવામાં આવશે. કાં તો તેઓ નવી તારીખ માટે પોતાની ટિકિટ જાળવી રાખી શકે છે અથવા સંપૂર્ણ રિફંડનો વિકલ્પ પસંદ કરી શકે છે. રિફંડ પસંદ કરનાર ફેન્સને કામકાજના 8 થી 10 દિવસમાં રકમ પરત કરવામાં આવશે. આ માટે પ્રતિસાદ આપવાની છેલ્લી તારીખ 20 એપ્રિલ, બપોરે 12 વાગ્યા સુધીની છે. જો આ સમયમર્યાદામાં કોઈ જવાબ નહીં મળે, તો ટિકિટ આપમેળે નવી તારીખ માટે કન્ફર્મ ગણી લેવામાં આવશે.ફિઝિકલ ટિકિટ ધરાવતા ચાહકો માટે રિફંડની પ્રક્રિયા ટિકિટ સફળતાપૂર્વક પરત કર્યા બાદ જ શરૂ કરવામાં આવશે. આ ટિકિટો કેવી રીતે પરત કરવી તેની વિગતવાર જાણકારી 21 એપ્રિલથી બુકમાયશોથી મેસેજ કે ઈ-મેઈલથી આપવામાં આવશે.

**મેચ મોમેન્ટ્સ**

### જીતેશની સિક્સ પર બોલ બોયનો શાનદાર કેચ

# માર્શે એવી સિક્સ ફટકારી કે બોલ સ્ટેડિયમની બહાર :કોહલી 1 રનથી અડધી સદી ચૂક્યો

### ઈનિંગ્સની પાંચમી ઓવરમાં જોશ હેઝલવુડનો બોલ ઋષભ પંતની કોણી પર વાગ્યો. આ બોલ ઓફ સ્ટમ્પની બહાર હતો

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ IPL 2026ની 23મી મેચમાં લખનઉ સુપર જાયન્ટ્સને 5 વિકેટે હરાવ્યું. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં મિચેલ માર્શે 102 મીટર લાંબો સિક્સર ફટકાર્યો. લખનઉના કેપ્ટન ઋષભ પંત ઈજાગ્રસ્ત થઈને રિટાયર હર્ટ થયા. બુધવારે વિરાટ કોહલી 49 રન બનાવીને આઉટ થતાં અડધી સદી ચૂકી ગયા. મેચમાં રસપ્રદ ક્ષણ ત્યારે જોવા મળી, જ્યારે જીતેશ શર્માના સિક્સર પર બાઉન્ડ્રીની બહાર ઉભેલા બોલ બોયે શાનદાર કેચ પકડ્યો.

1. માર્શનો 102 મીટર લાંબો સિક્સર સ્ટેડિયમની બહાર ગયો

લખનઉની ઈનિંગ્સની ત્રીજી ઓવરમાં મિચેલ માર્શે ભુવનેશ્વર કુમારના બોલ પર સિક્સ ફટકારી. આ શોટ મિડવિકેટ ઉપરથી 102 મીટર દૂર જઈને સ્ટેડિયમની બહાર ગયો. ભુવનેશ્વરે શોર્ટ બોલ ફેંક્યો. માર્શે બેકફૂટ પર જઈને બોલને ડીપ મિડવિકેટની પાર મોકલ્યો.

2. હેઝલવુડના બોલ પર પંત ઘાયલ, રિટાયર હર્ટ થઈને પરત ફર્યા

ઈનિંગ્સની પાંચમી ઓવરમાં જોશ હેઝલવુડનો બોલ ઋષભ પંતની કોણી પર વાગ્યો. આ બોલ ઓફ સ્ટમ્પની બહાર હતો. પંતે શોટ



રમવાનો પ્રયાસ કર્યો, પરંતુ બોલ બેટ સાથે કનેક્ટ ન થયો અને તેમની ડાબી કોણી પર વાગ્યો. આ પછી તેઓ દર્દથી કણસતા જોવા મળ્યા. ફિઝિયો મેદાન પર આવ્યા, પરંતુ પંત રિટાયર હર્ટ થઈને પેવેલિયન પરત ફર્યા.

3. પૂરન-માર્શ અને મુકુલ બોલ્ડ થયા

લખનઉની ઈનિંગ્સમાં ત્રણ મહત્વની વિકેટ પડી, જેના કારણે ટીમ બેકફૂટ પર આવી ગઈ. સાતમી ઓવરના પહેલા બોલ પર જોશ હેઝલવુડે નિકોલસ પૂરનને બોલ્ડ કર્યો. બેક ઓફ લેન્થ બોલ પર પૂરન પુલ શોટ રમવા ગયો. બોલ બેટની કિનારી લઈને સ્ટમ્પ પર વાગ્યો. પૂરન 1 રન બનાવીને આઉટ થયો. ઓવરના પાંચમા બોલ પર કૃણાલ પંડ્યાએ મિચેલ માર્શને બોલ્ડ કર્યો. માર્શ 32 બોલમાં 40 રન બનાવીને પેવેલિયન પરત ફર્યો. 19મી ઓવરના બીજા બોલ પર રસિખ સલામ ડારે મુકુલ ચૌધરીને બોલ્ડ કરીને લખનઉને ઝટકો આપ્યો. ફુલ લેન્થના બોલ પર મુકુલ ઓન સાઈડમાં રમવા આગળ વધ્યા, પરંતુ બોલ ધીમી ગતિએ અંદર આવીને લેગ સ્ટમ્પ ઉખાડી ગયો. મુકુલ 28 બોલમાં 39 રન બનાવીને આઉટ થયા, જેમાં 3 ચોગ્ગા અને 2 છગ્ગા સામેલ હતા.

4. કૃણાલ પંડ્યાએ 100 IPL વિકેટ પૂરી કરી

11મી ઓવરના બીજા બોલ પર કૃણાલ પંડ્યાએ 100 IPL વિકેટ પૂરી કરી. તેમણે અબ્દુલ સમદને આઉટ કરીને આ સિદ્ધિ હાંસલ કરી.

કૃણાલે પેડ્સ લાઈન પર બોલ નાખ્યો. સમદ લેગ સાઈડમાં રમવાનો પ્રયાસ કરી રહ્યો હતો, પરંતુ શોટ ટાઈમ કરી શક્યો નહીં અને બોલ બેટની લીડિંગ એજ લઈને કવરની દિશામાં ગયો, જ્યાં રજત પાટીદારે સરળ કેચ પકડ્યો. સમદ ખાતું ખોલ્યા વિના પેવેલિયન પાછો ફર્યો.

5. સોલ્ટે ડાઈવિંગ કેચ પકડ્યો, પંત આઉટ

16મી ઓવરમાં ઋષભ પંતને પહેલા જીવનદાન મળ્યું, પરંતુ થોડા બોલ પછી તે પેવેલિયન પાછો ફર્યો. બીજા બોલ પર ભુવનેશ્વર કુમારે વાઈડ યોર્કર નાખ્યો. પંતે થર્ડ મેન તરફ શોટ રમવાનો પ્રયાસ કર્યો. બોલ હવામાં ઉછળ્યો, પરંતુ શોર્ટ થર્ડ પર હાજર સુયશ કેચ પકડી શક્યો નહીં અને પંતને જીવનદાન મળ્યું.

ઓવરના પાંચમા બોલ પર ભુવનેશ્વરે લો ફુલ ટોસ નાખ્યો, જેના પર પંતે મિડવિકેટ તરફ ફ્લિક કર્યો, પરંતુ બોલ હવામાં ઉછળી ગયો. ડીપમાંથી દોડતા ફિલ સોલ્ટે આગળ ડાઈવ લગાવીને નીચો કેચ પકડ્યો. પંત 1 રન બનાવીને આઉટ થયો.

6. ડેવિડનો શાનદાર રનિંગ કેચ

18મી ઓવરના ત્રીજા બોલ પર ભુવનેશ્વર કુમારે લખનઉને વધુ એક વિકેટ અપાવી. ભુવનેશ્વરે શોર્ટ બોલ નાખ્યો, જેના પર જ્યોર્જ લિન્ડેએ કટ શોટ રમવાનો પ્રયાસ કર્યો. બોલ બેટના ઉપરના ભાગે લાગ્યો અને બેકવર્ડ પોઈન્ટ ઉપર હવામાં ગયો. ત્યાંથી ટીમ ડેવિડે લાંબી દોડ લગાવીને પાછળ દોડ્યા, બોલ પર નજર રાખી અને ડાબા ખભા ઉપરથી કેચ પકડ્યો. લિન્ડે 7 રન બનાવીને આઉટ થયા અને ભુવનેશ્વરને મેચમાં બીજી વિકેટ મળી.

### ઝડપથી બદલી રહેલા ફોર્મેટમાં જોખમી છે ભુતકાળ

# અજિંક્ય રહાણેની કેપ્ટન્સી છીનવાઈ શકે, રિંકુ સિંહ પણ સદંતર નિષ્ફળ, KKR માટે માથાનો દુ:ખાવો

### જો રહાણેને હટાવવામાં આવે તો કપ્તાન કોણ? રિંકુ સિંહ વાઈસ કેપ્ટન છે, પણ તેનું પોતાનું ફોર્મ અત્યંત ખરાબ છે

કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) માટે IPL 2026 અત્યાર સુધી કોઈ ખરાબ સ્વપ્ન સાબિત થઈ રહ્યું છે. ટીમ માત્ર મેદાન પર જ નથી હારી રહી, પરંતુ તેની રણનીતિ અને નેતૃત્વ પર પણ ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. 5 મેચ અને એક પણ જીત મળી શકી નથી. આ આંકડો KKR ના ચાહકો માટે ચિંતાજનક છે.

KKR ની સૌથી મોટી સમસ્યા એ છે કે, તે વર્તમાન પ્રદર્શન કરતા ભૂતકાળની યાદોમાં વધુ જીવી રહી છે. રિંકુ સિંહે ક્યારેક 5 બોલમાં 5 છક્કા માર્યા હતા, પરંતુ ટીમે એ પીક મોમેન્ટને કાયમી સત્ય માની લીધું છે. પૂર્વ ભારતીય કેપ્ટન કૃષ્ણમાચારી શ્રીકાંતે પણ આકરી ટીકા કરતા કહ્યું કે, રિંકુ સિંહ કોઈ વિસ્ફોટક ફિનિશર નથી. તે સ્ટ્રાઈક રોટેટ કરવામાં સારો છે, પણ




જ્યારે રન રેટ 10-12 પર પહોંચે ત્યારે તે ફેલ જાય છે.

આઈપીએલ 2026ની 4 પારીઓમાં રિંકુનો સ્કોર 33*, 35, 4, અને 6 રન રહ્યો છે. છેલ્લા 26 આઈપીએલ પારીઓમાં તેના નામે એક પણ ફિફટી નથી. તેમ છતાં, 13 કરોડના આ ફિનિશરને ટીમ મેનેજમેન્ટ સતત પ્રમોટ કરી રહ્યું છે, જે હવે આત્મવિશ્વાસ નહીં પણ જિદ જેવું લાગી રહ્યું છે.કેપ્ટન અજિંક્ય રહાણે માટે પણ આ સિઝન અત્યંત મુશ્કેલ બની રહી છે. જો સિઝનની વચ્ચે જ તેની પાસેથી કપ્તાની છીનવી લેવામાં આવે તો નવાઈ નહીં હોય. રહાણેનો આઈપીએલ કપ્તાનીનો રેકોર્ડ ખુબ જ નબળો છે. 43 મેચોમાં કપ્તાની કરી હોવા છતાં તેનો જીતનો દર માત્ર 34.14% છે, જે 30 થી વધુ મેચમાં કપ્તાની કરનાર ખેલાડીઓમાં સૌથી ખરાબ છે. રહાણેની બેટિંગમાં પણ એ આક્રમકતા જોવા નથી મળી રહી જે આજના ઈમ્પેક્ટ પ્લેયરના જમાનામાં જરૂરી છે. તેનો 125 આસપાસનો સ્ટ્રાઈક રેટ ટોપ ઓર્ડર માટે પૂરતો નથી. આ અગાઉ પણ રાજસ્થાન રોયલ્સે રહાણેને વચ્ચે સિઝનમાંથી કપ્તાની પરથી હટાવ્યો હતો, એટલે જો KKR આ નિર્ણય લેશે તો તે રહાણે માટે નવી વાત નહીં હોય.KKR ની વર્તમાન સ્થિતિ પાછળ મેનેજમેન્ટની રિટેન્શન પોલિસી પણ જવાબદાર ગણાઈ રહી છે. જે શ્રેયસ અય્યરે 2024 માં ટીમને ચેમ્પિયન બનાવી હતી, તેને ટીમે રિટેન ન કર્યો અને ઓક્શનમાં પણ તેના પર પૂરતી બોલી લગાવી નહીં. પરિણામે, ટીમે રહાણે જેવા બેકઅપ ઓપ્શનને કેપ્ટન બનાવવો પડ્યો.જો રહાણેને હટાવવામાં આવે તો કપ્તાન કોણ? રિંકુ સિંહ વાઈસ કેપ્ટન છે, પણ તેનું પોતાનું ફોર્મ અત્યંત ખરાબ છે. મનીષ પાંડે છે તેઓ અનુભવી છે પણ પ્લેઈંગ ઈલેવનમાં તેનું સ્થાન નિશ્ચિત નથી. રોવમેન પોવેલ વેસ્ટ ઈન્ડિઝની કપ્તાનીનો અનુભવ છે, પણ વિદેશી ખેલાડી હોવાથી ટીમ કોમ્બિનેશન નડશે.KKR એ હવે સમજવું પડશે કે, ક્રિકેટ યાદો પર નહીં પણ આજના સ્કોરબોર્ડ પર રમાય છે. જો ટીમ સેમિ ફાઈનલની રેસમાં ટકી રહેવા માંગતી હોય, તો તેણે ફ્લેશબેકમાંથી બહાર આવીને સાહસિક નિર્ણયો લેવા પડશે. હવે જોવાનું એ રહેશે કે આગામી મેચમાં કેકેઆર નવા કલેવર સાથે ઉતરે છે કે પછી હારનો સિલસિલો યથાવત રહે છે.

# 'BCCIમાં ગૌતમ ગંભીરના અનેક દુશ્મન, સિલેક્ટર્સ પણ વિરુદ્ધમાં' મુનાફ પટેલના દાવાથી હોબાળો

ભારતીય ટીમના પૂર્વ ખેલાડી મુનાફ પટેલે ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ ગૌતમ ગંભીર અંગે એવો ચોંકાવનારો દાવો કર્યો છે, જેનાથી નવો વિવાદ ઉભો થઈ શકે છે. જોકે મુનાફે મનખોલીને ગંભીરના વખાણ પણ કર્યા છે. મુનાફનું કહેવું છે કે, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)માં ગૌતમ ગંભીરના અનેક દુશ્મન છે, સિલેક્ટર્સ પણ તેમના વિરુદ્ધમાં છે, તેમ છતાં તેઓ માત્ર પોતાના કામ પર ધ્યાન કેન્દ્રીત કરે છે. મુનાફ પટેલે 'બોમ્બે સ્પોર્ટ એક્સચેન્જ'ના પૉડકાસ્ટમાં દાવો કર્યો છે કે, ગૌતમ ગંભીર માત્ર બહારથી જ નહીં, અંદરથી પણ વિરોધનો સામનો કરી રહ્યા છે. અનેક સિલેક્ટર્સ અને કોમેન્ટેટર્સને ગંભીર પસંદ નથી. મુનાફે ગંભીરના વખાણ કરતા કહ્યું છે કે, 'તેમનો કડક સ્વભાવ જ તેમની મોટી શક્તિ છે. તેઓ મોટા નામોથી પ્રભાવિત થતા નથી. તેઓ ટીમમાં શિસ્ત જાળવવા માટે કડક નિર્ણય લેવાથી પણ ખચકાતા નથી. આ જ કારણે ખેલાડીઓ તેમનાથી ડરે પણ છે અને સન્માન પણ કરે છે.'





મુનાફે એવું પણ કહ્યું છે કે, જો ગંભીરને કોચ પદેથી હટાવવામાં આવે તો ટીમ ઈન્ડિયાને સંભાળવી મુશ્કેલ થઈ જશે. તેમના દાવા મુજબ વર્તમાન સમયમાં ગંભીર એવા કોચ છે, જેમણે ખેલાડીઓ પર નિયંત્રણ રાખેલં છે. જો કોચ ખેલાડીઓને મિત્ર બનાવશે તો ટીમની સિસ્ટમ બગડી શકે છે.

પૂર્વ ક્રિકેટરે એમ પણ કહ્યું કે, ગંભીરના આ વલણના કારણે તેમના અનેક દુશ્મનો બની ગયા છે. બીસીસીઆઈમાં પણ તેમના અનેક દુશ્મનો છે. ગંભીરને કોમેન્ટ્રી પેનલના મોટાભાગના લોકો પસંદ કરતા નથી અને 80 ટકા સિલેક્ટર્સ પણ તેમનાથી નાખુશ છે. તેમણે વધુમાં કહ્યું કે, અનેક પડકારો છતાં ગંભીર માત્ર પોતાના કામ પર ધ્યાન કેન્દ્રીત કરે છે. તેઓ કોઈપણ વિવાદને નજરઅંદાજ કરીને ટીમને આગળ વધારી રહ્યા છે. તેમના કોચિંગ હેઠળ ટીમ ઈન્ડિયાએ સફળતા મળી છે, જે એ બાબતોનો પુરાવો છે કે, તેમનું વલણ ભલે કડક હોય, પરંતુ અસરદાર જરૂર છે. આમ તો કોચ ગૌતમ ગંભીરની આગેવાની હેઠળ ટીમ ઈન્ડિયાએ શાનદાર સફળતા મેળવી છે, તેમ છતાં તેઓ હંમેશા ચર્ચામાં રહે છે. ગંભીરને જુલાઈ-2024માં ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ બનાવાયા છે, ત્યારથી અત્યાર સુધીમાં ભારત બે વખત ચેમ્પિયન બન્યું છે. તેની આગેવાની હેઠળ ટીમ ઈન્ડિયા ICC ચેમ્પિયન ટ્રોફી-2025 અને T20 વર્લ્ડકપ-2026માં ચેમ્પિયન બની છે. આ સફળતાઓ છતાં ગંભીર વિરુદ્ધની ટીકાઓ ઓછી થઈ નથી.

# ટીમ ઈન્ડિયામાં થશે મોટો ફેરફાર! સૂર્યકુમાર યાદવને પડતો મુકવાની તૈયારીમાં BCCI?

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ ટીમ ઈન્ડિયામાં મોટો ફેરફાર કરવાની તૈયારીમાં હોવાનો રિપોર્ટ સામે આવ્યો છે. રોહિત શર્માએ T20 ફોર્મેટમાંથી નિવૃત્તિ લીધા બાદ સૂર્યકુમાર યાદવને જવાબદારી સોંપાઈ છે. સૂર્યા હાલ T2 ટીમનો કાયમી કેપ્ટન છે. આમ તો સૂર્યાની આગેવાની હેઠળ ભારત 'ટી20 વર્લ્ડકપ-2026'માં ચેમ્પિયન બન્યું છે, પરંતુ તેના પ્રદર્શનને લઈને હજુ પણ સવાલો ઉઠી રહ્યા છે. આ જ કારણે સૂર્યાને પડતો મુકવાની તૈયારી ચાલી રહી હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી છે. ભારતીય ક્રિકેટ ટીમની આગામી સમયમાં અનેક મેચો રમાવાની છે. ટીમ ઈન્ડિયા લૉસ એન્જલસ ઓલમ્પિક 2028 અને ઓસ્ટ્રેલિયામાં યોજાનાર ટી20 વર્લ્ડકપમાં ભાગ લેવાની છે. આ ઉપરાંત જૂન-જુલાઈમાં ઈંગ્લેન્ડ અને આયરલેન્ડમાં પણ મેચો રમાવાની છે, જેમાં સૂર્યકુમાર યાદવ કેવું પ્રદર્શન કરે છે, તેના પર તેનું ભવિષ્ય નિર્ભર હોવાનું માનવામાં આવી રહ્યું છે.આયર્લેન્ડ-ઈંગ્લેન્ડ સામેની મેચોમાં સૂર્યાના બેટિંગ પાવર પર રહેશે નજર ટીમ ઈન્ડિયા આયર્લેન્ડ જવાની છે, જેમાં 26 અને 28 જૂને બે ટી20 મેચ રમવાની છે. ત્યારપછી ઈંગ્લેન્ડમાં પાંચ ટી20 અને ત્રણ વન-ડે મેચ રમવાની છે. ત્યારે આ મેચોમાં સૂર્યકુમાર યાદવના બેટિંગ પાવર પર સૌની નજર રહેશે.આના પરથી નક્કી થશે કે સૂર્યા 2028 સુધી કેપ્ટન રહેશે કે નહીં. એટલે કે આનાથી સ્પષ્ટ ઈશારો મળી રહ્યો છે કે, સૂર્યાની કેપ્ટનશીપ અને ટીમમાં જગ્યા બંને દાવ પર છે. ગંભીર સૂર્યાના સમર્થનમાં, જોકે ભવિષ્ય પસંદગી સમિતિ ઉપર નિર્ભર ભારતીય ટીમના કોચ ગૌતમ ગંભીર સૂર્યકુમાર યાદવના સમર્થનમાં છે અને તેઓ સૂર્યાને 2028 સુધી કેપ્ટન રાખવાના પક્ષમાં છે. જોકે અજીત અગરકરની આગેવાની હેઠળની પસંદગી સમિતિ સૂર્યા માટે શું નિર્ણય લેશે, તે જોવું મહત્ત્વ છે. ખાસ વાત એ છે કે, જ્યારે ઓલમ્પિક શરુ થશે ત્યારે સૂર્યકુમારની ઉંમર 38 વર્ષ થઈ જશે.બીસીસીઆઈના એક સૂત્રના જણાવ્યા મુજબ, 'સૂર્યકુમાર યાદવ હાલ ટીમ ઈન્ડિયાનો સુકાની છે, પરંતુ તેણે બેટર તરીકે શ્રેષ્ઠ પ્રદર્શન કરવું પડશે. સૂર્યા ઈંગ્લેન્ડ સામેની મેચથી લઈને 2028 સુધી કેવું પ્રદર્શન કરે છે,

## CSK સામે અજિંક્ય રહાણેએ કરી મોટી ભૂલ, BCCI એ ફટકાર્યો લાખોનો દંડ

IPL 2026માં કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) અને તેના કેપ્ટન અજિંક્ય રહાણેની મુસીબતો ઓછી થવાનું નામ નથી લઈ રહી. એક તરફ ટીમ આ સીઝનમાં હજુ સુધી જીતનું ખાતું ખોલી શકી નથી, ત્યાં બીજી તરફ BCCIએ કેપ્ટન રહાણે પર લાખો રૂપિયાનો દંડ ફટકાર્યો છે. મંગળવારે ચેન્નાઈ સુપર કિંગ્સ સામે રમાયેલી મેચમાં હાર બાદ હવે સ્લો ઓવર રેટને કારણે આ આકરી કાર્યવાહી કરવામાં આવી છે.IPL દ્વારા જાહેર કરવામાં આવેલી સત્તાવાર યાદી મુજબ, ચેન્નાઈના ચેપોક સ્ટેડિયમમાં રમાયેલી મેચ દરમિયાન KKRની ટીમ નિયત સમય મર્યાદામાં પોતાની 20 ઓવર પૂરી કરી શકી નહોતી. આ સીઝનમાં KKRની આ પ્રથમ ભૂલ હોવાથી IPL કોડ ઓફ કન્ડક્ટ હેઠળ કેપ્ટન અજિંક્ય રહાણેને 12 લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. મેચ દરમિયાન પણ ટીમને તેની સજા ભોગવવી પડી હતી, જેમાં છેલ્લી ઓવરમાં પેનલ્ટીના ભાગરૂપે બાઉન્ડ્રી લાઈન પર એક ફિલ્ડર ઓછો રાખવાની ફરજ પડી હતી. રહાણે અને KKR માટે હવે સાવધ રહેવાનો સમય છે. જો આ સીઝનમાં બીજી વખત ટીમ સ્લો ઓવર રેટ માટે દોષિત જણાશે તો કેપ્ટન પર દંડ ફટકારાશે. 12 લાખથી વધીને સીધો 24 લાખ રૂપિયા થઈ જશે. પ્લેઈંગ ઈલેવનના તમામ સભ્યો અને ઈમ્પેક્ટ પ્લેયર પર પણ મેચ ફીના 25% અથવા 6-6 લાખ રૂપિયાનો દંડ લાગી શકે છે.કોલકાતાની ટીમ માટે અત્યાર સુધીની સફર ઘણી કઠિન રહી છે. ટીમે 5 માંથી 4 મેચ ગુમાવી છે અને માત્ર એક પોઈન્ટ તેની પાસે છે (પંજાબ સામેની મેચ વરસાદમાં ધોવાઈ ગઈ હતી).

### નેટ્સમાં ધોનીએ આપી હતી ખાસ ટિપ્સ

# IPLમાં સતત ફ્લોપ રહ્યા બાદ ધોનીની એક સલાહે નૂર અહેમદને બનાવ્યો ગેમ ચેન્જર

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2026માં કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) સામે ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK)એ મેળવેલી જીતમાં અફઘાનિસ્તાનના યુવા સ્પિનર નૂર અહેમદની ભૂમિકા સૌથી મહત્ત્વની રહી છે. લાંબા સમયથી ખરાબ ફોર્મ સામે ઝઝૂમી રહેલા નૂરના આ પ્રદર્શન પાછળ 'કેપ્ટન કૂલ' મહેન્દ્ર સિંહ ધોનીનું માર્ગદર્શન નિર્ણાયક સાબિત થયું હોવાનો ઘટસ્ફોટ થયો છે. મેચ બાદ ચેન્નાઈના બોલિંગ કોચ શ્રીધરન શ્રીરામે જણાવ્યું હતું કે, 'નૂર અહેમદની વાપસી પાછળ ધોનીનું તેજ દિમાગ હતું. જાન્યુઆરીથી અત્યાર સુધી માત્ર એક જ વિકેટ ઝડપી શકનાર નૂરને ધોનીએ પ્રેક્ટિસ સેશન દરમિયાન ગૂગલીનો વધુ પડતો ઉપયોગ ટાળવાની અને તેના



લેગ-બ્રેક બોલિંગમાં આત્મવિશ્વાસ રાખવાની સલાહ આપી હતી.'

આ પણ વાંચો: CSK સામે અજિંક્ય રહાણેએ કરી મોટી ભૂલ, BCCI એ ફટકાર્યો લાખોનો દંડ

મેચના આગલા દિવસે યોજાયેલા લાંબા નેટ સેશનમાં મુખ્ય કોચ સ્ટીફન ફ્લેમિંગ અને એમ.એસ. ધોનીએ નૂરની બોલિંગ પર બારીકાઈથી નજર રાખી હતી. ધોની નેટની પાછળ ઊભા રહીને દરેક બોલનું નિરીક્ષણ કરી રહ્યો હતો. આ સેશનના અંતે થયેલી વિગતવાર ચર્ચાની અસર બીજા જ દિવસે મેદાન પર દેખાઈ, જ્યાં નૂરે 4 ઓવરમાં માત્ર 21 રન આપીને 3 મહત્ત્વની વિકેટ ઝડપી અને 'પ્લેયર ઓફ ધ મેચ' બન્યો. ગયા વર્ષે 24મી વિકેટ ઝડપનાર નૂર આ સીઝનમાં પોતાની લાઈન-લેન્થ ગુમાવી બેઠો હતો, જેના કારણે તેને ટી20 વર્લ્ડ કપની અફઘાનિસ્તાનની પ્લેઈંગ ઈલેવનમાં પણ સ્થાન મળ્યું ન હતું. જોકે, KKR સામે તેણે ધોનીના માર્ગદર્શન હેઠળ પોતાની વ્યૂહનીતિ બદલી હતી. જેમાં બોલની ગતિમાં ઘટાડો કર્યો. બોલ પર વધુ સાઈડ સ્પિન ઉમેર્યા અને બોલને ડ્રોપ કરવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.કોચ શ્રીરામે વધુમાં ઉમેર્યું કે, 'સ્પિનરો જો રક્ષણાત્મક માનસિકતા સાથે બોલિંગ કરે તો બેટ્સમેનો હાવી થઈ જાય છે. પરંતુ નૂરે આક્રમક અભિગમ અપનાવ્યો અને પિચ પરથી ટર્ન મેળવવા પર ધ્યાન આપ્યું.

સારા વિઝ્યુઅલ એક્સપિરિયન્સ માટે મેકર્સે નિર્ણય લીધો, ચાહકોએ હજુ બે મહિના રાહ જોવી પડશે

# રામ ચરણ-જાહ્નવી કપૂરની ફિલ્મ 'પેદ્દી'ની રિલીઝ ટળી

## મેકર્સનું કહેવું છે કે, તેઓ દર્શકોને શ્રેષ્ઠ અનુભવ આપવા માંગે છે, તેથી ટેકનિશિયન અને પોસ્ટ-પ્રોડક્શન ટીમને થોડો વધુ સમય આપવામાં આવ્યો છે

RRR' સ્ટાર રામ ચરણની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'પેદ્દી'ની રિલીઝ ડેટ આગળ વધારી દેવામાં આવી છે. મેકર્સે વધુ સારા થિયેટ્રિકલ એક્સપિરિયન્સ અને પોસ્ટ-પ્રોડક્શનના કામને પૂરું કરવા માટે આ નિર્ણય લીધો છે. હવે આ ફિલ્મ આ જ વર્ષે જૂનમાં સિનેમાઘરોમાં દસ્તક દેશે. પહેલાં ફિલ્મ 27 માર્ચે થિયેટર્સમાં રિલીઝ થવાની હતી. ફિલ્મના ડિરેક્ટર બુચી બાબુએ જણાવ્યું કે, રિલીઝ ડેટ જલદી જ જાહેર કરવામાં આવશે.

'પેદ્દી' ફિલ્મમાં રામ ચરણની સાથે બોલિવૂડ એક્ટ્રેસ જાહ્નવી કપૂર પણ જોવા મળશે. ફિલ્મનું કામ લગભગ પૂરું થઈ ગયું છે, પરંતુ એક નાનો ભાગ હજુ બાકી છે. મેકર્સનું કહેવું છે કે, તેઓ દર્શકોને શ્રેષ્ઠ અનુભવ આપવા માંગે છે, તેથી ટેકનિશિયન અને પોસ્ટ-પ્રોડક્શન ટીમને થોડો વધુ સમય આપવામાં આવ્યો છે. ફિલ્મની ટીમે સોશિયલ મીડિયા પર એક નોટ શેર કરીને ફેન્સને આ બદલાવની જાણકારી આપી.

ફિલ્મ રિલીઝ થાય તે પહેલા જ તેના ગીતો ઈન્ટરનેટ પર ટ્રેન્ડ કરી રહ્યા છે. ઓસ્કર વિજેતા સંગીતકાર એ.આર. રહેમાન દ્વારા તૈયાર કરાયેલું પહેલું ગીત 'ચિકિરી ચિકિરી' તમામ પ્લેટફોર્મ્સ પર 200 મિલિયન (20 કરોડ)થી વધુ વ્યૂઝ પાર કરી ચૂક્યું છે. જ્યારે, બીજું ગીત 'રાય રાય રા રા' એક હાઈ-એનર્જી ટ્રેક છે, જેને યુટ્યુબ પર અત્યાર સુધીમાં 47 મિલિયનથી વધુ વ્યૂઝ મળી ચૂક્યા છે.

ફિલ્મમાં રામ ચરણનો એકદમ અલગ અને દમદાર અવતાર જોવા મળશે. તાજેતરમાં 'પેદ્દી પહેલવાન' લુક રિલીઝ કરવામાં આવ્યો હતો.







ફિલ્મના ટીઝર અને પોસ્ટરોએ પહેલેથી જ ફિલ્મની દમદાર વાર્તાની ઝલક આપી દીધી છે. તાજેતરમાં 'પેદ્દી પહેલવાન'નો લુક રિવીલ કરવામાં આવ્યો હતો. તાજેતરમાં 'પેદ્દી પહેલવાન'નો લુક રિવીલ કરવામાં આવ્યો હતો.જહાન્વી કપૂર અને દિવ્યેન્દુ પણ જોવા મળશે બુચી બાબુ સના દ્વારા લખાયેલી અને ડિરેક્ટ થયેલી આ ફિલ્મમાં જાહ્નવી કપૂર લીડ રોલમાં છે. તેના સિવાય ફિલ્મમાં કન્નડ સુપરસ્ટાર શિવ રાજકુમાર, દિવ્યેન્દુ શર્મા અને જગપતિ બાબુ જેવા કલાકારો પણ મહત્વપૂર્ણ ભૂમિકાઓમાં જોવા મળશે. ફિલ્મનું નિર્માણ વૃદ્ધિ સિનેમા અને મૈત્રી મૂવી મેકર્સના બેનર હેઠળ કરવામાં આવી રહ્યું છે. ફિલ્મની નવી રિલીઝ ડેટ આવ્યા પછી હવે ચાહકો જૂનની રાહ જોઈ રહ્યા છે. ફિલ્મ રિલીઝ થાય તે પહેલા જ તેના ગીતો ઈન્ટરનેટ પર ટ્રેન્ડ કરી રહ્યા છે. ઓસ્કર વિજેતા સંગીતકાર એ.આર. રહેમાન દ્વારા તૈયાર કરાયેલું પહેલું ગીત 'ચિકિરી ચિકિરી' તમામ પ્લેટફોર્મ્સ પર 200 મિલિયન (20 કરોડ)થી વધુ વ્યૂઝ પાર કરી ચૂક્યું છે. જ્યારે, બીજું ગીત 'રાય રાય રા રા' એક હાઈ-એનર્જી ટ્રેક છે, જેને યુટ્યુબ પર અત્યાર સુધીમાં 47 મિલિયનથી વધુ વ્યૂઝ મળી ચૂક્યા છે.

ફિલ્મમાં રામ ચરણનો એકદમ અલગ અને દમદાર અવતાર જોવા મળશે. તાજેતરમાં 'પેદ્દી પહેલવાન' લુક રિલીઝ કરવામાં આવ્યો હતો. ફિલ્મના ટીઝર અને પોસ્ટરોએ પહેલેથી જ ફિલ્મની દમદાર વાર્તાની ઝલક આપી દીધી છે. તાજેતરમાં 'પેદ્દી પહેલવાન'નો લુક રિવીલ કરવામાં આવ્યો હતો. તાજેતરમાં 'પેદ્દી પહેલવાન'નો લુક રિવીલ કરવામાં આવ્યો હતો.જહાન્વી કપૂર અને દિવ્યેન્દુ પણ જોવા મળશે બુચી બાબુ સના દ્વારા લખાયેલી અને ડિરેક્ટ થયેલી આ ફિલ્મમાં જાહ્નવી કપૂર લીડ રોલમાં છે. તેના સિવાય ફિલ્મમાં કન્નડ સુપરસ્ટાર શિવ રાજકુમાર, દિવ્યેન્દુ શર્મા અને જગપતિ બાબુ જેવા કલાકારો પણ મહત્વપૂર્ણ ભૂમિકાઓમાં જોવા મળશે. ફિલ્મનું નિર્માણ વૃદ્ધિ સિનેમા અને મૈત્રી મૂવી મેકર્સના બેનર હેઠળ કરવામાં આવી રહ્યું છે. ફિલ્મની નવી રિલીઝ ડેટ આવ્યા પછી હવે ચાહકો જૂનની રાહ જોઈ રહ્યા છે.

ગીત સાથે જોડાયેલી રસપ્રદ વાતો વર્ણવી, ખેસારી લાલ યાદવને દગો આપવા અંગે એક્ટ્રેસનો ખુલાસો

# 'સાડ્ડી ફરમાઈશ'માં આકાંક્ષા પુરી-અશ્મિત પટેલની બોલ્ડ કેમેસ્ટ્રી



તાજેતરમાં રિલીઝ થયેલા ગીત 'સાડ્ડી ફરમાઈશ'ને લઈને એક્ટ્રેસ આકાંક્ષા પુરી અને એક્ટર અશ્મિત પટેલ ચર્ચામાં છે. આ ગીતમાં બંનેની ફ્રેશ અને હોટ કેમેસ્ટ્રી દર્શકોને ખૂબ પસંદ આવી રહી છે. ગીતના વિઝ્યુઅલ્સ અને મ્યુઝિકે મળીને એક અલગ જ માહોલ બનાવી દીધો છે. દિવ્ય ભાસ્કર સાથેની ખાસ વાતચીતમાં આકાંક્ષા પુરીએ ગીતના અનુભવ, અશ્મિત સાથેની પોતાની ટ્યુનિંગ અને શૂટિંગના કિસ્સા શેર કર્યા. આ દરમિયાન તેણે ખેસારી લાલ યાદવ સાથેની પોતાની હિટ જોડી અને કેમેસ્ટ્રી પર પણ ખૂલીને વાત કરી છે. આકાંક્ષા પુરીએ 2015માં 'કેલેન્ડર ગર્લ્સ'થી ડેબ્યૂ કર્યું હતું. હાલમાં તે 'સો લોન્ગ વેલી' ક્રાઈમ થ્રિલરને લઈને પણ ચર્ચામાં હતી. 'સાડ્ડી ફરમાઈશ' ગીતને તમે બંને કેવા પ્રકારનું ગીત માનો છો અને તે દર્શકોના મૂડ સાથે કેવી રીતે કનેક્ટ થાય છે?

આકાંક્ષાઃ આ ગીત એવું છે જેને દરેક મૂડમાં સાંભળી શકાય છે. તમે ગમે ત્યાં હોવ, ગમે તે વાતાવરણમાં હોવ, આ ગીત બંધ બેસે છે. તેને સાંભળતા જ વાઈબ બની જાય છે.

આ ગીત માટે તમે બંને સાથે કેવી રીતે આવ્યા અને તેની પાછળની આખી વાર્તા શું છે?

આકાંક્ષાઃ પ્રોડ્યુસરની માંગ હતી કે લીડ એક્ટર્સ ફિટ અને સારા દેખાવવાળા હોય. હું પહેલાથી જ લોક થઈ ગઈ હતી, પરંતુ મારા કો-એક્ટરનું નામ જણાવવામાં આવ્યું ન હતું. જ્યારે ખબર પડી કે અશ્મિત પટેલ છે, ત્યારે મને ખાતરી થઈ ગઈ કે ગીત શાનદાર બનશે.

જ્યારે તમને આ ગીત ઓફર થયું ત્યારે તમને તેમાં શું ખાસ લાગ્યું અને તમે તેને તરત જ કરવાનો નિર્ણય કેમ લીધો?

અશ્મિતઃ જ્યારે મને અપ્રોચ કરવામાં આવ્યો, ત્યારે આકાંક્ષા પુરી પહેલાથી જ ઓનબોર્ડ હતી. ગીત અને તેનો કોન્સેપ્ટ મને ખૂબ ગમ્યો. ડિરેક્ટર્સને પૂરી સ્પષ્ટતા હતી, તેથી આ મારા માટે સરળ નિર્ણય હતો.

'સાડ્ડી ફરમાઈશ' ગીતમાં અશ્મિત પટેલ અને આકાંક્ષા પુરીની કેમેસ્ટ્રી દર્શકોને પસંદ પડી રહી છે.

'સાડ્ડી ફરમાઈશ' ગીતમાં અશ્મિત પટેલ અને આકાંક્ષા પુરીની કેમેસ્ટ્રી દર્શકોને પસંદ પડી રહી છે.

શૂટિંગ દરમિયાન કોઈ એવો ખાસ કે મજેદાર કિસ્સો જે તમને આજે પણ યાદ હોય?

અશ્મિતઃ મારે શર્ટલેસ સીન કરવાનો હતો, તેથી મેં આખો દિવસ કંઈ ખાધું ન હતું. તે શોટ રાત્રે 3 વાગ્યે થયો અને પેકઅપ 4 વાગ્યે. તે પછી સવારે 6 વાગ્યે આકાંક્ષા પુરીએ મને પરાઠા ખવડાવ્યા, તે ક્ષણ યાદગાર હતી.

શું ફિટનેસ અને લુક્સને લઈને તમારા બંને વચ્ચે ક્યારેય હેલ્ધી કોમ્પિટિશન પણ જોવા મળી?

અશ્મિતઃ ખૂબ જ! આકાંક્ષા પુરી પોતાના એબ્સને લઈને મને પ્રભાવિત કરતી હતી.

શું દર્શકોને આવનારા સમયમાં તમારા બંનેની જોડી ફરીથી કોઈ પ્રોજેક્ટમાં સાથે જોવા મળશે?

આકાંક્ષાઃ અમને સાથે ઘણી ઑફર્સ મળી રહી છે, ખાસ કરીને OTT તરફથી. આશા છે કે ટૂંક સમયમાં અમે ફરી કોઈ પ્રોજેક્ટમાં સાથે જોવા મળીશું.

અશ્મિતઃ મને પણ લાગે છે કે અમે ટૂંક સમયમાં કોઈ ફિલ્મ કે પ્રોજેક્ટમાં સાથે કામ કરીશું કારણ કે લોકોને અમારી કેમેસ્ટ્રી પસંદ આવી રહી છે.

ભોજપુરી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ખેસારી લાલ યાદવ અને આકાંક્ષા પુરીને 'ફિટનેસ જોડી' તરીકે ઓળખવામાં આવે છે.

ભોજપુરી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ખેસારી લાલ યાદવ અને આકાંક્ષા પુરીને 'ફિટનેસ જોડી' તરીકે ઓળખવામાં આવે છે.

તમારી અને ખેસારી લાલ યાદવની જોડી પહેલાથી જ હિટ રહી છે, ત્યારે આ નવા ગીત પછી જે કમેન્ટ્સ આવી કે તમે તેમને 'દગો' આપી રહ્યા છો, તેના પર તમારું શું કહેવું છે?

'સૈયારા'નો જાદુ ફરી ચાલશે!

# અહાન પાંડે અને અનીત પડ્ડા સાથે મોહિત સૂરી રોમેન્ટિક ફિલ્મ બનાવશે, 2027માં રિલીઝ થશે



યશ રાજ ફિલ્મ્સ (YRF) ની હિટ ફિલ્મ 'સૈયારા'ની ટીમ ફરી એકવાર સાથે આવી ગઈ છે. ડિરેક્ટર મોહિત સૂરી, અહાન પાંડે અને અનીત પડ્ડાની જોડી એક નવી ઈન્ટેન્સ રોમેન્ટિક ફિલ્મમાં ફરી સાથે જોવા મળશે. 'સૈયારા'ની રેકોર્ડ તોડ કમાણી પછી આ નવી ફિલ્મથી પણ દર્શકોને તેવી જ કેમેસ્ટ્રી અને હિટ મ્યુઝિકની અપેક્ષા છે. આ ફિલ્મ પણ યશ રાજ ફિલ્મ્સના બેનર હેઠળ બનાવવામાં આવશે. મેકર્સ તેને 2027માં દુનિયાભરના સિનેમાઘરોમાં રિલીઝ કરવાની યોજના બનાવી રહ્યા છે.મોહિત સૂરી અને યશરાજ ફિલ્મ્સ ફરી અહાન પાંડે અને અનીત પડ્ડા સાથે કામ કરવા તૈયાર થયા છે. અહાન અને અનિતની જોડી ફરી સાથે જોવા મળશેઅહાન પાંડે અને અનિત પડ્ડાની જોડી 'સૈયારા' પછીથી જ ઘણી લોકપ્રિય બની ગઈ છે. મેકર્સનું માનવું છે કે, આ નવી ફિલ્મમાં પણ દર્શકોને તેમની એ જ આકર્ષક કેમેસ્ટ્રી અને સહજ અભિનય જોવા મળશે. ફિલ્મની વાર્તા એક ભાવનાત્મક અને યાદગાર સફર જેવી હશે, જેમાં સંગીતનો મોટો રોલ હશે.

'સૈયારા' 18 જુલાઈ 2025ના રોજ રિલીઝ થઈ હતી. 'સૈયારા' 18 જુલાઈ 2025ના રોજ રિલીઝ થઈ હતી. આ ફિલ્મને લઈને ડિરેક્ટર મોહિત સૂરી ખૂબ ઉત્સાહિત છે. તેમણે કહ્યું, 'મારા માટે લવ સ્ટોરીઝ હંમેશા ખાસ રહી છે. જ્યારે લાગણીઓ એટલી ઊંડી થઈ જાય કે, તેમને અવગણવી મુશ્કેલ હોય, ત્યારે જ વાર્તા કહેવાની સાચી મજા છે.' ''સૈયારા'ની ટીમ સાથે ફરીથી કામ કરવું ઘર વાપસી જેવું છે. હું પોતાને એક નવા કલાકારની જેમ અનુભવી રહ્યો છું, આશા છે કે આ વખતે પણ મારું સંગીત લોકોના દિલને સ્પર્શશે.' ભારતીય સિનેમાના ઈતિહાસમાં 'સૈયારા' સૌથી વધુ કમાણી કરનારી લવ સ્ટોરીઝમાંની એક તરીકે ઉભરી આવી હતી. સંપૂર્ણપણે નવા કલાકારો સાથે બનેલી આ ફિલ્મે ભારતમાં 338 કરોડ રૂપિયા (નેટ) અને વિશ્વભરમાં લગભગ 580 કરોડ રૂપિયાનું ગ્રોસ કલેક્શન કર્યું હતું. 'સૈયારા' 18 જુલાઈ 2025ના રોજ રિલીઝ થઈ હતી. 'સૈયારા' 18 જુલાઈ 2025ના રોજ રિલીઝ થઈ હતી. આ ફિલ્મને લઈને ડિરેક્ટર મોહિત સૂરી ખૂબ ઉત્સાહિત છે. તેમણે કહ્યું, 'મારા માટે લવ સ્ટોરીઝ હંમેશા ખાસ રહી છે. જ્યારે લાગણીઓ એટલી ઊંડી થઈ જાય કે, તેમને અવગણવી મુશ્કેલ હોય, ત્યારે જ વાર્તા કહેવાની સાચી મજા છે.' ''સૈયારા'ની ટીમ સાથે ફરીથી કામ કરવું ઘર વાપસી જેવું છે. હું પોતાને એક નવા કલાકારની જેમ અનુભવી રહ્યો છું, આશા છે કે આ વખતે પણ મારું સંગીત લોકોના દિલને સ્પર્શશે.' ભારતીય સિનેમાના ઈતિહાસમાં 'સૈયારા' સૌથી વધુ કમાણી કરનારી લવ સ્ટોરીઝમાંની એક તરીકે ઉભરી આવી હતી. સંપૂર્ણપણે નવા કલાકારો સાથે બનેલી આ ફિલ્મે ભારતમાં 338 કરોડ રૂપિયા (નેટ) અને વિશ્વભરમાં લગભગ 580 કરોડ રૂપિયાનું ગ્રોસ કલેક્શન કર્યું હતું.

'રહેમાન ડકૈતનો રોલ અક્ષયને બદલે તારે કરવો જોઈતો હતો'

# શત્રુઘ્ન સિંહાએ ગુલશન ગ્રોવરને 'ધુરંધર' માટે પરફેક્ટ ગણાવ્યા, 'બેડ મેન'એ પણ સંમતિ દર્શાવી



'ધુરંધર'માં અક્ષય ખન્નાનો રહેમાન ડકૈતનો રોલ બોલિવૂડના 'બેડ મેન' ગુલશન ગ્રોવરે કરવો જોઈતો હતો, તેવી ઈચ્છા પીઢ એક્ટર શત્રુઘ્ન સિંહાએ વ્યક્ત કરી છે. આ વાત ગુલશન ગ્રોવરે જણાવી છે. વાસ્તવમાં, ગુલશન ગ્રોવર આ દિવસોમાં તેમની આગામી સિરીઝ 'મટકા કિંગ'નું પ્રમોશન કરી રહ્યા છે. આ દરમિયાન તેમણે ઈન્ડસ્ટ્રીમાં જૂના ટ્રેન્ડ્સની વાપસી પર વાત કરી. 'ઈન્ડિયા ટુડે' સાથેની વાતચીતમાં ગ્રોવરે કહ્યું કે, 'સિનેમા એક એવા સમયગાળામાંથી પસાર થઈ રહ્યું છે, જ્યાં જૂની શૈલીઓ, પાત્રો અને વાર્તા કહેવાની રીતો ફરીથી પાછી આવી રહી છે. ફેશનથી લઈને ફિલ્મો સુધી, નોસ્ટાલ્જિયાની અસર સ્પષ્ટ દેખાઈ રહી છે.' એક્ટરે કહ્યું કે, 'આજકાલ બેલ-બોટમ જેવા જૂના ફેશન ટ્રેન્ડ પાછા આવી રહ્યા છે. સાથે જ ઘણા જૂના ગીતો રીમેક તરીકે પાછા આવી રહ્યા છે અને પર્ફોર્મન્સ-ડ્રિવન સિનેમા પણ ફરીથી જોવા મળી રહ્યું છે.' ગુલશન ગ્રોવરે તાજેતરમાં થયેલા એક ડિનરનો ઉલ્લેખ કર્યો, જેમાં શત્રુઘ્ન સિંહા, રાકેશ રોશન હાજર હતા. તેમણે જણાવ્યું કે, 'ડિનરમાં શત્રુઘ્ન સિંહાએ ફિલ્મ 'ધુરંધર'નો ઉલ્લેખ કરતા કહ્યું કે, મારે તેમાં હોવું જોઈતું હતું.' ગ્રોવરના મતે, 'સિંહાએ એમ પણ કહ્યું કે જો તું રહેમાન ડકૈતનો રોલ ભજવતો, તો વધુ સારું થાત.' આના પર ગુલશન ગ્રોવરે સહમતિ દર્શાવી અને કહ્યું કે, 'પબ્લિક પણ આ વાત સાથે સહમત છે. 'ધુરંધર'માં અક્ષય ખન્નાએ રહેમાન ડકૈતની ભૂમિકા ભજવી હતી, જે પાકિસ્તાનના કુખ્યાત ગેંગસ્ટર રહેમાન બલોચ પર આધારિત હતો. 'ધુરંધર'માં અક્ષય ખન્નાએ રહેમાન ડકૈતની ભૂમિકા ભજવી હતી, જે પાકિસ્તાનના કુખ્યાત ગેંગસ્ટર રહેમાન બલોચ પર આધારિત હતો.ગુલશન ગ્રોવરે 'ધુરંધર'નું ઉદાહરણ આપતા કહ્યું કે, 'જૂના જમાનાના રોલ અને ફિલ્મી એલિમેન્ટ્સ આજે ફરીથી ફિલ્મોમાં પાછા ફરી રહ્યા છે. તે સમયની ઘણી વિશેષતાઓ હવે ફરીથી દેખાઈ રહી છે.'જે પાકિસ્તાનના કુખ્યાત ગેંગસ્ટર રહેમાન બલોચ પર આધારિત હતો.ગુલશન ગ્રોવરે 'ધુરંધર'નું ઉદાહરણ આપતા કહ્યું કે, 'જૂના જમાનાના રોલ અને ફિલ્મી એલિમેન્ટ્સ આજે ફરીથી ફિલ્મોમાં પાછા ફરી રહ્યા છે. તે સમયની ઘણી વિશેષતાઓ હવે ફરીથી દેખાઈ રહી છે.'

માયથોલોજિકલ હોરર કોમેડીમાં જોવા મળશે યામી

# નઈ નવેલી'ની મૉડર્ન પણ પૌરાણિક માન્યતાઓ સાથે જોડાયેલી છે સ્ટોરી

કન્ટેન્ટ-ડ્રિવન સિનેમા માટે જાણીતી યામી ગૌતમ હવે પોતાની કારકિર્દીના સૌથી અલગ અને સાહસિક પ્રોજેક્ટ તરફ આગળ વધી ચૂકી છે. ફિલ્મ ગલિયારામાં ચર્ચા છે કે તેણે દિગ્ગજ નિર્માતા-નિર્દેશક આનંદ એલ. રાય સાથે એક માયથોલોજિકલ હોરર કોમેડી 'નઈ નવેલી' માટે હાથ મિલાવ્યા છે. આ ફિલ્મ લોક કથાઓ અને આધુનિક વાર્તા કહેવાના ફોર્મેટનું અનોખું મિશ્રણ હશે, જેમાં ટેકનિકલ સ્તરે સાઉથ સિનેમાની મજબૂત ભાગીદારી જોવા મળશે. સૂત્રો અનુસાર, ફિલ્મનું શૂટિંગ મુંબઈના માલવણી વિસ્તારમાં છેલ્લા એક અઠવાડિયાથી ઝડપથી ચાલી રહ્યું છે. આ પ્રોજેક્ટ આનંદ એલ. રાયના બેનર કલર યલો પ્રોડક્શન્સ હેઠળ બનાવવામાં આવી રહ્યો છે. ખાસ વાત એ છે કે આ ફિલ્મ પર લગભગ બે વર્ષથી સિક્રેટ પ્રોડક્શનનું કામ ચાલી રહ્યું હતું. વાર્તા વર્તમાન સમયમાં સેટ છે, પરંતુ તેના મૂળ હજારો વર્ષ જૂની પૌરાણિક માન્યતાઓ સાથે જોડાયેલા હોવાનું કહેવાય છે, જે તેને એક અલગ સિનેમેટિક ઓળખ આપશે. ફિલ્મનો કેનવાસ આધુનિક સમયનો છે, જ્યાં મેરઠના બેકગ્રાઉન્ડમાં એક નવવિવાહિત વહુના ઘરમાં આવ્યા પછી રહસ્યમય ઘટનાઓનો સિલસિલો શરૂ થાય છે. આ વાર્તા કોઈ લૂંટેરી દુલ્હન કે ગ્રે શેડવાળા પાત્ર પર નથી, પરંતુ એક ફેમિલી એન્ટરટેઈનર છે, જેમાં હોરર અને કોમેડી સાથે ભાવનાત્મક તત્વો પણ છે. ફિલ્મની સૌથી મોટી ખાસિયત તેની ટેકનિકલ ક્રૂ છે, જેમાં સાઉથ સિનેમાના મોટા નામો સામેલ છે. રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા સંગીતકાર જી.વી. પ્રકાશ કુમાર આનાથી હિન્દી સિનેમામાં ડેબ્યૂ કરવા જઈ રહ્યા છે અને કારણ કે ફિલ્મ મ્યુઝિકલ ટોન ધરાવે છે, તેથી તેમનું સંગીત તેનો આત્મા માનવામાં આવી રહ્યું છે. 'આર્ટિકલ 370' પછી યામી ફરી એકવાર એક્શન અવતારમાં જોવા મળશે. ફિલ્મની સ્ક્રિપ્ટ દિવ્ય નિધિ શર્માએ લખી છે. તેમણે આ સ્ક્રિપ્ટમાં હોરર અને કોમેડી વચ્ચે એક બારીક સંતુલન તૈયાર કર્યું છે. વાર્તા ફક્ત ડરાવવા પૂરતી મર્યાદિત નથી, પરંતુ ભારતીય લોક કથાઓના તે ગહન પક્ષને સામે લાવે છે, જે હજારો વર્ષ જૂની પૌરાણિક કથાઓને આજ સાથે જોડે છે.યામી ફિલ્મ 'ધુરંધરઃ ધ રિવેન્જ' માં પણ જોવા મળી. તેની સફળતાએ તેના કરિયરને નવી મજબૂતી આપી છે. 'ધુરંધર 2' માં તેના કેમિયોને જે રીતે વખાણવામાં આવ્યો, તેણે તેના એક્શન-બ્રાન્ડને વધુ મજબૂત કર્યો છે. ટ્રેડ એનાલિસ્ટ્સનું માનવું છે કે 'નઈ નવેલી' 2026 ના અંત સુધીમાં રિલીઝ થઈ શકે છે અને તેના કોન્સેપ્ટને કારણે સ્લીપર હિટ બનવાની ક્ષમતા ધરાવે છે. સૂત્રો અનુસાર, યામીનું 2027નું શેડ્યૂલ સંપૂર્ણપણે મોટા પ્રોજેક્ટ્સથી ભરેલું છે. વર્ષની શરૂઆતમાં તે એક સ્પાય થ્રિલરમાં જોવા મળશે. આમાં તેનો કિરદાર એક હાઈ-પ્રોફાઈલ ઈન્ટેલિજન્સ ઓફિસરનો હશે. પછી 2027ના અંત સુધીમાં પતિ આદિત્ય ધરના નિર્દેશનમાં એક ભવ્ય એક્શન ફિલ્મ પણ આવશે જે 'ધુરંધર' યુનિવર્સને વધુ વિસ્તૃત કરશે.

